ગ્રામ્ય આવૃત્તિ પાના:૧૨
પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY



# અબતક ®

સાંધ્ય દૈનિક
તા. ૧૦-૧૦-૨૦૨૬, શનિવાર વર્ષ: ૧૫, અંક : ૧૮૬
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia



### ''કોકરોચ''ના આંદોલનમાં ડાબેરીઓ અને ''આપ'' જોડાયા: કોંગ્રેસે અંતર રાખ્યું

# દિલ્હીમાં અભેદ કિલ્લેબંધી: એરપોર્ટ પરથી જ અભિજીત દીપકેની અટકાયત

### સીજેપીના પદાધિકારીઓ આષુતોષ રાકા અને સૌરભ દાસન સહિત ૧૦૦૦થી વધુ પ્રદર્શનકારીઓની પણ અટકાયત
### વિરોધીઓ જંતર-મંતર પહોંચે તે પહેલા જ પોલીસ વધુ એલર્ટ બની: યુ-ટ્યુબરોની પણ અટકાયત કરાઈ

## રાજધાની થંભી ગઈ: મેટ્રો સેવા, ઈન્ટરનેટ સેવા બંધ, ૧૦ લાખથી વધુ વેપારીઓને અસર

**અબતક, રાજકોટ**

ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારના રાજીનામાની ઉગ્ર માંગ સાથે આજથી કોકરોચ પાર્ટી દ્વારા આંદોલન શરૂ કરવામાં આવ્યું છે. જેના કારણે રાજધાની નવી દિલ્હી અભેદ કિલ્લામાં ફેરવાઈ ગયું છે. આંદોલનમાં તમામ રાજકીય પક્ષો પોતાના રાજકીય રોટલા શેકી રહ્યા છે. કોકરોચના આંદોલનમાં ડાબેરીઓ પક્ષો અને આમ આદમી પાર્ટી સહિતના રાજકીય પક્ષો જોડાયા છે. જ્યારે કોંગ્રેસે આંદોલનથી અંતર જાળવ્યું છે. દિલ્હીમાં મેટ્રો સેવા ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી છે. પોલીસ દ્વારા ૧૦૦૦થી વધુ પ્રદર્શનકારીઓની અટકાયત કરી લેવામા આવી છે.

દિલ્હી એરપોર્ટ પર ઉતરાણ કરતાની સાથે જ સીજેપીના અભિજીત દીપકે, આશુતોષરાકા અને સૌરભ દાસ સહિતના પદાદિકારીઓની પોલીસ દ્વારા અટકાયત કરી લેવામાં આવી છે.

## જંતર મંતરથી રાહુલનું અંતર ચેન્નાઈમાં 'છાત્રો કી ગુંજ'માં હાજર

જ્ઞાનેશ કુમારના નેતૃત્વ હેઠળ ઈસીના કાર્યપદ્ધતિ વિરુદ્ધ આજે પ્રદર્શનમાં જોડાવા માટે કોકરોચ જનતા પાર્ટી દ્વારા તમામ વિપક્ષી પક્ષોને આમંત્રણ આપવામાં આવ્યું હતું, જેમાં ફક્ત ડાબેરીઓ, મમતા બેનર્જીની તૃણમૂલ અને આપ ખુલ્લેઆમ તેમના આંદોલનને સમર્થન આપ્યું હતું. આ બધાની વચ્ચે, કોંગ્રેસ સીજેપીના વિરોધ પ્રદર્શનથી અંતર જાળવી રહી છે; રાહુલ ગાંધી શનિવારે 'છ છાત્રો કી ગૂંજ' (વિદ્યાર્થીઓનો અવાજ) કાર્યક્રમના આગામી તબક્કા માટે ચેન્નાઈમાં હાજર રહેશે.

૧૦૦૦થી વધુ પ્રદશનકારીઓ હાલ પોલીસની (અનુ. આઠમા પાને)

## ભારતના યુવાનોને રોકી શકાતા નથી: કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાનના બોલ બદલ્યા

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારકુની કામગીરી પર સવાલો ઉઠ્યા બાદ કેન્દ્રીય મંત્રી ચિરાગે પાસવાને સ્પષ્ટતા માંગી હતી. પરંતુ ચૂંટણી પંચે નિર્ણયો સર્વસંમતિથી લેવાયા હોવાનું જણાવતું નિવેદન બહાર પાડ્યા બાદ તેઓ પીછેહઠ કરી ગયા હતા.તેઓએ ગઈકાલે એવું નિવેદન આપ્યું હતું કે ''તેઓ ભારતના યુવાનો છે. તેમને કોઈ રોકી શકતું નથી,'' એમ ભાજપના સહયોગી અને કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને શુક્રવારે જણાવ્યું હતું. તેઓ એવા આક્ષેપોનો જવાબ આપી રહ્યા હતા કે સરકાર એસઆઈઆર મુદ્દે સીઆજેપી દ્વારા આજે વિરોધ પ્રદર્શનમાં લોકોને જતા રોકવા માટે ટ્રેન અને મેટ્રો સેવાઓ મર્યાદિત કરી રહી છે.(અનુ. આઠમા પાને)

## આંદોલન સામે ભાજપ પણ સક્રિય ત્રણ કલાકની મેરેથોન બેઠક

### વિપક્ષ દેશને ગેરમાર્ગે દોરી રહ્યો છે: નીતિન નબિન

દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે આજે કોકરોચ જનતા પાર્ટીએ દિલ્હીમાં ઉગ્ર વિરોધ પ્રદર્શન કરી રહ્યું છે.જેની સામે શાસક પક્ષ ભાજપ પણ સક્રિય થઈ ગયો છે. તમામ રાજકીય પક્ષો યુવાનોને પોતાની તરફ ખેંચવા મથી રહ્યા છે. દરમિયાન ગઈકાલે મોડી રાત્રે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીને સંગઠનના હોદ્દેદારો સાથે ત્રણ કલાકની મેરેથોન બેઠક યોજાઈ હતી. જેમાં તેઓએ યુવાનો આકર્ષિત થાય તેવા સંગઠાત્મક કાર્યક્રમો આપવા (અનુ. આઠમા પાને)

# 30 વર્ષના ભાડા કરાર હશે તેને જ મેડિકલ કોલેજ તરીકે માન્યતા મળશે

### નેશનલ મેડિકલ કાઉન્સિલે ૨૦૨૭-૨૮માં નવી કોલેજ કે બેઠકો વધારવાના નિયમો જાહેર કર્યાં, સંસ્થાઓ ૩૧ ડિસેમ્બર સુધી માત્ર ઓનલાઈન અરજી સ્વીકારશે



**અબતક, રાજકોટ**

દેશમાં તબીબી શિક્ષણના ધોરણોને વધુ પારદર્શક, ઉચ્ચ અને વ્યાપક બનાવવાના હેતુસર રાષ્ટ્રીય તબીબી આયોગના મેડિકલ એસેસમેન્ટ એન્ડ રેટિંગ બોર્ડે શૈક્ષણિક વર્ષ ૨૦૨૭-૨૮ માટે નવી એમબીબીએસ મેડિકલ કોલેજોની સ્થાપના કરવા તેમજ હાલની કોલેજોમાં એમબીબીએસ બેઠકોની વાર્ષિક પ્રવેશ ક્ષમતામાં વધારો કરવા અરજદારો અને સંસ્થાઓ પાસેથી ઓનલાઈન અરજીઓ મગાવી છે. નવી અરજીઓમાં કામ પ્રગતિમાં છે અથવા તો ચાલુ છે તેવી કોઈ નોંધ સ્વીકારવામાં આવશે નહીં અને ભાડાની જમીન હોય તો ઓછામાં ઓછા ૩૦ વર્ષની લીઝ જરૂરી રહેશે તેવી સ્પષ્ટતા પણ કરવામાં આવી છે. કોઈપણ પ્રકારની હાર્ડ કોપી, ભૌતિક દસ્તાવેજો કે ઓફલાઈન ફી આયોગ દ્વારા સ્વીકારવામાં આવશે નહીં. અરજી પ્રક્રિયા બે ભાગમાં(પાર્ટ-એ અને (અનુ. આઠમા પાને)

### 'નાના કરતે પ્યાર, તુમી સેં કર બેઠે'

# રશિયા પાસેથી ઇંધણ ખરીદવાનો વિરોધ કરનાર ખુદ અમેરિકા જ ૩૩ લાખ ટન ડીઝલ ખરીદશે

### તાત્કાલિક ૩ લાખ ટન અને ટૂંક સમયમાં વધુ ૩૦ લાખ ટન ડીઝલ મોસ્કોથી અમેરિકા રવાના થશે
### અન્ય દેશો પર પ્રતિબંધોની ધમકી આપનાર મહાસત્તાના બેવડા વલણ સામે અનેક દેશોનો ભારે રોષ

**અબતક, નવી દિલ્હી**

વૈશ્વિક સ્તરે ઈંધણની આસમાને આંબેલી કિંમતો વચ્ચે આંતરરાષ્ટ્રીય રાજનીતિમાં એક અભૂતપૂર્વ વળાંક આવ્યો છે, જેમાં રશિયા પાસેથી લાખો ટન ડીઝલ આયાત કરવા માટે અમેરિકા સાથે મહત્વપૂર્ણ સોદો સંપન્ન થયો છે. બંને દેશો વચ્ચે થયેલી ઉચ્ચ સ્તરીય મંત્રણા બાદ તાત્કાલિક ધોરણે મોટા પાયે ઈંધણનો પુરવઠો અમેરિકા (અનુ. આઠમા પાને)

## અમેરિકામાં ડીઝલના રેકોર્ડ ભાવ: મોંઘવારી ઘટાડવા કરાર કરવાની મજબૂરી?

અમેરિકામાં ઈંધણના ભડકે બળતા ભાવ રાષ્ટ્રપતિ માટે સ્થાનિક રાજકારણમાં મોટો માથાનો દુખાવો બની ગયા છે. ફેબ્રુઆરી મહિનામાં શરૂ થયેલા ઈરાન યુદ્ધના કારણે વૈશ્વિક એનર્જી માર્કેટમાં જબરદસ્ત ઉછાળો આવ્યો હતો, જેની સીધી અસર અમેરિકી (અનુ. આઠમા પાને)

## રશિયા સામેના નિયંત્રણો હળવા કરવાથી યુદ્ધ વધુ લંબાઈ જશે: ઝેલેન્સ્કી

બીજી તરફ, આ કરારના સમાચાર બહાર આવતા જ યુક્રેને અમેરિકા સામે આક્રોશ વ્યક્ત કર્યો છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદોમિર ઝેલેન્સ્કીએ અમેરિકાના આ સોદાને 'સ્પષ્ટ નબળાઈ' ગણાવીને ચેતવણી આપી હતી કે શાંતિ ક્યારેય નબળાઈ દર્શાવવાથી હાંસલ (અનુ. આઠમા પાને)

## યુક્રેનની ઓફર: રશિયા હુમલા અટકાવે તો અમે રિફાઈનરીઓ પર હુમલો નહીં કરીએ

યુક્રેનના રાષ્ટ્રપતિએ યુદ્ધમાં તણાવ ઘટાડવા માટે અમેરિકા સમક્ષ એક પારસ્પરિક સમજૂતીનો પ્રસ્તાવ મૂક્યો હોવાનો ખુલાસો કર્યો છે. તેમણે જણાવ્યું કે રશિયાની ઓઈલ રિફાઈનરીઓ પર યુક્રેન દ્વારા કરવામાં આવતા હુમલા એ તેમના (અનુ. આઠમા પાને)

# પનામામાં ૭.૭ની તીવ્રતાના ભૂકંપ બાદ ૪૫ આફ્ટરશોકથી ફફડાટ, અનેક ઈમારતો ધરાશાયી

### હેરેરા પ્રાંતમાં આવેલા પિતાલોસા અરીબા નામની દૂરદરાજના વિસ્તારથી આશરે ૧૦ કિલોમીટર દક્ષિણ-પશ્ચિમમાં અને જમીનથી માત્ર ૧૦ કિલોમીટરની ઊંડાઈએ કેન્દ્રબિંદુ નોંધાયું

**અબતક, રાજકોટ**

મધ્ય અમેરિકન દેશ પનામામાં સવારે પ્રકૃતિનો ભયાનક સ્વરૂપ જોવા મળ્યો હતો. દેશમાં એક પછી એક બે શકિતશાળી ભૂકંપના આંચકા અનુભવાતા સમગ્ર વિસ્તારમાં હાહાકાર મચી ગયો હતો. પહેલા ૭.૭ ની તીવ્રતાના શક્તિશાળી ભૂકંપે ધરાને હચમચાવી દીધી હતી, અને તેની અસર ઓસરે તે પહેલા જ ૬.૬ ની તીવ્રતાનો બીજો મોટો આંચકો અનુભવાયો હતો. આ ભયાનક કુદરતી આફતના કારણે કેન્દ્રબિંદુની આસપાસની અનેક ઈમારતો ધરાશાયી થઈ ગઈ છે.

અમેરિકન ભૂવિજ્ઞાનીઓના સર્વેક્ષણના જણાવ્યા અનુસાર, આ ભૂકંપ શુક્રવારે વહેલી સવારે ટ્રાન્સમીટ થયો હતો. આ ભયાનક ભૂકંપનું કેન્દ્ર પનામાના હેરેરા પ્રાંતમાં આવેલા પિતાલોસા અરીબા નામની દૂરદરાજના વિસ્તારથી (અનુ. આઠમા પાને)

# એન્ટીબાયોટીક્સ, હોર્મોનલ અને સાયકોટ્રોપિક દવાઓની જાહેરખબરો સરકારની મંજૂરી વિના પ્રસિધ્ધ નહીં કરી શકાય

### ડ્રગ્સ રૂલ્સ, ૧૯૪૫ માં નિયમ ૬૫ હેઠળ નવો સબ-રૂલ ઉમેરવાની તૈયારી; દવાના વેચાણ અને વિતરણ સાથે સંકળાયેલા તમામ લાયસન્સધારકોને લાગુ પડશે જોગવાઈ

**અબતક, રાજકોટ**

કેમિસ્ટ, હોલસેલર્સ અને દવા વિતરકોએ હવે કેટલીક ચોક્કસ પ્રિસ્ક્રિપ્શન દવાઓની જાહેરાત કરતા પહેલા કેન્દ્ર સરકારની મંજૂરી લેવી પડે તેવી શક્યતા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે શેડ્યૂલ એચ, એચ વન અને એક્સ દવાઓની જાહેરાતો પરના હાલના નિયંત્રણોને આ દવાઓના વેચાણ અને વિતરણ સાથે જોડાયેલા લોકો સુધી વિસ્તારવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

નિયમનકારો દ્વારા ભારે અસરકારક એવી પ્રિસ્ક્રિપ્શન દવાઓના પ્રમોશન અને પ્રચાર અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવ્યા બાદ આ પ્રસ્તાવ ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે.



આ દવાઓમાં એન્ટીબાયોટીક્સ, હોર્મોનલ દવાઓ, સાયકોટ્રોપિક દવાઓ, કેન્સર વિરોધી દવાઓ, નાર્કોટિક દવાઓ અને જીવનરક્ષક ઈંજેક્શન્સનો સમાવેશ થાય છે.

સ્વાસ્થ્ય મંત્રાલયે ડ્રગ્સ રૂલ્સ, (અનુ. આઠમા પાને)

### ધાર્મિક એપની સાથે સાથે ભવિષ્ય જાણવામાં રૂચિ વધી

# એસ્ટ્રોલોજી એપ ડાઉનલોડમાં ગત વર્ષની સરખામણીએ ૭૫ ટકાનો ઉછાળો

### નવ મહિનામાં ધાર્મિક અને જ્યોતિષ એપ્સના ૩૦ કરોડ ડાઉનલોડ્સ; એસ્ટ્રોટોક, એસ્ટ્રોસેજ કુંડળી અને સનાતન સ્ટેટસ જેવી એપ્સ યુઝર્સની પ્રથમ પસંદગી બની

**અબતક, રાજકોટ**



ભારતીયોમાં સ્માર્ટફોન દ્વારા ભક્તિ અને ભવિષ્ય જાણવાનો ક્રેઝ અભૂતપૂર્વ રીતે વધી રહ્યો છે. અહેવાલ મુજબ, વર્ષ ૨૦૨૬ના પ્રથમ નવ મહિના (જાન્યુઆરીથી સપ્ટેમ્બર) દરમિયાન ભારતમાં ધાર્મિક, આધ્યાત્મિક અને જ્યોતિષ એપ્સના કુલ મળીને લગભગ ૩૦ કરોડ ડાઉનલોડ્સ નોંધાયા છે. આ આંકડો ગત વર્ષ ૨૦૨૫ના આખા વર્ષના ૨૪.૮ કરોડ ડાઉનલોડ્સના રેકોર્ડને પણ વટાવી ગયો છે.જાન્યુઆરીથી સપ્ટેમ્બર વચ્ચે માત્ર જ્યોતિષ એપ્સે જ ૧૫ કરોડ ડાઉનલોડ્સ નોંધાવ્યા છે, જે ગત વર્ષની સરખામણીએ સીધો ૭૫ ટકાનો ઉછાળો દર્શાવે છે.

આ સેગમેન્ટમાં એસ્ટ્રોટોક ૩ કરોડ ડાઉનલોડ્સ સાથે સૌથી આગળ રહ્યું છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત એસ્ટ્રોસેગ કુંડલી એપ ૨.૫ કરોડ ડાઉનલોડ્સ સાથે બીજા ક્રમે રહી, જેમાં વાર્ષિક ૧૭૨ ટકાનો જંગી વધારો જોવા મળ્યો છે. (અનુ. આઠમા પાને)

### ગુજરાતના ગૌરવ એવા 'મચ્છર'ની બહાદુરીએ વિશ્વને 'મહાયુદ્ધ'થી રોકયું

# તેલ અવિવ એરપોર્ટના પેન્સેજર વિભાગમાં પ્લેન ઘુસાડી દેવાનો ફ્લાઈ દુબઈના કો-પાયલોટનો મનસુબો હતો

### યુએઈની તપાસમાં સનસનીખેજ ઘટસ્ફોટ થયા: કો-પાયલોટ ભયાનક આત્મઘાતી હુમલો કરવા જ ઉડ્ડયન ક્ષેત્રે પ્રવેશ્યો હતો

## ઓમાન એરે કટ્ટરપંથી વિચારોને પગલે ફ્લાઈટ ટ્રેનિંગમાંથી હટાવ્યો હતો

આરોપીના ભૂતકાળની ચકાસણી દરમિયાન એરલાઈન્સ ક્ષેત્રે તેની શંકાસ્પદ કામગીરી સામે આવી છે. હમ્મામીએ વર્ષ ૨૦૨૦ થી ૨૦૨૪ દરમિયાન ઓમાન એરમાં કામ કર્યું હતું, જ્યાં તેના કટ્ટરપંથી વલણ અને શંકાસ્પદ વિચારોને લીધે તેને ફ્લાઈટ ટ્રેનિંગમાંથી દૂર કરીને એરલાઈનમાં અન્ય કામગીરી સોંપવામાં આવી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૨૫માં તેણે રોયલ એર મારોકમાં પણ ત્રણ મહિનાની ટ્રેનિંગ લીધી હતી, પરંતુ એરલાઈને તેને અંતિમ નોકરી માટે પસંદ કર્યો ન હતો.

**અબતક, નવી દિલ્હી**

દુબઈથી તેલ અવીવ જઈ રહેલી એક આંતરરાષ્ટ્રીય ફ્લાઈટને હવામાં જ હાઈજેક કરીને એરપોર્ટ પર ભયાનક આત્મઘાતી હુમલો કરવાનું કાવતરું સહેજમાં નિષ્ફળ રહ્યું છે. વિમાનના કો-પાઈલટે પેસેન્જર ટર્મિનલ સાથે પ્લેન અથડાવીને મોટા પાયે નરસંહાર સર્જવાનો ખતરનાક મનસૂબો ઘડ્યો હતો. જોકે, મુખ્ય પાઈલટ અને જાગૃત મુસાફરોએ સમયસૂચકતા દાખવી હવામાં જ તેને કાબૂમાં લઈ લેતા સેંકડો લોકોનો આબાદ બચાવ થયો હતો. સંયુક્ત આરબ અમીરાત (યુએઈ)ની એજન્સીઓની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ ઘાતક ષડયંત્રને પાર પાડવાના બદઈરાદા સાથે જ કાવતરાખોરે ઉડ્ડયન ક્ષેત્રની તાલીમ મેળવી હતી.

યુએઈના એટર્ની જનરલ હમદ સૈફ અલ શમ્સી દ્વારા જાહેર કરાયેલા નિવેદન મુજબ, ૨૯ વર્ષીય કો-પાઈલટ હમામ અલ-હમ્મામી ૩૦ સપ્ટેમ્બરના રોજ દુબઈથી તેલ અવીવ જઈ રહેલી ફ્લાયદુબઈની ફ્લાઈટમાં કાર્યરત હતો. તેણે વિમાનનું સંપૂર્ણ નિયંત્રણ બળજબરીથી પોતાના હાથમાં લઈને ઈઝરાયલના મુખ્ય બેન ગુરિયન એરપોર્ટના ટર્મિનલ સાથે અથડાવવાનો પ્લાન બનાવ્યો હતો. અમેરિકામાં ૨૦૦૧માં થયેલા ૯/૧૧ના આતંકવાદી હુમલાની જેમ જ વિમાનનો હથિયાર તરીકે ઉપયોગ કરી મહત્તમ જાનહાનિ સર્જવાનો તેનો ઈરાદો હતો. પૂછપરછમાં તેણે કબૂલાત કરી હતી કે આ પ્રકારના આતંકી ઓપરેશનને અંજામ આપવાની ઘેલછાને કારણે જ તેણે પાઈલટ તરીકે કારકિર્દી બનાવવાનો નિર્ણય લીધો હતો.

તપાસમાં એવો ચોંકાવનારો ખુલાસો થયો છે કે ૩૦ સપ્ટેમ્બરની આ ઘટના પહેલાં તેણે આ જ રૂટ પર બે વખત ઉડાન ભરી હતી. એરપોર્ટ અને સમગ્ર હવાઈ માર્ગની સંપૂર્ણ ભૌગોલિક રેકી કરવાના હેતુથી તે અગાઉ આ ફ્લાઈટ્સમાં સામેલ થયો હતો જેથી (અનુ. આઠમા પાને)

## ફ્લાયદુબઈની સુરક્ષા ચકાસણી અને ભરતી પ્રક્રિયા તપાસના ઘેરામાં

જાન્યુઆરી ૨૦૨૬માં જ ફ્લાયદુબઈમાં સામેલ થયેલા આ કો-પાઈલટની ભરતી પ્રક્રિયા પર હવે ગંભીર સવાલો ઉઠ્યા છે. તપાસકર્તાઓએ જણાવ્યું કે ભરતી વખતે તેની પાસે પાઈલટ લાયસન્સ અને ગુડ કંડક્ટ સર્ટિફિકેટ સહિતની તમામ સુરક્ષા જરૂરિયાતો પૂર્ણ હતી તેમજ તેણે તમામ પરીક્ષાઓ પાસ કરી હતી. ભરતી દરમિયાન તેની કટ્ટરપંથી માનસિકતા કે ભૂતકાળના શંકાસ્પદ વલણ અંગે કોઈ સંકેત ન મળ્યા હોવાનું એરલાઈને જણાવ્યું છે, જેના પગલે એરલાઈન ક્ષેત્રે સ્ક્રિનિંગ પદ્ધતિ સામે મોટા પ્રશ્નાર્થ સર્જાયા છે.






# ફળકથન — સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો. હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

## મેષ — અ,લ,ઈ

રાજકીય ક્ષેત્રની વ્યક્તિ, જાહેર ક્ષેત્રના લોકો તેમજ સેલેબલ વ્યક્તિ માટે આ સપ્તાહ મધ્યમ અથવા પ્રતિકૂળ જણાશે. આ સપ્તાહ દરમિયાન અધૂરા રહી ગયેલા, ઉદ્યોગ-ધંધાના દસ્તાવેજી કામકાજ પૂરા થઈ જાય તેવી પૂર્ણ સંભાવના છે. શેરબજાર તથા વાયદા બજારના જાતક માટે આ સપ્તાહ આંશિક લાભદાયી નીવડે તેવી પૂરી શક્યતા. ઈલેક્ટ્રિકલ, ઈલેક્ટ્રોનિક તથા સેલ્યુલર સર્વિસીઝ એવમ ઈન્ટરનેટ સંબંધિત એકમના તમામ જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયી નીવડશે તેવી પૂર્ણ સંભાવના છે. ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ ઉત્તમ રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. વિદ્યાર્થી, મહિલાકર્મી, ગૃહિણી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. ૧૬ ઓક્ટોબર સરેરાશ નીવડશે. (પન્નોતિનો ઉપાય, ન્યાયિક માર્ગ)

## વૃષભ — બ,વ,ઉ

સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ અપેક્ષા કરતા વધારે લાભદાયક નીવડશે તેવી પૂર્ણ સંભાવના છે. ખાનગી એકાઉન્ટન્સી, બેંક, વીમા કંપની જેવા એકમના જાતક માટે અનેકવિધ નવી તક મળવાની શક્યતા સાથે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ ભાગદોડવાળું તથા હળવું સાનુકૂળ નીવડશે. વ્યાપાર ક્ષેત્રે છૂટક વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભકારક નીવડશે. આ સિવાયના, અન્ય વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ ભાગદોડવાળું તથા સરેરાશ જણાશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી, વર્કિંગ વુમન માટે આ સપ્તાહ પણ સાનુકૂળ રહેશે. ૧૧ ઓક્ટોબર સામાન્ય જણાશે.

## મિથુન — ક,છ,ઘ

ઈ-કોમર્સ પેકેજિંગ મટિરિયલ એવમ તેના પેકિંગ વેસ્ટના વ્યાપારિક એકમના જાતક એવમ ધાતુના સ્ક્રેપ તથા જૂની ચીજવસ્તુઓના વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયી રહેશે. કલા સંબંધિત તમામ એકમ તથા તેના એસોસિએટ એકમના જાતક માટે પણ આ સપ્તાહ લાભકારક નીવડશે. આ સિવાયના, અન્ય તમામ પ્રકારના ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભકારક નીવડશે તથા નાના-મોટા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સરેરાશ નીવડશે. પરિવારમાં સુખ-શાંતિ યથાવત જણાશે. મહિલાકર્મી, ગૃહિણી, વિદ્યાર્થી, નિવૃત્ત માટે આ સપ્તાહ લાભકારી નીવડશે. ૧૩ ઓક્ટોબર મધ્યમ રહેશે.

## કર્ક — ડ,હ

હેવી હ્યુજ કન્સ્ટ્રક્શન કંપની એવમ સિવિલ એન્જિનિયરિંગ એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે તેવી પૂર્ણ સંભાવના. ઈન્ડસ્ટ્રીયલ સ્ક્રેપ (ભંગાર)ના એકમ માટે આ સપ્તાહ લાભકારી પરંતુ અતિ ભાગદોડવાળું નીવડશે. આ સિવાયના અન્ય તમામ ઔદ્યોગિક એકમના જાતક એવમ વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ દોડધામવાળું તથા ભારે વ્યસ્ત નીવડશે. પરિશ્રમવાળા વ્યાપારિક એકમના જાતક માટે અર્ધ-લાભદાયક સપ્તાહ છે. સરકારી ક્ષેત્રના કર્મચારી એવમ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. વિદ્યાર્થી, નિવૃત્ત તેમજ મહિલાકર્મી, ગૃહિણી માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. ૧૪ ઓક્ટોબર સરેરાશ રહેશે.

## સિંહ — મ,ટ

આ સપ્તાહ દરમિયાન તમામ વર્ગ તથા વિવિધ વિભાગ તથા વિવિધ પદના સરકારી કર્મચારી માટે ભારે દોડધામ થવાની સંભાવના સાથે બદલી, બરતરફી જેવા સંયોગોની પૂર્ણ સંભાવના. વૂડન ઉત્પાદના ઔદ્યોગિક એકમના જાતક તથા તેનાં વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ પ્રતિકૂળ અને સરેરાશ રહે તેવી પૂર્ણ સંભાવના છે. આ સિવાયના, અન્ય તમામ ઔદ્યોગિક એકમના જાતક તેમજ વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાવ સાનુકૂળ અથવા સરેરાશ નીવડશે. પરિવારમાં મતભેદની શક્યતા છે. ગૃહિણી તથા નિવૃત્ત, વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. ૧૬ તથા ૧૭ ઓક્ટોબર સાધારણ નીવડશે.

## કન્યા — પ,ઠ,ણ

પરિશ્રમી વર્ગ એવમ કારીગર વર્ગ માટે આ આખું સપ્તાહ કામકાજથી અતિશય વ્યસ્ત એવમ બહુ લાભદાયક નીવડશે તેવી પૂર્ણ સંભાવના. આ સપ્તાહ દરમિયાન આવકના નવા સ્રોત મળશે તેવી પૂરી શક્યતા. આ સપ્તાહ દરમિયાન શક્ય હોય તો, કંઈ પણ ઉધાર (કરજ) અથવા ઉછીનું ન લેવું. ઉતાવળિયા લોકોએ થોડી ધીરજ રાખવી. ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ પણ લાભદાયક પરંતુ ભારે દોડધામવાળું નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી તથા મહિલાકર્મી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૧૩ તથા ૧૫ ઓક્ટોબર મધ્યમ રહેશે.

## તુલા — ર,ત

આ સપ્તાહ દરમિયાન અણધાર્યા લાભ મળશે તેવી પૂરી શક્યતા તથા અટકી કે અધૂરા રહી ગયેલ સરકારી દસ્તાવેજી કામકાજ પૂર્ણ થવાની પૂરી શક્યતા. રિયલ્ટી એકમના જાતક માટે આ સપ્તાહ લાભદાયક રહેશે. હેવી હ્યુજ મશીનરીથી ચાલતા ઔદ્યોગિક એકમ તથા તેના વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે તેવી પૂર્ણ સંભાવના. આ સિવાયના, અન્ય તમામ કદના ઔદ્યોગિક એકમના જાતક તથા નાના-મોટા તમામ વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ નીવડે તેવી સંભાવના. ગૃહિણી, મહિલાકર્મી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ લાભકારી રહેશે. ૧૫ ઓક્ટોબર સામાન્ય રહેશે.

## વૃશ્ચિક — ન,ય

કેમિકલ એકમના જાતક તથા પ્રવાહી ખાદ્ય-પેય એવમ પ્રવાહી આહારના ઔદ્યોગિક એકમ તથા તેનાં વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ અત્યધિક લાભદાયક નીવડશે તેવી પૂરી શક્યતા. શિપિંગ એકમના જાતક તેમજ ફિશિંગ એકમના તમામ જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. આ સિવાયના, અન્ય તમામ કદના, તમામ પ્રકારના ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ અર્ધ-લાભકારી નીવડશે. મિત્ર તથા સ્નેહી દ્વારા સહકાર મળે તેવી સંભાવના છે. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી તથા મહિલાકર્મી માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. ૧૭ ઓક્ટોબર સરેરાશ નીવડશે.

## ધન — ભ,ફ,ધ,ઢ

સેલેબલ પર્સન, જાહેર ક્ષેત્રની વ્યક્તિ માટે આ સપ્તાહ અત્યધિક લાભદાયક નીવડશે તેવી પૂર્ણ સંભાવના. લોજિસ્ટિક એકમના જાતક તથા કુરિયર કાર્ગો એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. પ્રિન્ટ્સ, કાગળ, પ્રકાશન એકમના જાતક તથા સ્ટેશનરી, પેકિંગ મટિરિયલ્સ સંબંધિત ઔદ્યોગિક એકમ તથા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક જણાશે. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ અર્ધ-મધ્યમ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. પરિવારજનો સાથે હળવો વિવાદ થાય તેવી શક્યતા. નિવૃત્ત, મહિલાકર્મી, ગૃહિણી તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ અર્ધ-લાભદાયી નીવડશે. ૧૬ ઓક્ટોબર સામાન્ય નીવડશે.

## મકર — ખ,જ

સ્વગૃહી અથવા ઉચ્ચસ્થ શુક્રવાળા જાતક માટે આ સપ્તાહ અત્યધિક લાભકર્તા નીવડશે તેવી પૂરી શક્યતા. સ્થાનફેર તથા લાંબા પ્રવાસ થવાની શક્યતા. વિદેશ રહેતા જાતક માટે આ સપ્તાહ સરેરાશ નીવડશે. હેવી મશીનરીના ઔદ્યોગિક-વ્યાપારિક એકમના જાતક તેમજ હેવી વ્હીકલ્સ, ટ્રાન્સપોર્ટેશન એકમના જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. આ સિવાયના, અન્ય તમામ ઔદ્યોગિક એકમના જાતક તથા તમામ વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી તથા સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. મહિલાકર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. ૧૩ ઓક્ટોબર અર્ધ-મધ્યમ રહેશે.

## કુંભ — ગ,શ,ષ

હોટેલ, રિસોર્ટ, સ્પા, રેસ્ટોરાં જેવા એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભકારી નીવડશે તેવી પૂર્ણ સંભાવના. તેમજ પેકિંગ ફૂડ પ્રોડક્ટના ઔદ્યોગિક એકમના જાતક તથા તેનાં વ્યાપારિક એકમના જાતક, તદુપરાંત ફેબ્રિકના વ્યાપારિક એકમના જાતક તથા હર્બલ પ્રોડક્ટના વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ આંશિક રૂપે લાભકારી નીવડશે. અન્ય ઔદ્યોગિક તથા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ સરેરાશ જણાશે. નાના તથા છૂટક વ્યાપારિક એકમના જાતક માટે હળવી દોડધામ રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ આંશિક લાભદાયક જણાશે. પરિવારમાં સુખ-શાંતિ યથાવત રહેશે. નિવૃત્ત, ગૃહિણી, મહિલાકર્મી, વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ લાભકારી રહેશે. કેવળ, ૧૩ ઓક્ટોબર સાધારણ નીવડશે. (પન્નોતિનો ઉપાય, શ્રમદાન)

## મીન — દ,ચ,ઝ,થ

જાહેર ક્ષેત્રની વ્યક્તિ તથા સેલેબલ વ્યક્તિઓ માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ અથવા સરેરાશ નીવડશે તેવી પૂર્ણ સંભાવના. હોટેલ, રિસોર્ટ, રેસ્ટોરાં, ઈવેન્ટ મેનેજમેન્ટ, કેટરિંગ સર્વિસીઝ, ટૂર એન્ડ ટ્રાવેલ એજન્સીઝ જેવા એકમના જાતક માટે આ સપ્તાહ સાવ સરેરાશ નીવડશે તેવી પૂરી શક્યતા. ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ એવમ ભારે વ્યસ્ત નીવડશે. કાયદો-વ્યવસ્થા તંત્રના તમામ વિભાગના કર્મચારી/અધિકારીઓ તથા ધારાશાસ્ત્રીઓ માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. આ સિવાયના, સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાવ સરેરાશ નીવડશે. કુટુંબ-પરિવારમાં સુમેળ યથાવત રહેશે. ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે સાનુકૂળ સપ્તાહ. ૧૨ તથા ૧૩ ઓક્ટોબર સરેરાશ જણાશે. (પન્નોતિનો ઉપાય, દાન + અભ્યંગ સ્નાન)

### લોક સંસ્કૃતિના સૂર, ગરબાના તાલ અને માતાજીની આરાધનાનો મહિમા

# પ્રાચીન ગરબાની પરંપરા, અર્વાચીન તાલની રંગત: કાઠિયાવાડમાં ભક્તિ અને શક્તિનો સંગમ

## આજના ગરબા, નૃત્યની જૂની પરંપરાનાં રાસ, દાંડિયા રાસ, ગોફ, મટકી, ટિપ્પણી જેવા વિવિધ પ્રકારોમાંથી આવ્યા છે: ૧૭૨૧મા ભાણદાસજીએ રચેલી ગરબી અને ૧૭૮૦ માં વલ્લભ મેવાડાએ ગરબો રચ્યો હતો : કાણાવાળી મટકીની અંદર જ્યોત મૂકીને કરાયેલા દીવાઓને પણ ગરબો કહે છે

લય પરંપરાનો, રંગ આધુનિકતાનો, ગરબીથી અર્વાચીન દાંડિયા રાસની આપણી સાંસ્કૃતિક સફર છે. ગરબો એ બ્રહ્માંડનું પ્રતીક ગણાય છે. કાઠિયાવાડના આભૂષણ ગણાતા રાસ ગરબાની રમઝટ બોલાવતા નવરાત્રી તહેવારનો કાલથી પ્રારંભ થઈ રહ્યો છે, ત્યારે યુવા ધનમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ વર્ષે દાંડિયા રાસના વિવિધ અર્વાચીન આયોજનોનું ભપકાદાર આયોજન કરવામાં આવી રહ્યું છે. સમગ્ર વિશ્વમાં આપણા કાઠીયાવાડી ગરબાઓ ખૂબ જ પ્રસિદ્ધ છે. કાઠીયાવાડની નવરાત્રી એટલે નવ દિવસ ચાલતો વિશ્વનો સૌથી લાંબામાં લાંબો અનેરા ઉત્સાહ સાથેનો આનંદોત્સવનો તહેવાર છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

કાઠીયાવાડમાં અર્વાચીન દાંડીયારાસ સાથે ચાર ચોક વચ્ચે થતી પ્રાચીન ગરબીઓની પણ બોલબાલા છે. જૂના જમાનાથી ચાલી આવતી પ્રાચીન ગરબીઓ આજે પણ ઓલ ટાઈમ ફેવરીટ હોય છે. ઘણા શહેરો-ગામડાંઓમાં છેલ્લાં ૧૦૦ કે ૧૫૦ વર્ષથી ગરબી યોજાતી હોવાનું પણ જાણવા મળે છે. રાજકોટની ગરૂડની ગરબી જોવા તો લોકો બહાર ગામથી પણ આવે છે. આપણાં પ્રાચીન ગરબાઓ, ગાયક વૃંદો, સંગીતના તાલે અદ્યતન સાઉન્ડ સિસ્ટમમાં યોજાતી હોયને, નયનરમ્ય લાઈટીંગ નઝારો પણ ગરબીની શોભાને ચાર ચાંદ લગાવતો હોય છે. ગુજરાતી આસો મહિનામાં આવનાર શરદ ઋતુની શરદીય નવરાત્રી આપણાં હિન્દુ ધર્મમાં અનોખું મહત્વ ધરાવે છે. નવ દિવસ સુધી માતા દુર્ગાના અલગ - અલગ સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે. આપણાં પૌરાણિક શાસ્ત્રો મુજબ પ્રચતિલ કથા મુજબ દુર્ગા માતાના મહિસાસુરનો વધ કરવાની છે. નવ દિવસ પૂર્ણ થાય તે દિવસે ચાચર ચોકમાં હવન કરાય છે અને બીજા દિવસે દશેરાની ઉજવણી કરવામાં આવે છે. નવરાત્રીના નવ દિવસની પૂજામાં શૈલપુત્રી, બ્રહ્મચારીણી, ચંદ્રઘટા, કુશમંડા, સ્કંદમાતા, કાત્યાયની, કાલરાત્રી, મહાગૌરી, સિધ્ધી દાત્રી જેવા સ્વરૂપોની પુજા કરવામાં આવે છે.

હિન્દુઓનો સૌથી મોટો ઉત્સવ ગણાય છે, જેમાં શક્તિની પૂજા અને ગરબા કરવામાં આવે છે. સંસ્કૃત અને ગુજરાતીમાં નવરાત એટલે નવરાત્રી. નવરાત અને દશ દિવસ દરમ્યાન મા શક્તિ દેવીના વિવિધ નવ સ્વરૂપની પૂજા કરવામાં આવે છે. આ નવરાત્રી દરમ્યાન ગરબા-પૂજા, ઉપવાસ, પ્રાર્થના કરાય છે. આસો સુદ એકમ (પડવા)થી શરૂ કરીને નોમ સુધી આ તહેવાર ચાલે છે. આ દિવસોમાં હિન્દુ લોકો નવદુર્ગાનું વ્રત-સ્થાપના અને દેવીનું આહવાન તથા પૂજન કરે છે. મા દુર્ગાના વિવિધ નવ સ્વરૂપોના દર્શન કરવાની પરંપરા આદીકાળથી ચાલી આવી છે. આ દિવસોમાં વસંત અને પાનખર જેવા બે મહત્વના સંગમોની શરૂઆત સાથે સૂર્યનો પ્રભાવ રહે છે. નવરાત્રી દેવી દુર્ગાના ઉત્સવનું પ્રતિક છે. દશેરા એટલે દશ દિવસ તેથી જ નવરાત્રી બાદ દશેરા આવે છે તે દિવસે મીઠાઈ ખાવાનું ચલણ આપણી પરંપરા છે. આપણાં પૌરાણિક શાસ્ત્રો મુજબ વર્ષમાં ચાર વાર નવરાત્રી આવે છે જેમાં વસંત, શરદ, પુષ્ય અને અષાઢ નવરાત્રી હોય છે જેમાં આસો મહિનાની શરદ નવરાત્રીનું વિશેષ મહત્વ હોય છે. વસંત કાળમાં વસંત નવરાત્રીનું પણ મહત્વ સવિશેષ છે. દેવીની પૂજા પ્રદેશની પરંપરા પર આધારિત હોય છે. દુર્ગા જે અપ્રાપ્ય છે તે ભદ્રકાલી, અન્નપૂર્ણા, સર્વ મંગલા, ભૈરવી, ચંદ્રિકા કે ચંડી, લલીતા, ભવાની અને મોકામ્બિકા જેવા દેવીઓ હોય છે. તામિલનાડુંમાં નવરાત્રીના દિવસોમાં દુર્ગાના વિવિધ સ્વરૂપો દર્શાવાય છે. સમગ્ર દેશમાં સૌથી શ્રેષ્ઠ નવરાત્રી ઉજવણી ગુજરાતમાં થાય છે. શરદ નવરાત્રિ ઉત્સવ માટે અને ચૈત્રી નવરાત્રી વ્રત-તપ માટે વધુ જાણિતી છે. ઉત્તર ભારમાં તમામ ત્રણ નવરાત્રીઓમાં નવ દિવસોના ઉપવાસ અને દેવી દેવતાઓના વિવિધ સ્વરૂપોની પૂજા થાય છે. હિમાચલ પ્રદેશમાં કુલુનો દશેરા ખૂબ જ પ્રખ્યાત છે. પૂર્વ ભારતમાં શરદ નવરાત્રીના છેલ્લા ચાર દિવસોને બંગાળના રાજ્યમાં વિશેષ રીતે ઉજવવામાં આવે છે. દુર્ગા માતાની મોટી મૂર્તિઓ કે જેમાં મહિસાસૂરનો વધ કરતાં દર્શાવાય છે. આપણે ત્યાં ગરબી કે દાંડીયા રાસ સાથે લોકનૃત્ય પણ આ દિવસોમાં થાય છે. કેરળમાં અંતિમ ત્રણ દિવસોની ઉજવણીનું મહત્વ છે. વિજયા દશમીનો તહેવાર બાળકોને જ્ઞાન આરંભ કરવાનો દિવસ હોવાથી તેને વિદ્યા આરંભ પણ કહેવાય છે. આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં નવ દિવસના તહેવારને બથુકામ્મા નામનો ઉત્સવ કરે છે. આઠમા કે નવમાં દિવસે કન્યા પૂજામાં કુમારીકાઓની પૂજા કરાય છે. નવરાત્રી સુધી અખંડ દિવાનું નવરાત્રીમાં અનેરૂ મહત્વ છે. દક્ષિણ ભારતમાં શિક્ષકો શાળાઓમાં બાળકોને વિજયા દશમીથી ભણાવવાનું શરૂ કરે છે.



મહિષાસુર વધ ઉપરાંત રામ-રાવણના નવ દિવસ ચાલેલા યુધ્ધના વિજય બાદ રાવણના વધની ખુશી રૂપે દશેરાની ઉજવણી કરાય છે. આ દિવસે રાવણના પૂતળાનું દહન પણ કરવામાં આવે છે. નવરાત્રી એક ઉપાસના, આરાધનાનો તહેવાર છે.

નવરાત્રી શબ્દ સાંભળતા આપણે ગોળ રાઉન્ડમાં ગરબે ઘુમતી કન્યાઓનું દ્રશ્ય આંખો સમક્ષ દેખાય છે. ગરબા રમવા એ જ દુર્ગા માતા પ્રત્યે આપણી શ્રધ્ધાનું એક રૂપ છે. નવરાત્રીમાં જ્યાં ગરબી સ્થાપના કરાય ત્યાં પાંચ ગરબા તો રમવા જ પડે છે. ચાર નવરાત્રી પૈકી બે નવરાત્રી ગુપ્ત નવરાત્રી હોય છે. જે મહા અને અષાઢ માસમાં આવે છે. ચૈત્રી નવરાત્રીનું વિશેષ મહત્વ છે કારણ કે હિન્દુ પંચાગ અનુસાર ચૈત્રી નોરતાના પ્રથમ દિવસથી જ હિન્દુ નવ વર્ષ એટલે કે નવ સંવત્સરનો પ્રારંભ થાય છે.

### ગરબાના ૨૭ છિદ્રોનું રહસ્ય

આપણી લોકસંસ્કૃતિનું પ્રતીક ગરબો છે, ગરબો એ બ્રહ્માંડનું પણ પ્રતીક ગણાય છે. ગરબામાં ૨૭ છિદ્ર હોય છે. ૯ ની ૩ લાઈન એટલે ૨૭ છિદ્ર, જે ૨૭ નક્ષત્ર ગણાય છે. એક નક્ષત્રને ચાર ચરણ હોવાથી ૨૭ ×૪=૧૦૮ થાય તેથી, નોરતામાં ગરબાને વચ્ચે રાખીને ૧૦૮ વખત ગરબી રમવાથી બ્રહ્માંડની પ્રદક્ષિણાનું પુણ્ય મળે છે.

## અબતક પંચાગ

### તા.૧૧-૧૦-૨૦૨૬ રવિવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** આસો શુભ એકમ શરદ નવરાત્રી પ્રારંભ
**નક્ષત્ર** ચિત્રા
**યોગ** વૈધૃતિ **કરણ:** કિસ્તુઘ્ન
**સુર્યોદય** ૬.૪૩ **સુર્યાસ્ત:** ૬.૨૫
**ચંદ્ર રાશી** કન્યા સવારે ૧૦.૦૫ થી તુલા
**રાશિ અક્ષર** પ.ઠ.ણ
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સાંજે ૪.૩૦ થી ૬
**દિવસનાચોઘડીયા**
ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ
**રાત્રીનાચોઘડીયા**
શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૧૧ થી ૧૨.૫૮

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૯૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૫ | | | | | |
| ૫ | | | | | ૭ | | ૯ | ૧ |
| | | | | | | | | ૬ |
| | | | | | | | | |
| | ૯ | | | ૨ | | | ૬ | |
| | | ૧ | | | ૪ | ૭ | | |
| ૮ | | | | | | | | |
| | | | ૧ | ૮ | ૫ | ૩ | | ૨ |
| | ૩ | | | | | | ૪ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૯૨ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૬ | ૫ | ૮ | ૧ | ૩ | ૭ | ૨ | ૪ |
| ૨ | ૮ | ૪ | ૬ | ૫ | ૭ | ૯ | ૧ | ૩ |
| ૧ | ૭ | ૩ | ૨ | ૪ | ૯ | ૬ | ૫ | ૮ |
| ૮ | ૫ | ૧ | ૪ | ૯ | ૬ | ૨ | ૩ | ૭ |
| ૩ | ૨ | ૯ | ૫ | ૭ | ૮ | ૪ | ૬ | ૧ |
| ૬ | ૪ | ૭ | ૩ | ૨ | ૧ | ૫ | ૮ | ૯ |
| ૪ | ૯ | ૨ | ૧ | ૮ | ૫ | ૩ | ૭ | ૬ |
| ૫ | ૧ | ૬ | ૭ | ૩ | ૪ | ૮ | ૯ | ૨ |
| ૭ | ૩ | ૮ | ૯ | ૬ | ૨ | ૧ | ૪ | ૫ |

## કાર્યક્રમોની યાદી — અબ તક CHANNEL

**તારીખ ૧૦-૧૦-૨૦૨૬ શનિવાર**
૧૨:૦૦ થી ૦૨:૧૦ ગુજરાતી મુવી (કરશનદાસ પે એન્ડ યુઝ)
૦૨:૧૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (લૌકી કોફતા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.નિધિકુમાર પટેલ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (મારી વાઈફ મેરી કોમ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૧-૧૦-૨૦૨૬ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૦:૩૦ સાપ્તાહિક રાશિ ભવિષ્ય (શાસ્ત્રી, રાકેશ મહારાજજી વ્યાસ)
૧૦:૩૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ
૧૨:૦૦ થી ૦૨:૧૦ ગુજરાતી મુવી (હાહાકાર)
૦૨:૧૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (મેક્સિકન રાઈસ)+(માર્ગરીટા પીઝા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો. નિસર્ગ ઠક્કર)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (કેરી ઓન લાલુ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૨-૧૦-૨૦૨૬ સોમવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## તા.૧૧/૧૦ ને રવિવારનું રાશિ ભવિષ્ય

**સંવંત ૨૦૮૨, આસો સુદ એકમ, ચિત્રા નક્ષત્ર, વૈદ્યુતિ યોગ, બવ કરણ આજે સવારે ૧૦.૦૫ સુધી જન્મેલાંની ચંદ્ર રાશિ કન્યા (પ,ઠ,ણ) ત્યારબાદ તુલા (ર,ત) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ)** : તમારા મનમાં રહેલી કોઈ ઈચ્છા પૂરી થાય, જાહેરજીવનમાં સારું રહે. એક સાથે ઘણા લોકોને મળવાનું થાય.
**વૃષભ (બ,વ,ઉ)** : કામકાજમાં વ્યસ્તતા રહે, મનમાં થોડી અશાંતિ જોવા મળે, બેચેની જેવું લાગ્યા કરે, મધ્યમ દિવસ.
**મિથુન (ક,છ,ઘ)** : પ્રણયમાર્ગે આગળ વધી શકો, પ્રિયપાત્રથી મુલાકાત થાય, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.
**કર્ક (ડ,હ)** : તમામ ભૌતિક સુખ સગવડ મળે, દિવસ આરામદાયક રહે.સ્ત્રીવર્ગને સારું રહે, વેપારીવર્ગને મધ્યમ.
**સિંહ (મ,ટ)** : રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, નવા કાર્યમાં આગળ વધી શકો. ગણતરીપૂર્વકના સાહસમાં લાભ થાય.
**કન્યા (પ,ઠ,ણ)** : તમારા સૌમ્ય વાણી વર્તનથી લાભ થાય, લોકો તમારી સલાહ માને અને આદર આપે, આગળ વધી શકો.
**તુલા (ર,ત)** : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, કલા સંસ્કૃતિમાં રસ લઈ શકો, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.
**વૃશ્ચિક (ન,ય)** : ખર્ચ પર અંકુશ રાખવો,બિનજરૂરી નાણાંનો વ્યય ના કરવા સલાહ છે, પૈસાનું આયોજન કરવું જરૂરી છે.
**ધન (ધ,ભ,ફ,ઢ)** : સગા સ્નેહી મિત્રોથી સારું રહે,અન્યની મદદથી કાર્ય પૂર્ણ થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
**મકર (ખ,જ)** : કામકાજ માં સફળતા મળે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો, મિત્રોની મદદ મળી રહે, શુભ દિન.
**કુંભ (ગ,સ,શ)** : અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથ માં આવે, પ્રગતિ થાય.
**મીન (દ,ચ,ઝ,થ)** : માનસિક ટેન્શન રહ્યા કરે, કામમાં રુકાવટ આવતી જોવા મળે, અણધાર્યા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં સમય વીતે.

# આપણામાં ઉર્જા અને ઉત્સાહ હોય તો દરેક પડકારોનો સામનો કરવા સક્ષમ

## તણાવ આજે ઇશ્વરની જેમ સર્વવ્યાપી થઇ ગયો છે, તે દરેક જગ્યાએ મોજૂદ છેઃ શ્રીશ્રી રવિશંકર મહારાજ

**અબતક, રાજકોટ**

તણાવ આજે ઈશ્વરની જેમ સર્વવ્યાપી થઈ ગયો છે, તે દરેક જગ્યાએ મોજૂદ છે.

આખરે તણાવ છે શું? હું આને આ રીતે વ્યાખ્યાયિત કરું છું કામ ઘણું વધારે હોય, સમય ઘણો ઓછો હોય અને તે કરવા માટે ઊર્જા ન હોય. જ્યારે આ પરિસ્થિતિ લાંબા સમય સુધી ચાલુ રહે છે, ત્યારે તણાવ આપણી ઊર્જાને એટલી હદે શોષી લે છે કે દિવસ શરૂ થતાં પહેલાં જ આપણે પોતાની જાતને થાકેલા અનુભવવા લાગીએ છીએ. આજે આ જ સ્થિતિને બર્નઆઉટ કહેવામાં આવે છે. તો આમાંથી મુક્તિ કેવી રીતે મેળવવી?

એક ઉપાય એ છે કે કામનો બોજ ઘટાડી દેવામાં આવે, પરંતુ આજના સમયમાં આ સહેલું લાગતું નથી. બીજો વિકલ્પ એ છે કે ઉપલબ્ધ સમય વધારી દેવામાં આવે, જે લગભગ અશક્ય છે. આવી સ્થિતિમાં આપણી પાસે એક જ ઉપાય બચે છે આપણી ઊર્જાના સ્તરને વધારવું. જ્યારે આપણામાં પૂરતી ઊર્જા અને ઉત્સાહ હોય છે, ત્યારે આપણે જીવનના કોઈપણ પડકારનો સામનો કરવા અને તેને સંભાળવા સક્ષમ બનીએ છીએ.

પોતાની ઊર્જા વધારવા માટે ધ્યાન અને સુદર્શન ક્રિયા જેવી શ્વાસોચ્છવાસની પ્રક્રિયાઓ અત્યંત સહાયક છે. આ તકનીકો થોડી જ મિનિટોમાં આપણું ઊર્જા-સ્તર વધારવામાં મદદ કરે છે.

નિઃશંકપણે, ઊંઘ જરૂરી છે; પરંતુ ઊંઘમાંથી મળતો આરામ એક પ્રકારનો નિષ્ક્રિય આરામ છે. સચેત આરામ ધ્યાનથી પ્રાપ્ત થાય છે.



ધ્યાનનો અર્થ એ નથી કે બેસીને કોઈ વિષય વિશે વિચારતા રહેવું. ઘણા લોકો મનમાં સતત કંઈક ને કંઈક કરતા રહે છે; કંઈક કલ્પના કરે છે, કંઈક દ્રશ્યો મનમાં રચે છે. દુર્ભાગ્યે, આ ધ્યાન નથી. ધ્યાનનો અર્થ છે સંપૂર્ણપણે છોડી દેવું, સહજ થવું અને ઊંડા વિશ્રામમાં ઊતરી જવું. લોકોએ એવો અનુભવ કર્યો છે કે ૨૦ મિનિટનું ધ્યાન તેમને ૮ કે ૧૦ કલાકની ઊંઘ કરતાં પણ વધુ ઊર્જાવાનઅનુભવ કરાવી શકે છે.

ઊર્જાના ચાર મુખ્ય સ્રોત છે આહાર, નિદ્રા, શ્વાસ અને શાંત તથા ધ્યાનમય મન.

સંતુલિત અને પૌષ્ટિક આહાર લો, તે પણ સંયમિત માત્રામાં. રોજ ૬ થી ૮ કલાકની ઊંઘ લો, ન તેનાથી વધુ, ન ઓછી. ઊંડા શ્વાસ લેવાની કેટલીક સરળ રીતો શીખો અને સવાર-સાંજ ૧૫-૨૦ મિનિટ ધ્યાન કરો. આટલું જ તમને આખો દિવસ ઊર્જાવાન રાખવા માટે પૂરતું સાબિત થઈ શકે છે. તમે પોતાના ઊર્જા-સ્તરમાં તરત જ તફાવત અનુભવશો.

આધ્યાત્મિક જ્ઞાન પણ આપણને એક વિશિષ્ટ પ્રકારની ઊર્જા પ્રદાન કરે છે, અને આ બધામાં ધ્યાનનું સ્થાન સર્વોપરી છે.

ધ્યાન ઉપરાંત, જ્યારે લાગણીઓ આપણી બુદ્ધિ પર હાવી થવા લાગે છે, ત્યારે સંતુલન ફરીથી પ્રાપ્ત કરવામાં શ્વાસ એક અત્યંત વ્યવહારુ સાધન બની શકે છે. સુદર્શન ક્રિયા લાગણીઓના આ પ્રબળ પ્રવાહમાંથી બહાર નીકળવામાં ખૂબ મદદરૂપ થાય છે. તે જાણે અંદર એક ઑટોમેટિક વાલ્વની જેમ કાર્ય કરે છે, જે નકારાત્મક લાગણીઓને નિયંત્રણ બહાર જતી રોકવામાં મદદ કરે છે.

તેથી જીવનની વ્યસ્તતા વચ્ચે પોતાને ખોઈ બેસવાના બદલે, પોતાની ઊર્જાના સ્રોતો સાથે જોડાઓ. તણાવને જીવન પર હાવી ન થવા દો, થોડી ક્ષણો થોભો, ઊંડો શ્વાસ લો, ધ્યાન કરો અને અંદરની ઊર્જાને ફરીથી જાગૃત થવા દો.

## દુઃખદ અવસાન/ બેસણું



**કાંતિલાલ શાંતિલાલ જોષી (કાનો)**

તા.૯/૧૦/૨૬ શુક્રવારે કૈલાસ વાસી (અવસાન) થયેલ છે પ્રભુ સદગતના આત્મા ને શાંતિ આપે એજ ઈશ્વર પ્રાર્થના

**સદગતનું બેસણું**

| | |
|---|---|
| તા.૧૨/૧૦/૨૬ સોમવારે સવારે ૮ થી ૧૦. ભોલગામડા રામજી મંદિરે, ગામના ચોરામાં | તા.૧૨/૧૦/૨૬ સોમવારે સાંજે ૪ થી ૬ તેમના નિવાસસ્થાને ધોરાજી. ઠે.ધોરાજી બસ સ્ટેશન, મુખ્ય ગેટ સામેની શેરી |

**લી. અશ્રુ ભીની યાદમાં**

સ્વ.જગદીશભાઈ શાંતિલાલ જોષી પરિવાર -રાણાવાવ
શ્રી હરેશભાઈ શાંતિલાલ
જોષી પરિવાર -જૂનાગઢ
શ્રી નલિનકાન્ત શાંતિલાલ જોષી -ભોલગામડા અને
ગંગા સ્વરુપ લક્ષ્મીબેન/પુત્રી ચિ.ભૂમિ કાંતિલાલ જોષી

**અને સમગ્ર જોષી પરિવારના**

જયશ્રી કૃષ્ણ હર હર મહાદેવ ૐ નમઃ શિવાય ૐ શાંતિ શાંતિ શાંતિ

**નામ બદલાવેલ છે**

આથી હું જાહેર ,કરું છું કે મેં મારું નામ શકુલ કગથરા બદલીને શકુલ પ્રવિણભાઈ કગથરા કરેલ છે. અને હવે પછી હું શકુલ પ્રવિણભાઈ કગથરા તરીકે ઓળખાઈશ. જેની સૌ કોઈએ નોંધ લેવી. સરનામું: A-101 રિવેરા આઈકોન 80 ફૂટ રોડ, મધર ટેરેસા સ્કૂલ પાસે, અંબિકા પાર્ક, રાજકોટ. પિન : 360005 ગુજરાત (ભારત)

**નામ બદલાવેલ છે**

આથી હું જાહેર ,કરું છું કે મેં મારું નામ હરિલાલ લાખા બાલધા બદલીને હરિભાઈ લાખાભાઈ બાલધા કરેલ છે. અને હવે પછી હું હરિભાઈ લાખાભાઈ બાલધા તરીકે ઓળખાઈશ. જેની સૌ કોઈએ નોંધ લેવી. સરનામું: શ્રી રાધે, નહેરુનગર સોસાયટી-9 નાના મવા રોડ, રાજકોટ પીન - 360004 ગુજરાત (ભારત)

**નામ બદલાવેલ છે**

આથી હું જાહેર ,કરું છું કે મેં મારું નામ સરોજ હરિલાલ બાલધા બદલીને સરોજબેન હરિભાઈ બાલધા કરેલ છે. અને હવે પછી હું સરોજબેન હરિભાઈ બાલધા તરીકે ઓળખાઈશ. જેની સૌ કોઈએ નોંધ લેવી. સરનામું: શ્રી રાધે, નહેરુનગર સોસાયટી-9 નાના મવા રોડ, રાજકોટ પીન - 360004 ગુજરાત (ભારત)

# રાણપુર પોલીસ સ્ટેશનની કામગીરીની સમીક્ષા કરતા આઈજીપી તરૂણ દુગ્ગલ



**અબતક, વિપુલ ગોહેલ, બોટાદ**

બોટાદ જિલ્લાના રાણપુર પોલીસ સ્ટેશન ખાતે આઈજીપી તરૂણ દુગ્ગલ દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે પોલીસ સ્ટેશન ખાતે આવેલા અરજદારોને રૂબરૂ સાંભળી તેમની રજૂઆતો જાણી હતી. આ ઉપરાંત રાણપુર પોલીસ સ્ટેશનની કામગીરીની સમીક્ષા કરી પોલીસ અધિકારીઓને જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ પ્રસંગે બોટાદ જિલ્લા પોલીસ વડા ધર્મેન્દ્ર શર્મા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. રાણપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એ. પટેલ તથા પોલીસ સ્ટાફ દ્વારા આઈજીપી તરુણ દુગ્ગલનું સ્વાગત કરવામાં આવ્યું હતું.મુલાકાત દરમિયાન આઈજીપી તરુણ દુગ્ગલે પોલીસ સ્ટેશનની કામગીરી અંગે વિગતો મેળવી હતી તેમજ અરજદારોની રજૂઆતોને ગંભીરતાથી સાંભળી તેમની સમસ્યાઓના યોગ્ય નિરાકરણ માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. નાગરિકોને પોલીસ વિભાગ તરફથી સમયસર અને અસરકારક સેવા મળી રહે તેમજ લોકોની ફરિયાદો અને રજૂઆતોનો યોગ્ય નિકાલ થાય તે દિશામાં પોલીસ તંત્રની કામગીરીનું મહત્વ રહેલું છે.પોલીસ સ્ટેશનની કામગીરીની સમીક્ષા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની જાળવણી, નાગરિકોની ફરિયાદો પ્રત્યે સંવેદનશીલ અભિગમ અને પોલીસની કામગીરીમાં જવાબદારી તથા કાર્યક્ષમતા જાળવવા અંગે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.આઈજીપીની આ મુલાકાતથી રાણપુર પોલીસ તંત્રની કામગીરીની સમીક્ષા સાથે અરજદારોની સમસ્યાઓને સીધી રીતે જાણવાનો અવસર મળ્યો હતો. આ પ્રસંગે જિલ્લા પોલીસ વડા ધર્મેન્દ્ર શર્મા, રાણપુર પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.એ. પટેલ સહિત પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.


જા.નં.:MRMC/0085/10/2026તા.:06/10/2026

::મોરબીમહાનગરપાલિકા::

::જાહેર નોટિસ::

ગુજરાત પ્રોવિન્શિયલમ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ. ૧૯૪૯ કલમ-૪૬૦

આથી સર્વે સંબંધકર્તાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, મોરબીમહાનગરપાલિકા દ્વારા શહેરી વિસ્તારમાં માંસની દુકાન અને કતલખાના સંબંધી પેટા કાયદાઓઘડવામાં આવ્યા છે.

આથી લાગતાવળગતા તમામ માંસની દુકાન તથા કતલખાનાવિગેરે ઉપરોક્ત પેટા કાયદાઓની જોગવાઈ લાગુ પડશે. તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાથી6 અઠવાડિયા (૪૨ - દિવસો)મા ઉપરોક્ત પેટા કાયદા અંગે વાંધા/સૂચનો કે કોઈ રજુઆત કરવા માંગતા હોય તો લેખીતમાં રૂબરૂ/રજી.પોષ્ટ/કુરીયર વિ. માધ્યમોથી નાયબ કમિશ્નરશ્રી, મોરબીમહાનગરપાલિકાનેસંબોધીનેમહાનગરપાલિકા કચેરીએ પહોંચાડવાના રહેશે. નિયત સમય મર્યાદા બાદ કોઈ વાંધા સુચનો ધ્યાને લેવામાં નહીં આવે. જેની નોંધ લેશો.

નાયબ કમિશનર(પ્રોજેકટ)
મોરબીમહાનગરપાલિકા

માહિતી -રાજ-૯૫૧-૨૬-૨૭



નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

જાહેર નિવિદા નં. એસબીડી - ૦૪ સને ૨૦૨૬-૨૭

નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, જળ સિંચન પેટા વિભાગ મોરબી, રૂમ નં.૨૧૧ થી ૨૧૪ બીજો માળ તાલુકા સેવાસદન મોરબી. (ફોન ૦૨૮૨૨-૨૪૧૧૬૬) દ્વારા ગુજરાત રાજ્યનાં નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ તેમજ રસ્તા અને મકાન વિભાગના કોન્ટ્રાકટરની માન્ય યાદીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ કોન્ટ્રાકટરો પાસેથી નીચેનાં કામો માટે ફકત રજી.એ.ડી./સ્પીડ પોસ્ટથી સીલબંધ કવરમાં ટેન્ડર માંગવામાં આવે છે. કોઇપણ એક ટેન્ડર અથવા તો બધા જ ટેન્ડરો અમાન્ય કરવાના હક્ક આ ખાતાને અબાધિત રહેશે. શરતો તેમજ વધુ વિગત માટે આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિદ્ધ કરેલ વિગતવાર જાહેર નિવિદા જોઇ શકાશે.

| અ. નં. | કામનું નામ | અન્ય વિગત |
|---|---|---|
| | | ૧) કામની અંદાજીત રકમ<br>૨) બાનાની રકમ<br>૩) ટેન્ડર ફી<br>૪) રજીસ્ટ્રેશનનો વર્ગ<br>૫) કામ પુર્ણ કરવાની સમય મર્યાદા |
| ૧. | કલીનીંગ એન્ડ રીપેરીંગ ઓફ કેનાલ સીસ્ટમ ફોર ઇરીગેશન રબી સીઝન ૨૦૨૬-૨૭ ઓફ બંગાવડી ઇરીગેશન સ્કીમ. | ૧) રૂ. ૪,૯૨,૩૬૫=૧૬<br>૨) રૂ. ૫,૦૦૦=૦૦<br>૩) રૂ. ૬૦૦=૦૦<br>૪) ઇ-૨ કલાસ એન્ડ એબાવ કલાસ )<br>૫) ૦૬ માસ |

(૧) કોરાં ટેન્ડર આપવાની છેલ્લી તા. ૨૩/૧૦/૨૦૨૬ કચેરી સમય દરમ્યાન
(૨) ભરેલ ટેન્ડર રજિસ્ટર પોસ્ટ એ.ડી./સ્પીડ પોસ્ટથી સ્વિકારવાની છેલ્લી તારીખ ૦૨/૧૧/૨૦૨૬ કચેરી સમય દરમ્યાન
(૩) ટેન્ડર ખોલવાની તારીખઃ . ૦૩/૧૧/૨૦૨૬ બપોરના ૧૨-કલાકે (શક્ય હશે તો)
(૪) ટેન્ડર રૂબરૂ / સાદી ટપાલ કે કુરીયર થી સ્વિકારવામાં આવશે નહીં.
કચેરીનુ નામ:- નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, જળ સિંચન પેટા વિભાગ મોરબી, રૂમ નં.૨૧૧ થી ૨૧૪ તાલુકા સેવાસદન મોરબી. (ફોન ૦૨૮૨૨-૨૪૧૧૬૬)

માહિતી -રાજ-૯૪૭-૨૬-૨૭





તંત્રી લેખ

# ભાદરવાના તડકામાં રોગચાળાથી સાવધાન

ભાદરવા મહિનાનો અસહ્ય તાપ અને ભેજવાળું વાતાવરણ દર વર્ષે પોતાના સાથે અનેક શારીરિક તકલીફો લઈને આવે છે. ચોમાસાની વિદાયનો આ સમયગાળો મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળા માટે ખાતર-પાણી પૂરું પાડે છે. હાલમાં રાજ્યભરમાં ભાદરવાના તીવ્ર તડકાની સાથે-સાથે ડેન્ગ્યુના કેસમાં જોવા મળેલો ચિંતાજનક ઉછાળો જનઆરોગ્ય માટે લાલબત્તી સમાન છે. ઘર-ઘરમાં તાવ, શરદી, અને ઉલટી-ઉબકાના દર્દીઓ ખાટલે પડ્યા છે, જેમાં ડેન્ગ્યુના કેસોમાં સતત થઈ રહેલો વધારો સૌથી વધુ ગંભીર બાબત છે.

ડેન્ગ્યુ ફેલાવતા 'એડીસ એજીપ્ટી' મચ્છર ચોખ્ખા અને બંધિયાર પાણીમાં ઉત્પન્ન થાય છે. ચોમાસા દરમિયાન ભરાયેલા પાણી અને ભાદરવાના તડકાને કારણે ભેજનું પ્રમાણ વધતાં આ મચ્છરોનો ઉપદ્રવ ઝડપથી વધી રહ્યો છે. તંત્ર દ્વારા દવાનો છંટકાવ કે ફોગિંગ જેવી કામગીરી કરવામાં આવે છે, પરંતુ માત્ર સરકારી તંત્ર પર નિર્ભર રહેવાને બદલે નાગરિકોની પોતાની જાગરૂકતા જ આ રોગચાળા સામેનું શ્રેષ્ઠ શસ્ત્ર બની શકે છે.

ડેન્ગ્યુના પ્રકોપથી બચવા માટે 'સાવચેતી એ જ સલામતી'ના મંત્રને જીવનમાં ઉતારવો અનિવાર્ય છે. ઘરમાં કે આસપાસના વિસ્તારમાં ક્યાંય પણ પાણી એકઠું ન થવા દેવું જોઈએ. કૂલર, ગમલા, ફ્રિજની પાછળની ટ્રે, જૂના ટાયર કે પક્ષીઓના કુંડામાં ભરાયેલું પાણી નિયમિતપણે બદલવું કે સાફ કરવું જરૂરી છે. મચ્છરના કરડવાથી બચવા માટે આખી બાયના કપડાં પહેરવાં, રાત્રે અને ખાસ કરીને દિવસે પણ મચ્છરદાની કે મચ્છર રોધક ક્રીમનો ઉપયોગ કરવો જોઈએ. ભાદરવાના તડકામાં ડીહાઈડ્રેશનથી બચવા પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી, ઉકાળેલું પાણી અને તાજો ખોરાક લેવો હિતાવહ છે.

તાવ, સાંધાનો દુખાવો, આંખોની પાછળ બળતરા કે શરીર પર ચકમા જેવા લક્ષણો જણાય તો જાતે દવા લેવાની ભૂલ કર્યા વગર તાત્કાલિક તબીબી સલાહ લેવી જોઈએ. ડેન્ગ્યુમાં પ્લેટલેટ્સ ઘટવાનું જોખમ રહેલું હોવાથી સમયસરનું નિદાન અને સારવાર જીવલેણ પરિસ્થિતિથી બચાવી શકે છે.

રોગચાળાને આટોપવા માટે આરોગ્ય વિભાગ અને સામાન્ય જનતાએ સાથે મળીને કદમ ઉઠાવવા પડશે. જાગરૂકતા, સ્વચ્છતા અને ત્વરિત સાવચેતી જ આપણને અને આપણા પરિવારને આ મોસમી રોગચાળાના પંજામાંથી સુરક્ષિત રાખી શકશે.

# સમાજના દરેક વર્ગના લાભાર્થીઓને સરકારીયોજનાનો લાભ મળે : જશાભાઈ બારડ

## સુત્રાપાડા ડો. ભરતભાઈ બારડ શૈક્ષણિક સંકુલ ખાતે નગરપાલિકા કક્ષાનો ૧૨મો સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

## પૂર્વ કેબીનેટ મંત્રી જશાભાઈ બારડના અધ્યક્ષ સ્થાને યોજાયેલ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં લાભાર્થીઓએ સેવાનો લાભ લીધો

**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

સુત્રાપાડા સ્થિત ડો. ભરતભાઈ બારડ શૈક્ષણિક સંકુલ ખાતે સુત્રાપાડા નગરપાલિકા કક્ષાના ૧૨મા સેવા સેતુ કાર્યક્રમનું આયોજન ગુજરાત સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતુ. કાર્યક્રમનો પ્રારંભ સુત્રાપાડાના વતની અને ગુજરાત સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડના હસ્તે કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વિવિધ સરકારી સેવાઓનો લાભ લેવા મોટી સંખ્યામાં નાગરિકો અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે પ્રાસંગિક પ્રવચન આપતાં પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડે જણાવ્યું હતું કે, સેવા સેતુ કાર્યક્રમની શરૂઆત તા. ૫ નવેમ્બર, ૨૦૧૬ના રોજ તત્કાલીન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે કરવામાં આવી હતી. આ કાર્યક્રમના માધ્યમથી નાગરિકોને વિવિધ સરકારી સેવાઓનો લાભ સરળતાથી મળી રહ્યો છે અને તેમની રજૂઆતોના નિકાલ માટે અસરકારક વ્યવસ્થા ઊભી થઈ છે. સેવા સેતુના વિવિધ તબક્કાઓ દ્વારા કરોડો અરજીઓ અને નાગરિકોની સમસ્યાઓના નિરાકરણ માટે કામગીરી કરવામાં આવી છે.



તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર સુશાસન, પારદર્શક વહીવટ અને લોકકલ્યાણના અભિગમ સાથે જનસેવાનાં કાર્યોને આગળ ધપાવી રહી છે. સરકારનો મુખ્ય ઉદ્દેશ એ છે કે સમાજના દરેક વર્ગના પાત્ર લાભાર્થીને સરકારી યોજનાઓનો લાભ મળે અને સામાન્ય નાગરિકને સરકારી સેવાઓ મેળવવામાં સરળતા રહે.

આ કાર્યક્રમમાં સુત્રાપાડા તાલુકા વિકાસ અધિકારી ગોસાઈ, જામનગર જિલ્લા પ્રભારી દિલીપભાઈ બારડ, ગીર સોમનાથ જિલ્લા ભાજપ મહામંત્રી અનિલભાઈ જેઠવા, સુત્રાપાડા નગરપાલિકા પ્રમુખ પ્રતિનિધિ કાળાભાઈ બારડ, ઉપપ્રમુખ ના પ્રતિનિધિ વજુભાઈ પંપાણીયા, કારોબારી ચેરમેન નરેશભાઈ કામળિયા સુત્રાપાડા શહેર ભાજપ પ્રમુખ સુરાસિંહભાઈ મોરી, મહામંત્રી સિધ્ધરાજ રાઠોડ, અમરસિંહ મેર, કોળી સમાજના આગેવાન રામભાઈ પટેલ, હરેશભાઈ કામલીયા, દિનેશભાઈ કામળીયા, વિજયભાઈ કાછેલા,રાહુલભાઈ ઠક્કર, રાહુલભાઈ વાણવી જાદવભાઈ વાણવી સહિત નગરપાલિકાના કર્મચારીઓ, વિવિધ ક્ષેત્રના આગેવાનો અને પ્રશ્નાવડા સ્ટાફ ડો.હંસાબેન.એ.ડોડીયા, રેખાબેન.એસ.ડોડીયા, દશ્રાબેન.ડી.મોરી.તેમજ રામસિંહ ભાઈ ઝાલા,રોહિત ભાઈ ઝાલા મહિપતભાઈ જાદવ તેમજ મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સુત્રાપાડામાં અદ્યતન બસ સ્ટેશન બનાવવા દિલીપસિંહ બારડની ડે.સીએમને રજૂઆત

## વિદ્યાર્થી, મહિલાઓ, વૃદ્ધો સહિત હજારો મુસાફરોની મુશ્કેલી દૂર કરવા ગ્રાન્ટ ફાળવવા અપીલ

**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

ગીર સોમનાથ જિલ્લાના ઔધોગિક અને ધાર્મિક મહત્વ ધરાવતા સુત્રાપાડા શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના હજારો નાગરિકો, વિદ્યાર્થીઓ, શ્રમિકો અને વેપારીઓને એસ.ટી. બસની મુસાફરીમાં પડતી હાલાકી અંગે ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ કારોબારી સભ્ય અને જામનગર જિલ્લા પ્રભારી અને પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડ પુત્ર



દિલીપભાઈ જસાભાઈ બારડ દ્વારા રાજ્યના વાહન વ્યવહાર મંત્રીને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

પત્રમાં જણાવ્યા મુજબ, હાલમાં સુત્રાપાડા ખાતે આવેલું જૂનું એસ.ટી. બસ સ્ટેન્ડ મુસાફરોની વધતી સંખ્યા સામે અપૂરતું સાબિત થઈ રહ્યું છે. મુસાફરો માટે બેસવાની યોગ્ય વ્યવસ્થા, પીવાનું શુદ્ધ પાણી, શૌચાલય, રોશની અને બસના આવવા-જવાની પ્લેટફોર્મ જેવી પાયાની સુવિધાઓનો અભાવ છે. જેના કારણે ખાસ કરીને મહિલાઓ, વૃદ્ધો અને દિવ્યાંગ દર્દીઓ મુસાફરોને ભારે મુશ્કેલી ભોગવવી પડે છે.

જીએચસીએલ જેવા મોટા ઉદ્યોગો અને વેરાવળ-સોમનાથ યાત્રાધામના કારણે સુત્રાપાડામાં રોજ હજારો લોકોની અવર-જવર રહે છે, ત્યારે તમામ આધુનિક સુવિધાઓથી સજ્જ નવું એસ.ટી. સ્ટેન્ડ મંજૂર કરવું એ લોક માંગણી બની છે.

આથી આ બાબતની ગંભીરતા સમજીને સુત્રાપાડામાં નવા એસ.ટી. સ્ટેન્ડના નિર્માણ માટે જરૂરી મંજૂરી અને ગ્રાન્ટ વહેલી તકે ફાળવવા માટે રજૂઆત કરવામાં આવી છે.

# ખંભાળિયા : માનવ સેવા સમિતિ દ્વારા કાલે નિ:શુલ્ક નેત્રનિદાન કેમ્પ

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

લલીતાબેન પ્રેમજીભાઈ બદીયાણી હોસ્પીટલના ઉપક્રમે માનવ સેવા સમિતિ દ્વારા ખંભાળીયામાં સેવાકીય પ્રવૃતિના ભાગરૂપે રવિવાર તા.૧૧-૧૦-૨૦૨૬ ના રોજ શ્રી લોહાણા વિદ્યાર્થી ભવન, પોલીસ સ્ટેશન પાસે, ખંભાળીયા મુકામે સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ વાગ્યા સુધી વિનામુલ્યે નેત્રનિદાન સારવાર શસ્ત્રક્રિયા કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ કેમ્પમાં વિરનગરની ખ્યાતનામ શ્રી શિવાનંદ મિશન હોસ્પીટલના ડોકટરોની ટીમ દ્વારા દર્દીઓને તપાસી સારવાર તેમજ દવા આપવામાં આવશે. ઓપરેશનની જરૂર જણાયેલ દર્દીઓને તેજ દિવસે બસ દ્વારા વિરનગર હોસ્પીટલ લઈ જઈ આધુનિક ફેંકો પધ્ધતીથી બીજે દિવસે ઓપરેશન કરી આપવામાં આવશે તેમજ ત્રીજે દિવસે બસ દ્વારા પરત લઈ આવવામાં આવશે. ઉપરોકત સેવા પ્રવૃતિઓનો ખંભાળીયા શહેર તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના લોકોને લાભ લેવા માટે માનવ સેવા સમિતિના પ્રમુખ મનુભાઈ પાબારીએ અપીલ કરી છે. આ કેમ્પના દીપ પ્રાગટય પ્રસંગે લાયન્સ કલબના પૂર્વ પ્રમુખ યુનુસભાઈ દારૂવાલા તથા ખંભાળીયા નગરપાલિકાના કારોબારી ચેરમેન રાજભાઈ પાબારી ઉપસ્થિત રહેશે. કેમ્પનો લાભ લેનાર દર્દીઓ માટે તમામ વ્યવસ્થા હોસ્પીટલ તરફથી વિનામુલ્યે કરવામાં આવી છે. કેમ્પમાં આંખના નંબર કાઢી આપવામાં આવશે નહી.

## ટીબી નાબૂદી અભિયાનમાં પ્રશંસનીય કામગીરી બદલ

# માણાવદર: લાયન્સ કલબના ઉપપ્રમુખ કમલેશ લોડાયાનું જૂનાગઢના કલેકટર દ્વારા સન્માન



**અબતક,જીજ્ઞેશ પટેલ, માણાવદર**

કેન્દ્ર સરકારના 'ટીબી મુકત ભારત' અભિયાન અંતર્ગત માણાવદરના સેવાભાવી અગ્રણી, લાયન્સ કલબના ઉપપ્રમુખ અને 'માય ભારત' વોલિયેન્ટર કમલેશ બી. લોડાયાને તેમની પ્રશંસનીય સેવાઓ બદલ જૂનાગઢ જિલ્લા કલેક્ટર દ્વારા પ્રમાણપત્ર આપીને વિશેષ સન્માન કરવામાં આવ્યું છે.ટીબીના દર્દીઓને પોષણ સહાય અને સામાજિક ટેકો પૂરો પાડવાના ઉદ્દેશ્ય સાથે, જૂનાગઢ જિલ્લા ક્ષય અધિકારી ડો. ચંદ્રેશ વ્યાસના માર્ગદર્શન હેઠળ કમલેશ લોડાયા 'નિક્ષય મિત્ર' તરીકે જોડાયા હતા. તેમણે ક્ષય રોગના દર્દીઓની સારસંભાળ અને સહાય માટે ઉત્સાહપૂર્વક કામગીરી કરી સામાજિક ઉત્તરદાયિત્વનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.આ સેવાકીય પ્રદાનની કદરરૂપે જૂનાગઢ જિલ્લા કલેક્ટર યોગેશ ચૌધરી દ્વારા કમલેશ બી. લોડાયાને પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ માણાવદર લાયન્સ કલબના સભ્યો, સ્થાનિક આગેવાનો તેમજ સ્નેહીજનો તરફથી તેમને વ્યાપક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

# પાટડી : આંગણવાડી કેન્દ્રમાં તેલ ન હોવાનો મુદ્દો ઉઠાવનાર કાર્યકરને નોટિસ ફટકારાતા વિરોધ

## આઈસીડીએસ કચેરી ખાતે આંગણવાડી કાર્યકરોએ ધરણા યોજી ઉગ્ર રજૂઆત કરી

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લાના પાટડી તાલુકામાં આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને મળતી સુવિધાઓ અને પોષણક્ષમ આહારની વ્યવસ્થાને લઈને વિવાદ સામે આવ્યો છે. જેમાં પાટડી ઘટક -૦૧ આંગણવાડી કેન્દ્રમાં તેલ ન હોવાનો મુદ્દો ઉઠાવનાર આંગણવાડી કાર્યકરને નોટિસ આપવામાં આવતા આંગણવાડી કાર્યકરોમાં રોષની લાગણી ફેલાઈ છે. જે મામલે આઈસીડીએસ કચેરી ખાતે આંગણવાડી વર્કરો દ્વારા ધરણાં યોજી



વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.

જો આંગણવાડી કેન્દ્રમાં બાળકોને આપવામાં આવતી સામગ્રી કે સુવિધાઓ અંગે કોઈ ખામી હોય તો તેની રજૂઆત કરવી એ આંગણવાડી કાર્યકરની જવાબદારીનો જ એક ભાગ છે. તેમ છતાં રજૂઆત કરનાર સામે કાર્યવાહી કરવામાં આવતા અનેક સવાલો ઉભા થયા છે.

# દ્વારકાના પિંડારા ગામે ઋષિ તળાવ નજીક ચેકડેમ બનાવવા રજૂઆત

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

કલ્યાણપુર તાલુકાના પિંડારા ગામ વિસ્તારમાં મહાપ્રભુજીની બેઠક નજીકના વિસ્તારોમાં કુવાના પાણી તથા બોરના પાણી જમીનની ખારાશને લીધે ખારા બની ગયા છે. આ વિસ્તારમાં જમીનની ખારાશ અટકાવવા અંગે સ્થાનીય આગેવાનો તથા ખેડૂતો દ્વારા પિંડારા બેઠકજી પાસે આવેલ ઋષિ તળાવ નજીક ચેકડેમ બનાવવા ખંભાળીયાના



કાર્યપાલક ઈજનેરને રજૂઆત કરવામાં આવી છે.

# 'વડીલોની સેવામાં જ સંસ્કાર અને જનસેવાની સાર્થકતા : ધારાસભ્ય મહેશ કસવાલા

## મહાત્માગાંધી ધર્મશાળા ખાતે સાધન સહાય અને તપાસ કેમ્પમાં ૨૦૦થી વધુ વડીલોએ લીધો લાભ

**અબતક, રેહાન ધાનાણી, સાવરકુંડલા**

સાવરકુંડલાઃ વડીલો એ પરિવારનો આધાર, સમાજનો અનુભવ અને સંસ્કારોની અમૂલ્ય ધરોહર છે. તેમના જીવનમાં સુખ, સુવિધા અને સન્માન વધારવું એ માત્ર સામાજિક જવાબદારી જ નહીં, પરંતુ આપણી સંસ્કૃતિના મૂલ્યોનું જતન પણ છે. આ જ સેવાભાવનાને સાકાર કરતા ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ (અકઈખઈઘ) તથા અમરેલી જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે સાવરકુંડલા શહેરની



મહાત્મા ગાંધી ધર્મશાળા ખાતે રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત વરિષ્ઠ નાગરિકો માટે નિઃશુલ્ક સાધન સહાય મૂલ્યાંકન અને તપાસ કેમ્પ યોજાયો હતો, જેમાં ૨૦૦થી વધુ વડીલોએ લાભ લીધો હતો.

આ કેમ્પનો શુભારંભ અમરેલી લોકસભાના સાંસદ ભરતભાઈ સુતરીયા તેમજ સાવરકુંડલા-લીલિયા વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા ના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સાવરકુંડલા શહેર તેમજ આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં વડીલો, નાગરિકો અને વિવિધ ક્ષેત્રના આગેવાનોએ જોડાઈને વડીલોની સેવા અને સુખાકારી પ્રત્યેની સામૂહિક પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

રાષ્ટ્રીય વયોશ્રી યોજના ભારત સરકારની એવી લોકકલ્યાણકારી પહેલ છે, જે વયના કારણે શારીરિક મુશ્કેલીઓનો સામનો કરતા જરૂરિયાતમંદ વરિષ્ઠ નાગરિકોને સહાયક સાધનો ઉપલબ્ધ કરાવી તેમના જીવનની ગુણવત્તા સુધારવામાં મદદરૂપ બને છે.

# જામજોધપુર : રેવન્યુ વિભાગની હડતાળથી સરકારે વૈકલ્પિક વ્યવસ્થા કરવા કોંગ્રેસ પ્રમુખની માંગ

**અબતક, ભરત ગોહિલ, જામજોધપુર**

હાલ રેવન્યુ વિભાગ ના કર્મચારી ની હડતાળથી પ્રજા પરેશાની ભોગવી રહી છે આંબા વારસાઈ તેમજ ખેડુતો માટે ના મહત્વ ના દાખલા ઓ જે અતિશય હાલ જરૂરી હોય તેવા કામો થતા નથી જેથી ખેડૂતો પ્રજા હેરાન પરેશાન થઈ રહી હોય સરકાર દ્વારા આકામો ચાલુ રહે તેવા હેતુસર રેવન્યુ વિભાગ કર્મચારી ની હડતાલ અંગે તેમની માંગણી અંગે બેઠક કરી વહેલી તકે સુલેહ કરે અથવા રેવન્યુ વિભાગના કામો થાય તે માટે તાત્કાલિક વૈકલ્પિક વ્યસ્થા ઉભી થાય તેવી શહેર કોંગ્રેસ પ્રમુખ સચિનભાઈ ચોટાઈએ માંગ કરી છે.

## ગરબા ગાતી બાળાઓને પ્રોત્સાહિત કરવાના હેતુસર

# માણાવદર: 'આપ' ઉપપ્રમુખ કનુ સોનારાના હસ્તે દીકરીઓને ગરબા અર્પણ કરાયા

**અબતક, જીજ્ઞેશ પટેલ, માણાવદર**

આધશકિત મા અંબાની આરાધનાના પાવન પર્વ નવરાત્રી નિમિત્તે આપણી પ્રાચીન ભારતીય અને ગુજરાતી સંસ્કૃતિની ધરોહર જળવાઈ રહે તે હેતુથી માણાવદર ખાતે એક પ્રેરણાદાયી સેવાકીય કાર્યક્રમ યોજાયો હતો. નવરાત્રી દરમિયાન પરંપરાગત રીતે ઘરે-ઘરે જઈને માતાજીના ગરબા ગાતી બાળાઓ તથા દીકરીઓને પ્રોત્સાહિત કરવા માટે ગરબાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનું આયોજન આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી તેમજ 'મિશન ૨૦૨૭' ૮૫-માણાવદર વિધાનસભાના પ્રભારી રાજુ ભાઈ બોરખતરીયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. માણાવદર શહેર આપ



ઉપપ્રમુખ કનુભાઈ સોનારાના હસ્તે આ તમામ દીકરીઓને સન્માનપૂર્વક ગરબાઓ અર્પણ કરવામાં આવ્યા હતા.આ સેવાયજ્ઞનો મુખ્ય ઉદ્દેશ્ય આજની આધુનિક પેઢીમાં પણ આપણી ભવ્ય ધાર્મિક પરંપરાઓ અને પ્રાચીન લોકસંસ્કૃતિ અકબંધ રહે તેમજ બાળાઓ ભકિતભાવપૂર્વક માતાજીની આરાધના સાથે જોડાયેલી રહે તેવો છે. નવરાત્રીના પવિત્ર દિવસોમાં દીકરીઓને ગરબા ભેટ આપી સંસ્કૃતિના જતન તરફ કરવામાં આવેલા આ સુંદર પ્રયાસને સ્થાનિક લોકો અને વાલીઓએ આવકાર્યો હતો.

# થાન તાલુકામાં પશુઓનું મારણ કરતો દીપડો પાંજરે પુરાયો

## દીપડાનું સફળ રેસ્ક્યુ થતાં પશુપાલકો અને ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



થાન તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા થોડા દિવસો થી દીપડાએ દેખા દીધી હતી અને ગામની સીમમાં પશુઓનું મારણ કરતા પશુ પાલકો અને ખેત મજૂરોમાં ફફડાટ ફેલાયો હતો. જેની જાણ વન વિભાગની ટીમને કરતા અંતે દીપડાને લાખામચી ગામની સીમમાં પાંજરું ગોઠવી સફળ રેસ્ક્યુ કરવામાં આવતાં પશુપાલકો સહિત ગ્રામજનોએ રાહત અનુભવી છે.

વન વિભાગની ટીમની કામગીરીના અંતે દીપડો પાંજરે પૂરાતાં તેનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. છેલ્લા કેટલાક દિવસોથી દીપડાના ભય હેઠળ જીવતા પશુપાલકો, ખેતમજૂરો અને ગ્રામજનોએ દીપડો પકડાઈ જતાં રાહતનો શ્વાસ લીધો છે.

# માણાવદર : બ્લુબેલ સ્કૂલની વેલકમ નવરાત્રીમાં વિદ્યાર્થીઓ અને વાલીઓ મન મૂકીને ગરબે ઘૂમ્યા



**અબતક, જીજ્ઞેશ પટેલ, માણાવદર**

માણાવદરના જીલાણા રોડ સ્થિત જાણીતી શૈક્ષણિક સંસ્થા બ્લુબેલ સ્કૂલ ખાતે 'વેલકમ નવરાત્રી મહોત્સવ ૨૦૨૬'નું અત્યંત ઉત્સાહભેર અને ધામધૂમથી આયોજન કરવામાં આવ્યું હતું. પાવન નવરાત્રી પર્વના રંગેચંગે વધામણાં કરવાના હેતુથી યોજાયેલા આ કાર્યક્રમનો મંગલ પ્રારંભ માતાજીની પાવન આરતી ઉતારીને શ્રદ્ધાપૂર્વક કરવામાં આવ્યો હતો.

આ મહોત્સવમાં શાળાના વિદ્યાર્થીઓ તેમજ મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. મનમોહક અને પરંપરાગત સંગીતના તાલે વિદ્યાર્થીઓ અને વાલીઓ એકસાથે મોડી રાત સુધી મન મૂકીને ગરબે ઘૂમ્યા હતા. રંગબેરંગી ટ્રેડિશનલ પોશાકમાં સજ્જ ખેલૈયાઓના ઉત્સાહથી સમગ્ર કેમ્પસ ભક્તિમય અને ઉત્સવમય બની ગયું હતું.

ગરબાની પૂર્ણાહુતિ બાદ બાળકોના મનોરંજન માટે વિશેષ ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તમામ બાળકોએ હોંશેહોંશે ભાગ લીધો હતો. ભક્તિ, સંગીત અને આનંદના સંગમ સમાન આ સમગ્ર કાર્યક્રમે ઉપસ્થિત તમામ લોકોમાં આગામી નવરાત્રી મહોત્સવ માટે એક અનેરો ઉત્સાહ ભરી દીધો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે બ્લુબેલ સ્કૂલના સંચાલક હિતેશભાઈ અઘેરા અને સ્નેહલબેન અઘેરાએ ભારે જેહમત ઉઠાવી હતી.

તેમજ માણાવદરના મહાદેવિયા રોડ પર આવેલ શૈશવ સ્કૂલ ખાતે અગામી આધશકિતના મહાપર્વ નવરાત્રીના રંગેચંગે વધામણાં કરવા માટે 'વેલકમ નવરાત્રી મહોત્સવ ૨૦૨૬'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ ધાર્મિક અને સાંસ્કૃતિક ઉત્સવનો મંગલ શુભારંભ પવિત્ર ભાવ સાથે માતાજીની આરતી ઉતારીને કરવામાં આવ્યો હતો, જેનાથી સમગ્ર પરિસર ભક્તિમય વાતાવરણથી ગૂંજી ઊઠ્યું હતું.

# જૂનાગઢઃ નવરાત્રીમાં લાઉડ સ્પીકર રાત્રિના ૧૨ કલાક પછી વગાડવા પર પ્રતિબંધ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢ જિલ્લામાં આગામી તા.૧૧ થી તા.૨૦ ઓકટોબર સુધી નવરાત્રી મહોત્સવની ઉજવણી થનાર છે. જે દરમિયાન ખાનગી કે જાહેર સ્થળોએ રાત્રિ દરમિયાન ગરબા રાસ કાર્યક્રમો યોજાતા હોય રાત્રિના ૧૨.૦૦ કલાક પછી પબ્લિક એડ્રેસ સિસ્ટમ/લાઉડ સ્પીકર વગાડવા બાબતે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

જૂનાગઢ જિલ્લામાં અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ બી.એસ. બારડ દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(૧) (એન) અન્વયે મળેલ સત્તાની રૂએ નોઈસ પોલ્યુશન રૂલ્સ ૨૦૦૦ની કલમ ૫(૨)(૩) ની જોગવાઈઓને આધીન તથા સરકારના વંચાણે લીધેલા ક્રમ-૧ના જાહેરનામા મુજબ તા.૧૧થી તા.૨૦ ઓકટોબર સુધી રાત્રિના ૧૨.૦૦ કલાક પછી પબ્લિક એડ્રેસ સિસ્ટમ/લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ ફરમાવતો હુકમ જાહેર કરેલ છે.

આ હુકમ અન્વયે પોલીસ સબ ઈન્સ્પેકટર અને તેથી ઉપરના હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાોનો ભંગ કરનાર ઈસમો સામે ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવેલ છે.

### જસદણના વ્યાજખોર જેબલીયા પિતા-પુત્રોનું વધુ એક કારસ્તાન

# સાણથલીના ખેડૂતને પાંચ લાખ રૂપિયા વ્યાજે આપી જમીનનો દસ્તાવેજ કરાવી લીધો

**અબતક, રાજકોટ**

જસદણના સાણથલી ગામે રહેતા વ્યાજખોર જેબલીયા પિતા-પુત્રોનું વધુ એક કારસ્તાન સામે આવ્યું છે. અગાઉ વૃદ્ધ ખેડૂતને રૂ. ૫.૫૦ લાખ વ્યાજે આપી જમીન પડાવી લેનાર પિતા-પુત્રોએ અન્ય એક ખેડૂત યુવાનને રૂ. ૫ લાખ માસિક ત્રણ ટકા વ્યાજે આપી જમીનનો દસ્તાવેજ કરાવી લીધો હતો. ખેડૂત યુવાને દસ્તાવેજ પરત આપવાનું કહેતા વ્યાજખોરોએ રૂ. ૨૦ લાખની માંગણી કરી હતી. જેથી ખેડૂત યુવાને ત્રણેય પિતા-પુત્રો સામે આટકોટ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

જસદણના સાણથલી ગામે રહેતા ૪૦ વર્ષીય ખેડૂત યુવાન ચેતનભાઈ પોપટભાઈ રૂપારેલીયાએ વ્યાજખોર તરીકે અહીં ગામમાં જ રહેતા ભગુભાઈ વલકુભાઈ જેબલીયા, પ્રતાપભાઈ ભગુભાઈ જેબલીયા અને રાજુભાઈ ભગુભાઈ જેબલીયા નામના પિતા-પુત્રોનું નામ આપી જણાવ્યું હતું કે, મારા પિતા પોપટભાઈ પોલાભાઈ રૂપારેલીયાના નામે આશરે પંદરે વીઘા જમીન આવેલ હતી. જે જમીન મારા પિતાજીના મૃત્યુ બાદ મારા ઘરની પરીસ્થિતિ સારી નહી રહેતા મે જમીનમાંથી અમારા ગામના ખોડાભાઈ ભીખાભાઈ આયરને પાંચ વિઘા મારા લગ્ન વખતે વેચેલ હતી. બાદ બીજી પાંચ વિઘા જમીન પીપળીયા ગામના અશોકભાઈ દરબારને વેચેલ હતી. વર્ષ ૨૦૧૭ મા મારા બહેનોના લગ્ન પ્રસંગ વખતે મે અમારા સબંધીઓ પાસેથી ઉછીના રૂપિયા લીધેલ હોય જે નાણાં પરત

## યુવાને દસ્તાવેજ પરત આપવાનું કહેતા રૂ.૨૦ લાખ માંગ્યા : ત્રણ શખ્સો સામે આટકોટ પોલીસે ગુનો નોંધ્યો

આપવા માટે અમારા ગામના ભગુભાઈ વલકુભાઈ જેબલીયા જેઓ વ્યાજે પૈસા આપતા હોય તેમને મારી પાસે રહેલ પાંચ વીઘા જમીન પર પાંચ લાખ આપવાની વાત કરેલ હતી. જેથી ભગુભાઈએ જમીનનો દસ્તાવેજ કરી દેવાની અને બે વર્ષમાં રૂપિયા પરત આપી દઈશ તો તેઓ દસ્તાવેજ પરત કરી દેશે તેવી શરતે વર્ષ ૨૦૧૭ મા ભગુભાઈ વલકુભાઈ જેબલીયાને મારી સાણથલી ગામની રેવન્યુ સર્વે નં-૨૦૩ પૈકી ૨ ની હે.આરે.ચો. મી. ૦-૮૧-૯૪ જમીનનો વેચાણ દસ્તાવેજ કરી આપેલ હતો અને તેમણે મને પાંચ લાખ રૂપિયા માસિક ત્રણ ટકા વ્યાજે આપેલ હતા. ત્યારે ભગુભાઈએ મને કહેલ કે, આ જમીનનો સાત/બાર બે વર્ષ સુધી તારા નામે રહેશે. બાદ મારી પાસે પૈસાની સગવડ નહી થતાં ભગુભાઈ તેમજ તેના બન્ને દિકરા પ્રતાપ તેમજ રાજુ અવાર નવાર પૈસાની ઉઘરાણી કરવા લાગેલ હતા અને પાંચ લાખ રૂપિયા ત્રણ ટકા વ્યાજ સાથે પરત આપવા પડશે તેમ કહી ઉઘરાણી કરતા હતા. બાદ વ્યાજખોર પિતા-પુત્રોને અવારનવાર મારી પાસેથી કરાવી લીધેલ વેચાણ દસ્તાવેજ પરત આપવા જણાવતો હતો. ત્યારે તેઓ દસ્તાવેજ પરત કરી આપવાની વાત કરતા હતા, પરંતુ દર વખતે દસ્તાવેજ પરત કરી આપવા માટેની રકમ વધારતા જતા હતા. થોડા દિવસ પહેલા હું ભગુભાઈ વલકુભાઈ જેબલીયા તથા તેમના બંને દીકરા પ્રતાપભાઈ જેબલીયા અને રાજુભાઈ જેબલીયાને દસ્તાવેજ પરત કરી આપવા બાબતે વાત કરવા ગયેલ ત્યારે ત્રણેય લોકોએ દસ્તાવેજ પરત કરી આપવા માટે મારી પાસે રૂ.૨૦ લાખની માંગણી કરેલ હતી. જે રકમ મારી આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી આપી શકુ તેમ ન હોય ત્રણેય શખ્સોએ જમીનનો દસ્તાવેજ પરત નહિ આપી જમીન પડાવી લીધી હતી. જેથી અંતે ખેડૂત યુવાને વ્યાજખોરો સામે ફરિયાદ આપતાં આટકોટ પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી આદરી હતી. ઉલ્લેખનીય છે કે, વ્યાજખોર પિતા-પુત્રોએ સાણથલી ગામના જ અન્ય એક વૃદ્ધ ખેડૂત વશરામભાઈ મોહનભાઈ સીરોયાને રૂ. ૫.૫૦ લાખ માસિક ત્રણ ટકા વ્યાજે નાણાં આપી ઘરમાંથી કોઈ જીવતું રહેશે નહિ, ગામ મુકાવી દઈશ તેવી ધમકીઓ આપી સિક્યોરિટી પેટે જમીનનો દસ્તાવેજ કરાવી લીધેલ હતો.

બાદ ખેડૂતે જમીનનો દસ્તાવેજ પરત માંગતા રૂ. ૫૦ લાખની માંગણી કરી હતી. જે મામલે વૃદ્ધ ખેડૂતે બે દિવસ પૂર્વે જ વ્યાજખોર પિતા-પુત્રો સામે આટકોટ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# પશુઓનું દૂધ વધારવાના પ્રાણઘાતક ઈન્જેકશન વેંચતા ધોરાજીના વેપારી સામે ગુનો નોંધાયો

## ધોરાજીના બુખારીશા ચોકમાં રૂરલ એલસીબી ટીમે દરોડો પાડી રૂ.૨.૮૫ લાખના ઈન્જેકશન કબ્જે કર્યા'તા : એફએસએલ પરીક્ષણમાં ટોક્સિનની હાજરી મળતા કાર્યવાહી

**અબતક, રાજકોટ**

ધોરાજીનો વેપારી પશુઓનું દૂધ વધારવા માટે અપાતા પ્રાણઘાતક ઈન્જેકસનના મોટા જથ્થા સાથે ઝડપાયો હતો. રૂરલ એલસીબી ટીમે રૂ. ૨.૮૫ લાખના ઈન્જેકશન કબ્જે કરી એફએસએલ પરીક્ષણ અર્થે મોકલી દીધો હતો. જે પરીક્ષણમાં ઈન્જેકશનમાં ટોકસીનની હાજરી મળતા ફયાજ વાલોરીયા સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. દરોડાની વિગત મુજબ, રૂરલ એલસીબી પીએસઆઈ કે.એમ.ચાવડા ટીમ સાથે ગઈ તા.૨૧-૦૧-૨૦૨૫ ના ધોરાજી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં ત્યારે સાથેની ટીમને ધોરાજી બુખારીશા ચોક, બુખારી મસ્જીદ સામેની ગલીમાં આવતા બાતમી મળેલ કે, અહી ગલીમાં ફયાજ આરીફ વાલોરીયા (રહે. ધોરાજી) પોતાના કબ્જા ભોગવટાના જુના મકાનમાં ગાય, ભેંસ વધુ દુધ આપે તેવા ઈન્જેકશનો જથ્થો કોઈ પણ આધાર પુરાવા બીલ વગર રાખી વેચાંણ કરે છે જે બાતમીના આધારે દરોડો પાડતાં ફયાજ આરીફ વાલોરીયા (ઉ.વ.૫૦, રહે. બહારપુરા નદી બજાર, અનવરીયા સ્કુલની સામે, ધોરાજી) ને અટકમાં લીધો હતો.પોલીસની ટીમે મકાનમાં તપાસ કરતા રૂમમાં નાની મોટી સાઈઝના બોકસો પ્લાસ્ટીકના થેલામાં પણ પડેલ જોવામાં આવતા જે બાબતે તે શખ્સને પૂછતા તમામ બોકસોમાં ગાય, ભેસ વધુ દુધ આપે તે માટેના પારદર્શક પ્રવાહી ભરેલ પ્લાસ્ટીકના નાની બોટલો (ઈન્જેકશનો) છે. તેમજ તેની પાસે ઈન્જેકશો રાખવા અંગે કોઈ આધાર પુરાવાઓ કે બીલ પણ ન હોય જેથી મુદામાલ શંકાસ્પદ લાગતાં પ્લાસ્ટીકના નાની બોટલો (ઈન્જેકશનો) કુલ-૧૩૪૩ રૂા.૧,૩૪,૧૦૦ નો મુદામાલ કબ્જે કરેલ હતો. તેમજ મોટી બોટલોના બોકસ નંગ-૩૧૬ કુલ રૂ.૨,૮૫,૯૮૦ નો શંકાસ્પદ મુદામાલ કબ્જે કરેલ હતો. જે બાદ ધોરાજી સીટી પોલીસ સ્ટેશન ખાતે જાણવા જોગ દાખલ કરી કબ્જે કરેલ સેમ્પલ એફએસએલ તપાસણી અર્થે મોકલી આપેલ હોય જેનો અભિપ્રાય આવતા ઈન્જેકશનોમાં ઓકસીટોસીનની હાજરી મળી આવેલ છે. જેથી આરોપી ફયાજભાઈ વાલોરીયાએ ગાય, ભેસ વધુ દુધ આપે તે માટેના સફેદ પ્રવાહી ભરેલ પ્લાસ્ટીકની બોટલો (ઈન્જેકશનો) નો ઉપયોગ કરી ઢોરની તંદુરસ્ત માટે નુકશાનકારક પ્રવાહીનું વેચાણ કરતા પ્રાણી (ઢોર) કુરતા નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

# ગોંડલના ચરખડી ગામે ગાળો બોલતા શખ્સને ટપારવા ગયેલા પ્રૌઢ પર ઈંટ વડે હુમલો

## તું મને કહેવાવાળો કોણ? તેમ કહી ગાલના ભાગે ઈંટનો ઘા ઝીંકી દીધો, ખૂનની ધમકી આપીઃ ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

ગોંડલના ચરખડી ગામે રહેતા ૫૩ વર્ષીય પ્રૌઢ જાહેરમાં ગાળો બોલતા શખ્સને ટપારવા જતાં ઉશ્કેરાયેલા શખ્સે ઈંટ વડે હુમલો કરી દીધો હતો. તું મને કહેવાવાળો કોણ કહી પ્રૌઢના ગાલના ભાગે ઈંટનો ઘા ઝીંકી દીધો હતો. વધુમાં ખૂનની ધમકી પણ આપી હતી. હુમલામાં ઘવાયેલા પ્રૌઢને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. સમગ્ર મામલે ગોંડલ તાલુકા પોલીસે ગુનો નોંધ્યો હતો.

ગોંડલના ચરખડી ગામે પડવલાના પાટીયા પાસે રહેતા ૫૩ વર્ષીય પ્રૌઢ બાબુભાઈ ઘુસાભાઈ સોલંકીએ આરોપી તરીકે ભગાભાઈ નરશીભાઈ સોલંકીનું નામ ગઈ તા.૦૮/૧૦/૨૦૨૬ ના સવારના આશરે નવ વાગ્યાના વખતે હું મારૂ એકટીવા મોટર સાઈકલ રજી.નં.જીજે-૦૩-એમએચ-૨૧૩૧ લઈને અમારા ચરખડી ગામે ગયેલ હતો. ચરખડી ગામમાં કાંતીભાઈ લુહારવાળી શેરીમાં હું મારૂ એકટીવા લઈને જતો હતો તે દરમ્યાન અમારા ગામનો ભગાભાઈ નરશીભાઈ દેવીપુજક ગાળો બોલતો બોલતો શેરીમાં ચાલ્યો જતો હતો. જેથી મેં તેને ગાળો બોલવાની ના પાડતા તેણે મને કહેલ કે તું મને કોણ કેવા વાળો ? તેમ કહી મને જેમ ફાવે તેમ ગાળો આપવા લાગેલ હતો. બાદ શેરીમાં પડેલ ઈટનો કટકો મને ડાબા ગાલ ઉપર મારી દિધેલ હતો. બીજો ઘા મારવા જતા હું ત્યાંથી ભાગેલ તો તેણે મને કહેલ કે તું ઉભો રહે તને તો મારી નાખવો છે તેમ ધમકી આપેલ હતી.

પ્રૌઢ હુમલાખોરના બીકના માર્યા ઘરે દોડી ગયેલ હતા. પ્રૌઢના ગાલના ભાગેથી લોહી નીકળતું હોય પુત્રએ સારવાર અર્થે ગોંડલની ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા. સારવાર મેળવ્યા બાદ પ્રૌઢે ગોંડલ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# જેતપુરના દેવકીગાલોલ ગામે વૃદ્ધ પર પાવડાના હાથા વડે હુમલો

## દુકાન ખાલી કરવાની માથાકૂટમાં પિતા-પુત્રનું ખૂન કરી નાખવાની અને મકાન સળગાવી નાખવાની ધમકી આપનાર સુરેશ બગડા સામે ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

જેતપુરના દેવકીગાલોલ ગામે રહેતા વૃદ્ધને પાવડાના હાથા વડે માર મારવામાં આવ્યો હતો. વૃદ્ધની દુકાન ખાલી કરવા મામલે ચાલતી માથાકૂટનો ખાર રાખી હુમલો કરી પિતા-પુત્રને મારી નાખવાની અને મકાન સળગાવી નાખવાની ધમકી આપેલ હતી. સમગ્ર મામલે ઈજાગ્રસ્તની ફરિયાદ પરથી જેતપુર તાલુકા પોલીસે ગુનો નોંધ્યો હતો.

જેતપુરના દેવકીગાલોલ ગામે રહેતા ૫૯ વર્ષીય વૃદ્ધ રવજીભાઈ ખોડાભાઈ મારૂએ આરોપી તરીકે અહીં ગામમાં જ રહેતા સુરેશ પ્રેમજીભાઈ બગડાનું નામ આપી જણાવ્યું હતું કે, હું જેતપુર બગસરા હાઈવે ઉપર કાજલ સાયકલ સ્ટોર નામની દુકાન ધરાવી વેપાર કરુ છું. ગઈકાલે સવારના દસ વાગ્યે હું મારા ઘરેથી દુકાને જતો હતો. ગામના સરપંચના ઘર પાસે પહોચતા અમારા સંબંધી સુરેશભાઈ પ્રેમજીભાઈ બગડાએ ધસી આવી કંઈ પણ કહ્યા વિના મને ગાળો આપી પાવડાના હાથા વડે મારા ખંભાના ભાગે એક ઘા મારી દીધેલ હતો. જેથી હું નીચે પડી ગયેલ હતો. બાદ મને ગાલ ઉપર બે જાપટ મારી દીધેલ હતી. વધુમાં વૃદ્ધએ જણાવ્યું હતું કે, અગાઉ અમારે મારી દુકાન ખાલી કરવા બાબતે મનદુઃખ ચાલતુ હતુ ત્યારે સુરેશભાઈએ મને ધમકી આપેલ કે, તને અહીંયા રહેવા દેવો નથી, તારૂ મકાન સળગાવી દેવું છે, તને અને તારા દીકરાને મારી નાખવો છે તેમ કહી ધમકી આપેલ હતી. દરમિયાન વૃદ્ધના પત્નિ દોડી આવ્યા હતા અને એમ્બયુલન્સ મારફતે ઈજાગ્રસ્તને જેતપુર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા. બનાવ મામલે વૃદ્ધની ફરિયાદ પરથી જેતપુર તાલુકા પોલીસે સુરેશ પ્રેમજીભાઈ બગડા સામે ગુનો નોંધ્યો હતો.

# જુનાગઢ મનપા દ્વારા પ્રતિબંધીત પ્લાસ્ટિક સામે લાલઆંખઃ ૧૪.૬૫ લાખનો દંડ વસૂલાયો

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**



જુનાગઢ મહાનગરપાલિકા દ્વારા શહેરને સ્વચ્છ અને પ્રદૂષણ મુક્ત બનાવવાના હેતુથી પ્રતિબંધીત પ્લાસ્ટિક અને સીંગલ યુઝ પ્લાસ્ટિક સામે સઘન ચેકિંગ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે.ત્યારે મનપા દ્વારા પ્રતિબંધીત પ્લાસ્ટિકનો ઉપયોગ કે વેચાણ કરતા ૨૧૧ આસામીઓ પાસેથી ૧,૧૧૦ કિલો પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યું છે. હાલ ચાલી રહેલ 'સ્વચ્છ શહેર ૧૦૦ દિવસ મહા અભિયાન' અને 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત કમિશનર આઈ.આર. વાળાના માર્ગદર્શન હેઠળ સેનેટરી ઈન્સ્પેક્ટરોની ચેકિંગ સ્કવોડ દ્વારા શહેરમાં હાથ ધરાયેલી કામગીરીમાં પ્રતિબંધીત પ્લાસ્ટિકનો ઉપયોગ કે વેચાણ કરતા ૨૧૧ આસામીઓ પાસેથી ૧,૧૧૦ કિલો પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, જાહેરમાં ન્યૂસન્સ અને ગંદકી ફેલાવતા ૧,૨૯૭ આસામીઓ સહિત કુલ ૧,૫૦૮ આસામીઓ પાસેથી વહીવટી ચાર્જ અને દંડ પેટે કુલ રૂ. ૧૪,૬૫,૦૫૦/- ની વસૂલાત કરવામાં આવી છે.

# વિસાવદરના બરડીયા ગામે માસુમ બાળક પર ટ્રેક્ટરનું ટાયર ફરી વળતા મોત

**અબતક રાજકોટ**

વિસાવદર તાલુકાના બરડીયા ગામે વાડી વિસ્તારમાં કામ કરતા શ્રમિક પરિવારનો દોઢ વર્ષનો પુત્ર ચાલુ ટ્રેક્ટરમાં ટાયર ફરી વળતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તાત્કાલિક સારવાર અર્થે પ્રથમ જુનાગઢ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં સારવાર મળે તે પહેલા જ તબીબે માસુમ બાળકને મૃત જાહેર કર્યો હતો ઘટનાની જાણ થતા વિસાવદર પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો

આ અંગે મળતી માહિતી મુજબ જુનાગઢના વિસાવદર તાલુકાના બરડીયા ગામે રહેતા અને શ્રમિક કામ કરતા આયુષ કૈલાશભાઈ તોમર ઉંમર વર્ષ દોઢ વર્ષીય માસુમ બાળક ગઈ કાલે બપોરે બે વાગ્યે વાડી રમી રહ્યો ત્યારે વાડી માલિક કમલેશભાઈ કોટડીયા ટ્રેક્ટરમાં ઘાસની ભારી લઈને ખાતરમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અચાનક દોઢ વર્ષીય બાળક આયુષ ટ્રેક્ટરના વ્હીલમાં નીચે આવી જતા ગંભીર રીતે ઘાયલ થયો હતો જેથી તાત્કાલિક સારવાર અર્થે પ્રથમ જૂનાગઢ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં સારવાર મળે તે પહેલા માસુમ બાળકે દમ તોડ્યો હતો ઘટનાની જાણ થતા વિસાવદર પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે બાળક રમતા રમતા કોઈ કારણોસર ટ્રેક્ટરના વીલ નીચે આવી ગયું હોવાનું પ્રાથમિક તારણ જાણવા મળ્યું છે મૃતક એક બેન બે ભાઈ માં નાનો હોય માસુમ બાળકની અચાનક વિદાય થતા પરિવારમાં હૈયાફાટ રુદનના દ્રશ્યો સર્જાયા હતા આ અંગે વિસાવદર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મકવાણાએ વધુ તપાસ હાથ ધરી છે.

# શાપરમાં ગેરેજની આડમાં દારૂના વેંપલાનો પર્દાફાશઃ બેલડીની ધરપકડ

## રૂરલ એલસીબી ટીમનો દાસારામ ઓટો ગેરેજમાં દરોડો : દારૂની ૧૪૪ બોટલ સહીત સવા લાખનો મુદામાલ કબ્જે

**અબતક, રાજકોટ**

રાજકોટની ભાગોળે આવેલ શાપર(વેં.)માં ગેરેજની આડમાં દારૂના વેંપલાનો પર્દાફાશ થયો છે. રૂરલ એલસીબી ટીમે દાસારામ ઓટો ગેરેજમાં દરોડો પાડી દારૂની ૧૪૪ બોટલ સાથે બે શખ્સોની ધરપકડ કરી રૂ. ૧.૨૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

દરોડાની વિગત મુજબ એસીબીની ટીમ શાપર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા, ત્યારે ખાનગી રાહે ચોક્કસ હકીકત મળી હતી કે મનીષ બળવંત સોદરવા અને ભાર્ગવ રાજા




પીપરોતર નામના બે શખ્સો શાપર ગામમાં આવેલા ''દાસારામ ઓટો ગેરેજ'' નામના ટીલાળા ગેટની અંદર વિદેશી દારૂનો મોટો જથ્થો મંગાવી તેનું વેચાણ કરી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે ગેરેજ પર રેડ પાડીને બંને આરોપીઓને રંગેહાથ ઝડપી લીધા હતા. પોલીસે વિદેશી દારૂની કુલ ૧૪૪ બોટલો રૂ.૬૦,૧૪૪, મોબાઈલ ફોન મળી કુલ રૂ.૧.૨૫ લાખનો મુદામાલ કબ્જે કરી બંને શખ્સોની પુછતાછ આદરી હતી. પકડાયેલા આરોપીઓમાં ૨૬ વર્ષીય મનીષ બળવંત સોદરવા (રહે. શાપર ગામ, શિવમ પાર્ક સોસાયટી, મૂળ ગામ-વસપડા, વંથલી) જે મજૂરી કામ કરે છે, અને ૨૧ વર્ષીય ભાર્ગવ રાજા પીપરોતર (રહે. શાપર ગામ, વછરાજ ડેરી ફાર્મ પાછળ, મૂળ ગામ-રાણપરડા, ભાણવડ) જે ગેરેજ ચલાવે છે, આરોપી મનીષ સોદરવા અગાઉ પણ શાપર પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનના બે અલગ-અલગ ગુનાઓમાં સંડોવાયેલો હોવાનું પોલીસ ચોપડે ખુલ્યું છે.

આ સફળ કામગીરી રૂરલ એલસીબી પીઆઈ જે.પી. રાવની રાહબરીમાં પીએસઆઈ એચ.સી. ગોહિલ, કે.એમ.ચાવડા, આર.વી. ભીમાણી, પી.એન. ભરવાડ તથા એએસઆઈ બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, બીજરાજસિંહ જાડેજા, રોહિતભાઈ બકોત્રા સહિતના સ્ટાફ દ્વારા કરવામાં આવી છે.

# ધ્રાંગધ્રાના રતનપરમાં મહિલાઓની બોલાચાલી બાદ બે જૂથો વચ્ચે સશસ્ત્ર ધીંગાણું

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા તાલુકાના રતનપર (કોંઢ) ગામે મહિલાઓ વચ્ચે થયેલી સામાન્ય બોલાચાલીની અદાવતમાં સામસામે રહેતા બે પરિવારો વચ્ચે હિંસક અથડામણ સર્જાઈ હતી, જેમાં લોખંડના પાઈપ, ધારીયા, લાકડાના ધોકા અને છૂટા પથ્થર વડે થયેલા હુમલામાં બંને પક્ષે અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ બનાવમાં એક યુવકને માથામાં હેમરેજ અને મહિલાને હાથમાં ફ્રેક્ચર જેવી ગંભીર ઈજાઓ થતાં વધુ સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા છે. ઘટનાને પગલે રણજીતભાઈ હેમુભાઈ જખવાડીયા અને સામા પક્ષે ભરતભાઈ રાણાભાઈ જખવાડીયાએ એકબીજા સામે જાનથી મારી નાખવાની ધમકી તથા મારપીટ અંગે ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશનમાં ક્રોસ ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# દેરડી કુંભાજી ગામે ગુમ થયેલા વૃધ્ધાનો નદીમાંથી મૃતદેહ મળ્યો

**અબતક, રાજકોટ**

ગોંડલ તાલુકાના દેરડી કુંભાજી ગામે રહેતા ૬૦ વર્ષીય વૃદ્ધા ગત તા ૮ ના રોજ બપોરે ઘરે ગુમ થયેલ હતા પરિવાર ચિંતામાં મુકાયો હતો અને શોધખોળ હાથ ધરી હતી તપાસ બાદ ગઈ કાલે સાંજે તેમનો મૃતદેહ નદીમાંથી મળતા તરવૈયાઓની મદદથી મૃતદેહને બહાર કાઢ્યો હતો અને સુલતાનપુર પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને ફોરેન્સિક પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક કપડા ધોવા ગયા સમયે પગ લપસી જતા બનાવ બન્યો હોવાનું પ્રાથમિક તારણ જાણવા મળ્યું છે આ અંગે મળતી માહિતી મુજબ ગોંડલ તાલુકાના દેરડી કુંભાજી ગામે રહેતા કંચનબેન વિનુભાઈ નરોડીયા ઉંમર વર્ષ ૬૦ વર્ષીય વૃદ્ધા ગત તા ૮ના રોજ બપોરે ૧ વાગ્યે આસપાસ ઘરે થી ગુમ થતા પરિવાર ચિંતામાં મુકાયો હતો અને વૃદ્ધાની શોધખોળ આદરી હતી જેમાં ગઈ કાલે સાંજે તળાવ મૃતદેહ હોવાની જાણ થતા ગામના તરવૈયા યુવાનો દ્વારા મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો હતો ઘટનાની જાણ થતા સુલતાનપુર પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને ફોરેન્સિક પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો આ અંગ મૃતક કપડાં ધોવા માટે ગયા હોય અને કોઈ કારણસર પગ લપસી જતા પાણીમાં ગરકાવ થયાનું પ્રાથમિક તારણ જાણવા મળ્યું છે ચોવીશ કલાક બાદ મૃતદેહ નદીમાં દેખાયો હતો આ અને મૃતકના પતિનું અવસાન થયેલ હોય અને એ પુત્ર, પુત્રીએ માતાની મમતા ગુમાવતા પરિવારમાં આક્રંદ છવાયો હતો આ અંગે સુલતાનપુર પોલીસે વધુ તપાસ કરી છે

# મોરબીઃ સરદારબાગ પાસે બોલેરોની પાછળ બાઈક ઘૂસી જતા યુવકનુ મોત

## કપડાંની ઈસ્ત્રીનું કામ કરતો યુવક વસ્ત્રો લેવા જતા સમયે અકસ્માત સર્જાયોઃ એ ડિવિઝન પોલીસે વધુ તપાસ આદરી

**અબતક, રાજકોટ**

મોરબી શહેરમા સરદાર બાગ પાસે અજાણ્યા બોલેરો પાછળ બાઈક અથડાતા વાઘપરામાં રહેતા યુવકને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી જેથી તાત્કાલિક સારવાર અર્થે પ્રથમ મોરબી બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં સારવાર મળે તે પહેલા યુવકે દમ તોડતા મોરબી એ ડિવિઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો વધુ કાર્યવાહી હાથ ધરી છે આ અંગે મળતી માહિતી મુજબ મોરબી એક અત્યાર ગંભીર ઘટના સામે આવી છે જેમાં શહેરના વાઘપરામાં શેરી નં ૧૨ રહેતા અંકિત પ્રવીણભાઈ ડાભી ઉંમર વર્ષ ૨૦ વર્ષે યુવક ગઈકાલ સાંજે ૫ વાગ્યે આસપાસ બાઈક લઈને જતો હતો ત્યારે સરદાર બાગ પાસે કોઈ કારણોસર બોલેરો ની પાછળ બાઈક અથડાઈ જતા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી જેથી તાત્કાલિક ૧૦૮ મારફતે મોરબી હોસ્પિટલ અને વધુ સારવાર રાજકોટ સિવિલ હોસ્પિટલના ખસેડવામાં આવ્યો હતો જ્યાં સારવાર મળે તે પહેલા યુવકે દમ તોડ્યો હતો ઘટનાની જાણ થતા મોરબી એ ડિવિઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે યુવક કપડાંની ઈસ્ત્રી કરવાનું કામ કરતો હોય કપડાં લેવા જતા ત્યારે યુવકનું બાઈક કોઈ કારણોસર બોલેરા પાછળ ઘુસી જતા અકસ્માત સર્જાયો હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે મૃતક બે ભાઈ ૨ બેનમાં નાના અને અપરણિત અને જુવાનજોધ પુત્રનું અકાળે અવસાન થતા પરિવારમાં હૈયાફાટ રુદનના દ્રશ્યો સર્જાયા હતા આ અંગે એ ડિવિઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે



## જુવાનજોધ પુત્રના મોતથી પરિવારમાં આભ ફાટ્યું હોય તેવા દ્રશ્યો સર્જાયા

### આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ અંતર્ગત

# વાંકાનેરમાં કલેકટરે દીકરીઓના શિક્ષણ અને સુરક્ષાનો આપ્યો સંદેશ

## નવજાત દીકરીઓ માટે 'દીકરી વધામણા કીટ' અને તેજસ્વી વિદ્યાર્થીનીઓને 'એજ્યુકેશન કીટ'નું વિતરણ

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીઃ ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયની 'બેટી બચાઓ, બેટી પઢાઓ' યોજના અંતર્ગત આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ ૨૦૨૬ ની મુખ્ય થીમ ''એન્ડ ચાઈલ્ડ મેરેજ એન્ડ ઈન્વેસ્ટ ઈન ગર્લ્સ રાઈટ્સ' ને સાર્થક કરતા મોરબી જીલ્લા વહીવટી તંત્ર દ્વારા વાંકાનેર તાલુકાના ભેરડા ગામની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે જીલ્લા કલેક્ટર સ્વપિનલ ખરેની અધ્યક્ષતામાં 'આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.



સરકારી હોસ્પિટલમાં જન્મેલી નવજાત દીકરીઓને ગૌરવભેર આવકારવા 'દીકરી વધામણા કીટ'નું વિતરણ કરવામાં આવ્યું હતું, તેમજ ધોરણ ૧૦ અને ૧૨ માં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે ઉત્તીર્ણ થયેલી તેજસ્વી દીકરીઓને 'એજ્યુકેશન કીટ' આપી સન્માનિત કરાઈ હતી.

કલેક્ટર તથા જે મહિલા અને બાળ અધિકારી જલ્પાબેન ત્રિવેદી સહિત ઉપસ્થિત સૌએ શાળા પરિસરમાં વૃક્ષારોપણ પણ કર્યું હતું. આ પ્રસંગે બાળલગ્ન અટકાવી દીકરીઓને સુરક્ષિત વાતાવરણ અને શિક્ષણની સમાન તકો પૂરી પાડવા સમાજને આહ્વાન કરવામાં આવ્યું હતું.

# મોરબીમાં અર્બન એટલાસ પ્રોજેક્ટ અંતર્ગત ડ્રોન અને જીઆઈએસ સર્વે શરૂ

## શહેરની મિલકતો અને જાહેર સુવિધાઓની ડિજિટલ માહિતી એકત્ર કરાશે

**અબતક, ઋષીમહેતા, મોરબી**

મોરબી શહેરના સર્વાંગી વિકાસ અને ભવિષ્યના શહેરી આયોજનને વધુ સુવ્યવસ્થિત બનાવવા ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન, ગાંધીનગર દ્વારા અર્બન એટલાસ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટના અમલીકરણ માટે એમનેક્ષ ઈન્કોટેકનોલોજીસ પીવીસી એલટીડી



ની નિમણૂક કરવામાં આવી છે. પ્રોજેક્ટ અંતર્ગત ડ્રોન સર્વે અને જીઆઈએસ આધારિત કામગીરી દ્વારા શહેરની વર્તમાન પરિસ્થિતિ, મિલકતો, જાહેર ઉપયોગિતાઓ તથા વિવિધ શહેરી સંપત્તિઓની ચોક્કસ ડિજિટલ માહિતી એકત્ર કરવામાં આવશે. આ માહિતીના આધારે ભવિષ્યમાં શહેરી આયોજન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે ડેટાબેઝ તૈયાર કરાશે.સર્વે કામગીરી દરમિયાન કંપનીના અધિકૃત કર્મચારીઓ શહેરના વિવિધ વિસ્તારોમાં જશે. તેમની પાસે કંપનીનું ઓળખપત્ર હશે. જરૂરિયાત મુજબ મિલકત સંબંધિત સામાન્ય માહિતી પણ માંગવામાં આવી શકે છે. મહાનગરપાલિકાએ નાગરિકોને સાચી અને જરૂરી માહિતી પૂરી પાડવા તેમજ સર્વે ટીમને સહકાર આપવા અપીલ કરી છે. કોઈ કર્મચારી અંગે શંકા હોય તો તેનું અધિકૃત ઓળખપત્ર ચકાસી શકાશે.

# ટંકારામાં ટ્રકની ટક્કરે લીલા નાળિયેર ભરેલી બોલેરો પલટી ગઈ

## અકસ્માતમાં બોલેરો ચાલક ઘાયલ, રૂ.૩૦થી ૪૦ હજારનું નુકસાન

**અબતક, ઋષી મહેતા, મોરબી**

ટંકારા તાલુકાના વીરપર ગામ નજીક બાની વાડી પાસે પાર્કિંગ લાઈટ ચાલુ કરી ઉભી રાખેલ નાળિયેર ભરેલી બોલેરો પીકઅપને ટ્રકે પાછળથી ટક્કર મારતાં બોલેરો પલટી ગઈ હતી. અકસ્માતમાં બોલેરો ચાલકને માથાના ભાગે ઈજા થઈ હતી, જ્યારે લીલા નાળિયેરના ત્રોફા વેરવિખેર થતાં અંદાજે રૂ.૩૦થી ૪૦ હજારનું નુકસાન થયું હતું. અકસ્માતના બનાવ અંગે ટંકારા પોલીસે ટ્રકચાલક સામે ગુનો નોંધી આગળની તપાસની તજવીજ શરૂ કરી છે.

મળતી માહિતી અનુસાર, જૂનાગઢ જીલ્લાના શીલ ગામના વાડી વિસ્તારમાં રહેતા રાહુલભાઈ કરશનભાઈ ભરડા ઉવ.૩૪ એ ટંકારા પોલીસ મથકમાં ટ્રક રજી.નં. જીજે-૧૨-એટી-૯૦૭૮ ના ચાલક વિરુદ્ધ નોંધાવેલ ફરિયાદ મુજબ, રાહુલભાઈ છેલ્લા સાત મહિનાથી માંગરોળના ધાર્મિકભાઈ મોકરીયાની બોલેરો પીકઅપ રજી.નં. જીજે-૧૧-વીવી-૬૬૧૩ માં ડ્રાઈવર તરીકે નોકરી કરે છે. ગત તા.૮ ઓક્ટોબરના રોજ તેઓ જૂનાગઢથી બોલેરો પીકઅપમાં લીલા નાળિયેરના ત્રોફા ભરીને મોરબી આવવા નીકળ્યા હતા. દરમિયાન તા.૯ ઓક્ટોબરની રાત્રે આશરે દોઢ વાગ્યે ટંકારા તાલુકાના વીરપર ગામ નજીક બાની વાડી પાસે બાથરૂમ જવા માટે તેમણે બોલેરો સાઈડમાં ઊભી રાખી પાર્કિંગ લાઈટ ચાલુ કરી હતી. તે દરમિયાન પાછળથી પૂરઝડપે આવેલા ટ્રકના ચાલકે બોલેરોને ટક્કર મારતાં બોલેરો પલટી ખાઈ ગઈ હતી.

અકસ્માતમાં રાહુલભાઈને માથાના ભાગે ઈજા થઈ હતી, જ્યારે બોલેરોમાં ભરેલા નાળિયેરના ત્રોફા રસ્તા પર વેરવિખેર થઈ ગયા હતા. ત્યારે રાહુલભાઈને બોલેરોમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે મોરબી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, અકસ્માતમાં નાળિયેરના ત્રોફાનું અંદાજે રૂ.૩૦થી ૪૦ હજારનું નુકસાન થયું હતું. હાલ બોલેરો ચાલક રાહુલભાઈની ફરિયાદને આધારે ટંકારા પોલીસે ટ્રકચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વાંકાનેરમાં બાઈક પરથી ફંગોળાયેલા યુવક પર ટ્રકનું ટાયર ફરી વળતા મોત

## ભાયાતી જાંબુડિયા નજીક આખલાને બચાવવા જતા સર્જાયો અકસ્માતઃ બાઈકચાલક સામે ફરિયાદ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

વાંકાનેરના ભાયાતી જાંબુડિયા ગામના પાટિયા નજીક તિરુપતિ પેટ્રોલપંપ પાસે બાઈકચાલકે આગળ જતા ટ્રકને ફૂલ સ્પીડમાં અને ગફલતભરી રીતે ઓવરટેક કરવાનો પ્રયાસ કરતાં રોડ પર ખુંટીયો આડો ઉતર્યો હતો. ત્યારે બાઈક ખુંટીયા સાથે અથડાતાં બાઈક પાછળ બેઠેલ ૨૦ વર્ષીય યુવક દીલમહમદ અંસારી ફંગોળાઈ બાજુમાંથી પસાર થતા ટ્રકના ટાયરના જોટ્ટા નીચે આવી જતા તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર, પશ્ચિમ બંગાળના અલીપુરદ્વાર જીલ્લાના કુલકુલી હાટ પુખુરીગ્રામના રહેવાસી અને હાલ વાંકાનેર તાલુકાના વઘાસિયા ગામ નજીક આવેલી સીમસ્ટોન સિરામિક ફેક્ટરીમાં મજૂરીકામ કરતા દીલમહમદ રજાક અંસારી ઉવ.૨૦ ગત તા.૮ ઓક્ટોબરના રોજ પોતાના મિત્ર પ્રેમ ધનેશી બાસફોર સાથે ઢુવા ચોકડી ખાતે કપડાંની ખરીદી કરવા ગયા હતા. ખરીદી કર્યા બાદ સાંજે બંને સુપર સ્પ્લેન્ડર બાઈક નં. જીજે-૦૩-સીકે-૮૫૭૪ ઉપર વઘાસિયા ખાતે આવેલી ફેક્ટરીમાં પરત ફરી રહ્યા હતા. ત્યારે બાઈક પ્રેમ બાસફોર ચલાવતો હતો અને દીલમહમદ પાછળ બેઠો હતો. દરમિયાન ઢુવા-વાંકાનેર નેશનલ હાઈવે પર ભાયાતી જાંબુડિયા ગામના પાટિયા નજીક તિરુપતિ પેટ્રોલપંપ પાસે આગળ જતા ટ્રકને ઓવરટેક કરવાનો પ્રયાસ કરતી વખતે રોડ પર ખુંટીયો આડો ઉતરતાં બાઈક તેની સાથે અથડાયું હતું.

જેના કારણે બાઈક પરથી દીલમહમદ ફંગોળાઈ બાજુમાંથી પસાર થઈ રહેલ ટ્રકનાં પાછળનાં ટાયર વચ્ચે પટકાયો હતો.

આ અકસ્માતમાં માથાની ખોપરી ભાંગી જતાં ગંભીર ઈજાઓ થવાથી તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

# મોરબીમાં 'જોશ' ટીમના માધ્યમથી ટીબી મુક્ત ભારત અભિયાનને વેગ અપાયો

## મેયર ઉત્તમ સુરાણીની ઉપસ્થિતિમાં ટીબી નાબૂદી માટે જનજાગૃતિ, ટીબી દર્દીઓને માર્ગદર્શન સહિતની વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીઃ ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા સમગ્ર દેશમાં ટીબી નાબૂદીના હેતુથી 'ટીબી મુક્ત ભારત અભિયાન'ને વેગ આપવા માટે તા. ૦૮ ઓક્ટોબરે, મોરબી મેયર ઉત્તમ સુરાણી અને ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયાની ઉપસ્થિતિમાં (જોઈન્ટ સ્કવોડ ફોર હેલ્થ) ટીમના માધ્યમથી વિવિધ જનજાગૃતિલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત મોરબી જીલ્લામાં પણ ટીબી અંગે જાગૃતિ ફેલાવવા, ટીબીના લક્ષણો વિશે લોકોને માહિતગાર કરવા તેમજ ટીબીના દર્દીઓને સમયસર નિદાન અને



સારવાર માટે પ્રેરિત કરવાના હેતુથી સંબંધિત વિભાગો દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન ટીબી મુક્ત ગ્રામ પંચાયતો, ટીબી વિજતાઓ તથા નિશ્ચય મિત્રોને સન્માનિત કરવા, ગ્રામ્ય વિસ્તારોમાં જનજાગૃતિ ફેલાવવા અને ટીબીના દર્દીઓને જરૂરી સહાય મળી રહે તે માટે માર્ગદર્શન પૂરું પાડવા સહિતની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી.

આ પ્રસંગે જીલ્લા વિકાસ અધિકારી વિદ્યાસાગર, જીલ્લા પંચાયત ઉપપ્રમુખ વિપુલ ગરચર, જીલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન મનીષભાઈ કાંજીયા, મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. પી.કે. શ્રીવાસ્તવ, સહિતના અધિકારીઓ/કર્મચારીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# ઢુંવા નજીક મહાનદીમાં રીક્ષા ધોવા ગયેલા પ્રૌઢનું ડુબી જતાં મોત

## રવાપર-લીલાપર રોડની કેનાલમાં ડુબી જતાં યુવાને દમ તોડ્યો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

વાંકાનેરના વીસીપરા વિસ્તારમાં રહેતા ૫૮ વર્ષીય પ્રૌઢ ઢુવા નજીક મહાનદીમાં રીક્ષા ધોવા ગયા હતા. આ દરમિયાન કોઈ કારણસર નદીના પાણીમાં પડી જતા ડૂબી જવાથી તેમનું મોત નીપજ્યું હતું. જ્યારે રવાપર લીલાપર રોડ પરની કેનાલમાં યુવાન ડુબી જતાં મોત નિપજતા બન્નેના પરિવારમાં અરેરાટી મચી જવા પામી છે.

મળતી માહિતી મુજબ, વાંકાનેરના ધમલપર ફાટક પાસે વીસીપરા વિસ્તારમાં રહેતા હરેશભાઈ છગનભાઈ રાઠોડ ઉવ.૫૮ વાંકાનેર તાલુકાના ઢુવા ગામ નજીક આવેલી મહાનદીમાં રીક્ષા ધોવા ગયા હતા. આ દરમિયાન કોઈ કારણસર તેઓ નદીના પાણીમાં પડી જતાં ડૂબી ગયા હતા અને તેમનું મોત નીપજ્યું હતું.

મોરબીના રવાપર રોડ પર બોનીપાર્ક બહુચર પેલેસમાં નીચેની ઓરડીમાં રહેતા અને મૂળ નેપાળના કાલીકોટ જીલ્લાના મુમરા વિસ્તારના વતની ચંદ્ર મનસિંગ તીરૂવા ઉવ.૩૫ ગઈકાલ તા. ૦૯/૧૦/૨૦૨૬ના રોજ બપોરના આશરે બે વાગ્યાના અરસામાં રવાપર-લીલાપર કેનાલ રોડ પર બોરીયા પાટી બજરંગ સર્કલના નાળા પાસે કોઈ કારણસર કેનાલમાં પડી જતાં પાણીમાં ડૂબી ગયા હતા. તેમને ૧૦૮ મારફતે મોરબીની સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવતાં ફરજ પરના તબીબે જોઈ તપાસીને મૃત જાહેર કર્યા હતા.

### નશામુક્ત ભારત અભિયાન અંતર્ગત

# વાંકાનેર : જિલ્લા કક્ષાની નાટક અને ડિબેટ સ્પર્ધામાં એલ.કે.સંઘવી વિદ્યાલયની બહેનોનું ઉત્કૃષ્ટ પ્રદર્શન

## વિદ્યાર્થીઓમાં નશાના દુષ્પરિણામ અંગે જાગૃતિ ફેલાવવા વિવિધ પ્રવૃત્તિઓ કરાઈ

**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેરની દોશી કોલેજ ખાતે ભારત સરકારના નશામુક્ત ભારત અભિયાન અંતર્ગત મેરા યુવા, મોરબી દ્વારા જિલ્લા કક્ષાની સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં શ્રીમતી એલ.કે. સંઘવી કન્યા વિદ્યાલયની નુક્કડ નાટકની ધોરણ ૧૧ ની ટીમ અને ત્રિવેદી કાવ્યા અને ગોહેલ નેન્સીએ વાદ-વિવાદ માં બીજો સ્લોગ્નન માં યશસ્વી બા ઝાલાએ ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ મેરા યુવા મોરબી જિલ્લા અંતર્ગત યુવાનો અને વિદ્યાર્થીઓમાં નશાના દુષ્પરિણામો અંગે જાગૃતિ ફેલાવવા તેમજ નશામુક્ત અને સ્વસ્થ સમાજના નિર્માણ માટે



વિવિધ જાગૃતિપ્રેરક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. ટ્રસ્ટના પ્રમુખ અમરશીભાઈ મઢવી અને તમામ ટ્રસ્ટીગણે શાળાના આચાર્ય દર્શનાબેન, માર્ગ દર્શક શિક્ષક સેજલબ ચુડાસમાં અને તમામ વિદ્યાર્થીની બહેનોને સમાજમાં જાગૃતિ ફેલાવવાના કાર્યમાં ઉપયોગી થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવેલ છે.

# મોરબીમાં એઈમ્સના સર્વરોગ નિઃશુલ્ક નિદાન કેમ્પમાં આવતા દર્દીઓ માટે જલારામ ધામની સેવાકીય વ્યવસ્થા

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીની મયુર હોસ્પિટલ ખાતે આજે એઈમ્સ રાજકોટ દ્વારા નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે. આ કેમ્પમાં નિષ્ણાંત તબીબો દ્વારા દર્દીઓની તપાસ કરી વિનામૂલ્યે દવાઓ આપવામાં આવશે. ત્યારે રાજ્યસભાના સાંસદ મહારાજા કેસરીદેવસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ મોરબીના જલારામ ધામ દ્વારા બહારગામથી



આવતા દર્દીઓ માટે સવારે ચા-નાસ્તો, બપોરે ભોજન તેમજ બસ સ્ટેશનથી પીકઅપ અને કેમ્પ સ્થળે પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ સેવાનો લાભ લેવા માટે દર્દીઓ ગિરીશભાઈ ઘેલાણી (૯૮૨૫૦૮૨૪૬૮), સંપર્ક કરવા સંસ્થા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# મોરબીમાં કાલથી નવ દિવસ નેચરોથેરાપી મહાશિબિર

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીમાં શ્રી સનાતન સાધના કેન્દ્ર, નાના ભેલા દ્વારા આસો નવરાત્રી નિમિત્તે તા. ૧૧થી ૧૯ ઓક્ટોબર દરમિયાન નવ દિવસીય નિઃશુલ્ક નેચરોથેરાપી મહાશિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. રવાપરથી લીલાપર મેઈન કેનાલ રોડ પર બજરંગ સર્કલ નજીક આવેલા ઓમ શિવમ હોલ ખાતે દરરોજ બપોરે ૩ થી સાંજે ૬ વાગ્યા સુધી યોજાનારી આ શિબિરમાં ડો.રેવીન પટેલ દ્વારા સ્વાસ્થ્ય સંબંધિત તકલીફો અંગે માર્ગદર્શન આપવામાં આવશે. શિબિરના શુભારંભ પ્રસંગે ૧૧ ઓક્ટોબરે બપોરે ૩:૩૦ વાગ્યે જીવરાજભાઈ ફુલતરિયા અને લીંબાભાઈ મસોતના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવશે. આયોજકોના જણાવ્યા મુજબ, શિબિર માટે અંદાજે ૪૦૦ લોકોએ નોંધણી કરાવી છે.

# ભાણવડઃ વન્યપ્રાણી અંતર્ગત પોસ્ટર પ્રદર્શન દ્વારા ઝેરી - બિનઝેરી સાપ અંગે અપાઈ રસપ્રદ માહિતી

**અબતક, આનંદ પોપટ, ભાણવડ**

ભાણવડ ખાતે વન્ય જીવોના રેસ્ક્યુ અને પુનર્વસન માટે અવિરત રીતે કાર્યરત 'એનિમલ લવર્સ ચેરીટેબલ ટ્રસ્ટ' દ્વારા વન્યજીવ સંરક્ષણ અને લોકોમાં જાગૃતિ લાવવાના ઉદ્દેશ્યથી વિવિધ કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.



આ સેમિનાર દરમિયાન સર્પવિદ/રેસ્ક્યુઅર દ્વારા પોસ્ટર પ્રદર્શન અને રસપ્રદ માહિતીના માધ્યમથી ઝેરી અને બિનઝેરી સાપની ઓળખ, આપણા જીવનમાં વન્યજીવોનું મહત્વ, સાપ વિશેની ખોટી માન્યતાઓ અને અંધશ્રદ્ધા, સાપ કરડે ત્યારે શું કરવું અને શું ન કરવું તે અંગે બી.એડ.ના તાલીમાર્થીઓ, વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને વિગતવાર માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

આ વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણીમાં એનિમલ લવર્સના પ્રમુખ અશોકભાઈ ભટ્ટની સાથે મેરામણ ભાઈ, અનિલ પરમાર અને વિશાલ ભરવાડ જોડાયા હતા અને કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# ધોરાજી નગરપાલિકા દ્વારા કે.ઓ. શાહ કોલેજ ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

## ધારાસભ્ય ડો. મહેન્દ્ર પાડલીયાની ઉપસ્થિતિમાં બહોળી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા

**અબતક, રમણીક ટોપિયા, ધોરાજી**

ધોરાજી નગરપાલિકા દ્વારા શહેરની કે.ઓ. શાહ કોલેજ ખાતે સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ નાગરિકોને સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અને સરકારી સેવાઓનો લાભ સરળતાથી મળી રહે તેવો હતો.

આ કાર્યક્રમમાં ઉપલેટા વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ



પાડલીયા સહિત વિવિધ આગેવાનો, સરકારી અધિકારીઓ, મામલતદાર તથા મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લખતરમાં નવરાત્રી પહેલા માટીના ગરબા બનાવવાની કામગીરી આજે પણ અકબંધ



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

હિન્દુ ધર્મની સંસ્કૃતિ મુજબ નવરાત્રી તહેવારમાં ગરબા મુકવાનું અનેરું મહત્વ રહેલું છે.હવે નવરાત્રીના ગણતરીના દિવસો બાકી છે.ત્યારે કારીગરો દ્વારા ગરબા કોરવવાની અને બનાવવાની કામગીરી હાથ ધરાઈ છે નોરતા પહેલા બજારોમા રંગબેરંગી સુંદર ડિઝાઈન વાળા માટીના છિદ્રોવાળા ગરબાનું વેચાણ થાય છે. જે પ્રાચીન પરંપરા મુજબ નોરતા દરમિયાન ઘેરઘેર માટીના ગરબામાં થોડા ઘઉં મૂકી તેની ઉપર કોડિયું રાખીને તેમાં ઘીનો દીવો પ્રગટાવવાની પરંપરા જોવા મળે છે. સમય ભલે બદલાયો હોય પરંતુ માટીના ગરબાનું એટલું જ મહત્વ લખતર શહેરમાં આજે પણ જોવા મળે છે.

# અમરેલી આરટીઓની બાકીદારોને ૭ દિવસમાં ટેક્સની ભરપાઈ કરવા તાકિદ

## વાહન જપ્તી, હરાજી અને મિલકત પર સરકારી બોજો નોંધવાની કાર્યવાહી થશે

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલી પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી દ્વારા લાંબા સમયથી મોટર વાહન વેરો બાકી ધરાવતા વાહનમાલિકોને સાત દિવસમાં ટેક્સ, દંડ અને વ્યાજ સહિતની સંપૂર્ણ રકમ ભરપાઈ કરવા સૂચના આપવામાં આવી છે.

નિયત સમયમર્યાદામાં રકમ નહીં ભરાય તો વાહનને વાહન પોર્ટલ પર બ્લેકલિસ્ટ કરી ટ્રાન્સફર, ફિટનેસ, પરમિટ અને ગઘઈ સહિતની સેવાઓ બંધ કરવામાં આવશે.

ઉપરાંત, વાહન ડિટેઈન કરી હરાજી કરવાની તેમજ સરકારી લેણાંની વસૂલાત માટે જમીન, મકાન કે દુકાન જેવી સ્થાવર મિલકત પર સરકારી બોજો નોંધવાની કાર્યવાહી પણ થઈ શકે છે.

# મકનસર નજીક બોલેરોની ટક્કરે બે મિત્રો ઈજાગ્રસ્ત

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મળતી વિગતો અનુસાર, મકનસરની ધર્મમંગલ સોસાયટીમાં ભાડે રહેતા અને રાતાવીરડા ચોકડી પાસે આવેલી કેપ્ટાઈલ કંપનીમાં નોકરી કરતા મૂળ ઉત્તરપ્રદેશના વતની રામુભાઈ સુરેનૂદ્રકુમાર શર્મા મિત્ર નીખિલસિંહ મહેન્દ્રસિંહ સાથે પલ્સર બાઈક રજી.નં. યુપી-૭૫-એવી-૦૩૨૯ ઉપર એપેક્ષ હોસ્પિટલથી મકનસર જતા હતા ત્યારે બાઈક નીખિલસિંહ ચલાવતા હતા અને રામુભાઈ પાછળ બેઠા હતા. જે દરમિયાન બપોરે આશરે બે વાગ્યે મોરબી-વાંકાનેર નેશનલ હાઈવે પર મકનસર ગામના કટ પાસે પહોંચતાં પાછળથી આવેલી બોલેરો પીકઅપ રજી.નં. જીજે-૩૬-વી-૫૮૩૨ ના ચાલકે બેફિકરાઈથી વાહન ચલાવી બાઈકને ટક્કર મારી હતી. જેથી બંને રસ્તા પર પટકાતાં ૨ ગંભીર ઈજાઓ થઈ હતી.

# માળીયામાં એસટી બસની અડફેટે બુલેટ સવાર કાકા-ભત્રીજા ઘાયલ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

પ્રાપ્ત વિગતો મુજબ, માળીયા(મી)માં ભોડી વાંઢમાં રહેતા હુશેનભાઈ કરીમભાઈ નોતીયાર ઉવ.૨૨ ગત તા.૭ ઓક્ટોબરે પોતાના કુટુંબીક ભત્રીજા ઈમરાન નુરાલી નોતીયાર સાથે બુલેટ રજી.નં. જીજે-૨૭-સીઆર-૪૪૩૧ ઉપર માળીયા-મોરબી હાઈવે પર આવેલી ચાની કેબિને ગયા હતા. જ્યાં ચા-પાણી પી લીધા બાદ બંને ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે માળીયા ત્રણ રસ્તા નજીક સર્વિસ રોડ પર સામેથી આવતી એસટી બસ નં. જીજે-૧૮-ઝેડટી-૪૦૪૮ એ બુલેટને ટક્કર મારી હતી. જેથી બંને રસ્તા પર ફંગોળાઈ ગયા હતા.

ત્યારે બંનેને ૧૦૮ મારફતે માળીયા સરકારી હોસ્પિટલ બાદ ઈમરાનને વધુ સારવાર માટે મોરબીની આયુષ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

# ગોંડલના સડક-પીપળીયા ફાયરિંગમા પૂર્વ ધારાસભ્યના પૌત્ર ધ્રુવરાજસિંહ જાડેજા ઝડપાયો

## બકરા ચરાવવા જેવી સામાન્ય બાબતે સશસ્ત્ર મારામારી અને હવામાં ૨ રાઉન્ડ ફાયરિંગ, ચાર આરોપીની અગાઉ ધરપકડ કરી તી

### એલસીબીએ રીબડા સ્થિત વાડીએ દરોડો પાડી મુખ્ય આરોપીની કરી ધરપકડ, પિસ્તોલ સાથે ૩ કારતુસ કબજે

**અબતક ગોંડલ**
**જીતેન્દ્ર આચાર્ય**

ગોંડલ તાલુકાના સડક-પીપળીયા ગામની સીમમાં એક સપ્તાહ પૂર્વે ખેતરમાં બકરા ચરાવવા અને પાકને નુકસાન પહોંચાડવા જેવી સામાન્ય બાબતે સર્જાયેલા ચકચારી સશસ્ત્ર મારામારી અને ફાયરિંગ પ્રકરણમાં પોલીસની કાર્યવાહી વધુ તેજ બની છે.જેમા પુર્વ ધારાસભ્ય મહિપતસિંહ નાં પૌત્ર તથા મુખ્ય આરોપી ધ્રુવરાજસિંહ રાજેન્દ્રસિંહ જાડેજાને એલસીબીની ટીમે ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે.પ્રાપ્ત વિગતો અનુસાર, ગત ૩ ઓક્ટોબરની રાત્રના સુમારે સડક-પીપળીયા ગામની સીમમાં દિલધડક ઘટના બની હતી. ખેતરમાં બકરાઓ દ્વારા પાકને નુકસાન થવાના મુદ્દે શરૂ થયેલો વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધો હતો. આ તકે ઉશ્કેરાયેલા શખ્સો દ્વારા લાકડીઓ અને લોખંડના પાઈપ જેવા હથિયારો સાથે હુમલો કરવામાં આવ્યો હતો. એટલું જ નહીં, વિસ્તારમાં દહેશત ફેલાવવાના હેતુથી હવામાં બે રાઉન્ડ ફાયરિંગ પણ કરાયું હોવાનો આક્ષેપ છે.બનાવની ગંભીરતા જોતાં ગોંડલ તાલુકા પોલીસ અને રાજકોટ ગ્રામ્ય કઈઈ ટીમ ત્વરિત એક્શનમાં આવી હતી. પોલીસે અગાઉ કડક કાર્યવાહી કરીને ચાર આરોપીઓકરણ સુનિયા બામણીયા (રહે. વરજર, ભાભરા, અલીરાજપુર), અરમાન મયુદ્દીન હોથી (રહે. શાપર-વેરાવળ), સમીર કાસમ વિસળ (રહે. હડમતીયા, ભેસાણ, જૂનાગઢ) અને એક બાળ આરોપી સહિતના શખ્સોને દબોચી લીધા હતા. ગુનાની વાસ્તવિકતા અને પુરાવા એકત્ર કરવા માટે પોલીસે પકડાયેલા આરોપીઓને સડક-પીપળીયા ગામની સીમમાં ઘટનાસ્થળે લઈ જઈને સમગ્ર ઘટનાનું ઝીણવટપૂર્વક રિકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું, જેમાં કોણે ક્યાંથી હુમલો કર્યો અને કઇ રીતે ફાયરિંગ થયું તેની કડીઓ આરોપી ધ્રુવરાજસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા (રહે. રીબડા) અંગે એલસીબી ટીમને મળેલી બાતમીના આધારે પોલીસે રીબડા સ્થિત વાડીએથી ઝડપી પાડી તેના કબજા માંથી દેશી બનાવટની પિસ્તોલ અને ત્રણ રાઉન્ડ કાર્ટીસ કબજે કરી કાયદેસરની સઘન પૂછપરછ હાથ ધરી છે. આ ગુનામાં સંડોવાયેલા અન્ય ફરાર શખ્સો અંગે પણ પોલીસ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ ચાલુ છે.

# ગાંધીધામઃ જીઆઇડીસીમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયોઃ ત્રણની ધરપકડ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



ગાંધીધામ જીઆઇડીસીમાં થયેલ રૂા.૧૦.૪૭ લાખની ચોરીનો ભેદ બી-ડિવિઝન પોલીસની ટીમે ઉકેલી નાખ્યો હતો અને ત્રણ આરોપીની ધરપકડ કરી અને ચોરી કામે વપરાયેલ બોલરો કબ્જે લીધો હતો અને ફરાર આરોપીને પકડવા તજવીજ હાથધરી હતી.

ગાંધીધામ બી ડિવિઝનના પીઆઇ એસ.વી. ગોજિયા, પીએસઆઇ એલ.એન. વાઢિયા, પીએસઆઇ સી.એચ. બડીયાવદરા તથા સર્વેલન્સ સ્ટાફે ગાંધીધામ જીઆડીસી વિસ્તારમાં આવેલી એટલાસ કેબલ્સ પ્રા. લિ. કંપનીમાંથી ૩૨૯ મીટર ફ્લેક્સિબલ કેબલ વાયર, કિંમત રૂ.૧૦,૪૭,૮૦૦ની ચોરીના ગુનાનો ભેદ સીસીટીવી ફૂટેજ, હ્યુમન સોર્સ અને બાતમીના આધારે ઉકેલી ત્રણ આરોપીઓ આસીફ ઈશાક સઠીયા,ઈમરાન આદમ કુંભાર અને રીઝવાન અબુબકર મજોઠીને ઝડપી પાડ્યા છે.આરોપીઓ પાસેથી ચોરીમાં વપરાયેલ બોલેરો પિકઅપ વાહન (કિંમત રૂ.૩ લાખ) કબ્જે કરવામાં આવ્યું છે. આ ગુનામાં અન્ય સંડોવાયેલા આરોપીઓને પકડવા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# શાપર(વેં.) પોલીસના દારૂના ગુનામાં છ માસથી ફરાર બુટલેગર ઝડપાયો

## રૂરલ એલસીબી ટીમે કોરાટ ચોકમાંથી ઉમેશ વાગડીયાને દબોચી સ્થાનિક પોલીસના હવાલે કર્યો

**અબતક, રાજકોટ**



શાપર(વેં.) પોલીસ મથકમાં નોંધાયેલા દારૂના ગુનામાં ફરાર બુટલેગરને રૂરલ એલસીબી ટીમે કોરાટ ચોક નજીકથી દબોચી લીધો હતો. છ માસથી ભૂગર્ભમાં ઉતરી ગયેલા શખ્સને પકડી રૂરલ એલસીબી ટીમે શાપર પોલીસના હવાલે કર્યો હતો.

રાજકોટ જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા અસરકારક કામગીરી કરવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને રૂરલ એલસીબી પીઆઇ જે પી રાવના માર્ગદર્શન હેઠળની ટીમો નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા પ્રયત્નશીલ હતી. દરમિયાન એલસીબી ટીમને હકીકત મળી હતી કે, શાપર વેરાવળ પોલીસ મથકમાં નોંધાયેલા દારૂના ગુનામાં છેલ્લા છ માસથી ફરાર આરોપી ઉમેશ બાબુભાઈ વાગડિયા (ઉવ ૩૬ રહે. ન્યુ રામેશ્વર સોસાયટી શેરી નં.-૭, રાજકોટ) કોરાટ ચોકમાં હાજર છે. જેથી તાત્કાલિક એલસીબી ટીમે દારૂના ગુનામાં ફરાર આરોપીને દબોચી આગળની કાર્યવાહી અર્થે શાપર વેરાવળ પોલીસની ટીમને સોંપ્યો હતો.

આ કામગીરી રૂરલ એલસીબી પીઆઈ જે પી રાવ, પીએસઆઈ એચ સી ગોહિલ, કે એમ ચાવડા, આર વી ભીમાણી, પી એન ભરવાડ, એએસઆઈ બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, બ્રિજરાજસિંહ જાડેજા, રોહિતભાઈ બકોત્રા, હેડ કોન્સ્ટેબલ શિવરાજભાઈ ખાચર અને પ્રતાપસિંહ સોલંકી દ્વારા કરવામાં આવી હતી.

# અંજાર : નવ મહિનાથી નાસતો ફરતો લિસ્ટેડ આરોપી ઝડપાયો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



અંજાર પોલીસ દ્વારા ભીમાસર વિસ્તારમાં જીઈબીના એલ્યુમિનયમ વાયરની ચોરીમાં સહિતના ગુનામાં નવમાસથી નાસ્તો ફરતો લિસ્ટેડ આરોપીને ઝડપી પાડ્યો હતો વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

અંજારઃ પૂર્વ કચ્છ પોલીસના મિશન ફ્યુજિટિવ અભિયાન અંતર્ગત સરહદી રેન્જ, ભુજના પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડિયા, પૂર્વ કચ્છના પોલીસ અધિક્ષક સાગર બાગમાર તથા અંજાર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક મુકેશ ચૌધરીના માર્ગદર્શન હેઠળ અને અંજાર પોલીસ ઈન્સ્પેક્ટર એચ.એ. નાડેજાની સૂચનાથી અંજાર પોલીસે નવ મહિનાથી નાસતા ફરતા લિસ્ટેડ આરોપી મામદ લાખાભાઈ મોખા (રહે. વર્નોરા, તા. ભુજ)ને ઝડપી પાડ્યો છે. આરોપી સામે ભીમાસર વિસ્તારમાં જી.ઈ.બી ના એલ્યુમીનીયમ વાયરની થયેલ ચોરીનો ગુનો નોંધાયેલો હતો.

આ કામગીરીમાં અંજાર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એચ.એ.જાડેજા તથા પોલીસ સબ ઈન્સ એસ.જી.વાળા, સી.એમ.ચૌધરી તથા અંજાર પોલીસ સ્ટાફના માણસો સાથે રહ્યા હતા.

# ગાંધીધામ : છેતરપિંડીના ગુનામાં ફરાર આરોપી ૭ માસે ઝડપાયો

## બીડીવીઝન પોલીસે યુપીના લખનૌથી સંજય અગ્રવાલને દબોચ્યો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



ગાંધીધામ બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ છેતરપીંડી અને વિશ્વાસઘાતના ગુનામાં ૭ માસથી ફરાર આરોપીને બીડીવીઝન પોલીસની ટીમે યુપીના લખનૌ ખાતેથી ઝડપી પાડ્યફો હતો અને ફરાર આરોપીને ઝડપી પાડતા વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીધામઃપોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડિયા તથા પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારની સૂચના અને નાયબ પોલીસ અધિક્ષક મુકેશ ચૌધરીના માર્ગદર્શન હેઠળ બી ડિવિઝન પીઆઈ એસ.વી. ગોજિયા સહિતની ટીમે વિશ્વાસઘાત અને છેતરપિંડીના ગુનામાં છેલ્લા સાત માસથી નાસતા ફરતા આરોપી સંજય ગોવિંદપ્રસાદ અગ્રવાલને ઉત્તર પ્રદેશના લખનૌ ખાતેથી ઝડપી પાડ્યો છે. આરોપીએ ફરિયાદી સાથે આશરે રૂ. ૩૫.૮૧ લાખની છેતરપિંડી કરી હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. પોલીસે આરોપીને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

# અંજારઃ એસ.ટી. ડેપો ખાતે કંડકટરે કચરાનો પોશાક પહેરી સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવી

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગુજરાત સરકારના 'સેવા સંકલ્પ અભિયાન-૨૦૨૬' અંતર્ગત અંજાર એસ.ટી. ડેપો ખાતે કંડક્ટર ભરતભાઈ ગુંસાઈએ અનોખી રીતે સ્વચ્છતા જાગૃતિ ફેલાવી હતી. તેમણે કચરાના રાક્ષસી પોશાકમાં એકપાત્રીય અભિનય કરી મુસાફરોને ગંદકી ન કરવા અને કચરો કચરાપેટીમાં જ નાખવા અપીલ કરી હતી. બસોની અંદર જઈને તેમણે પ્રવાસીઓને સ્વચ્છતા અંગે જાગૃત કર્યા હતા.

આ પ્રસંગે ડેપો મેનેજર એચ. આર. શામળાએ પણ મુસાફરો અને ડેપોના કર્મચારીઓને સ્વચ્છતા જાળવવા અનુરોધ કર્યો હતો. આ પ્રવૃત્તિ દ્વારા જાહેર સ્થળો અને એસ.ટી. બસોને સ્વચ્છ રાખવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

# ચોટીલાની દોશી પ્રા.શાળામાં બાળકો દ્વારા ૧૧૧ દિવડા પ્રગટાવી વૃક્ષ, અગ્નિ અને ગૌપૂજન કરાયું

## પિતાના ચરણોનો સ્કેચ બતાવી ચરણપાદુકાની પૂજા કરી અનોખી રીતે પિતૃવંદના કરાઈ



**અબતક, રણજીતસિંહ ધાંધલ, ચોટીલા**

ચોટીલા નગરમાં આવેલી જે.વી.એચ.દોશી પ્રાથમિક શાળાના બાળકોએ સતત સોમવાર થી શનિવાર સુધી સવારમાં પ્રાર્થના સભામાં અલગ અલગ ધોરણના બાળકોએ પોતાના પિતાના ચરણોનો સ્કેચ ઘરેથી બનાવી શાળામાં લાવી કંકુ-ચોખા થી પૂજન કરી ચરણપાદુકાની પરિક્રમા કરી સમૂહમાં અનોખી રીતે પિતૃ વંદના કાર્યક્રમ યોજાયો હતો.

આ પિતૃ વંદના કાર્યક્રમ સાથે શનિવારે જ્યારે શાળા બેગલેસ ડે ઉજવે છે ત્યારે પ્રાર્થના સભામાં વિદ્યાર્થીઓ દ્વારા ''મા નર્મદા''ના પવિત્ર જળનું પૂજન, ''વૃક્ષ પૂજન'', ''ગૌ પૂજન'' અને ''અગ્નિ પૂજન'' કરવાનો કાર્યક્રમ સાથે સંપન્ન થયો હતો. આ શાળાના કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના શિક્ષકો તથા શિક્ષિકા બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

### મનપાની વેરા વસુલાતની કાર્યવાહી

# ગાંધીધામ : રૂ.૧૫.૨૬ લાખનો બાકી વેરો ન ભરનારની મિલકત સીલ



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ મહાનગરપાલિકા કમિશનર બી.ડી. દવેરાની સૂચના મુજબ ટેક્સ વિભાગની ટીમે વેરાની વસૂલાત માટે કાર્યવાહી હાથ ધરી છે. બિલ-નોટિસ અને અંતિમ નોટિસ આપવા છતાં વેરો ન ભરનાર વોર્ડ-૯/બી.એ.માં આવેલી પ્લોટ નં. ૧૦૧૯ની મિલકતને રૂ. ૧૫,૨૬,૮૯૦નો વેરો બાકી રહેતાં નિયમોનુસાર સીલ કરવામાં આવી છે.મહાનગરપાલિકા દ્વારા અન્ય મોટા બાકીદારોને પણ તાકીદ કરવામાં આવી છે કે બાકી વેરો વહેલી તકે ભરી દે અન્યથા આગામી દિવસોમાં મિલકત જપ્તી અને સીલિંગ સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# મોટી ભલસાણ ગામના નિખિલપરી ગૌસ્વામીને શ્રેષ્ઠ નાયબ સેન્શન અધિકારીનું મુખ્યમંત્રીના હસ્તે બહુમાન

## નિયમિતતા અને વિશિષ્ટ કામગીરી બદલ પ્રથમ ચિંતન શિબિરમાં રાજ્ય સ્તરે સન્માનિત કરાયા

**અબતક, રાજુ રામોલિયા, કાલાવડ**



ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગમાં નાયબ સેક્શન અધિકારી તરીકે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા અને જામનગર જિલ્લાના મોટી ભલસાણ ગામના વતની ગૌસ્વામી નિખિલપરી રાજેશપરીએ રાજ્ય સ્તરે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને સમગ્ર જામનગર પંથક અને ગૌસ્વામી સમાજનું નામ રોશન કર્યું છે. ગાંધીનગર મુકામે યોજાયેલી માર્ગ અને મકાન વિભાગની પ્રથમ ઐતિહાસિક 'ચિંતન શિબિર' દરમિયાન ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે તેમને 'શ્રેષ્ઠ નાયબ સેક્શન અધિકારી' તરીકે એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા છે.

ગૌસ્વામી નિખિલપરીને તેમની સરકારી સેવામાં સમય મર્યાદામાં ફાઈલો અને કામગીરીનો સચોટ નિકાલ, આદર્શ રેકોર્ડ વ્યવસ્થાપન, કચેરીમાં અનુકરણીય નિયમિતતા, ચોક્કસાઈપૂર્વકનું નોંધ મુદ્દાલેખન તેમજ વહીવટી ક્ષેત્રે કરેલી વિશિષ્ટ કામગીરીના મૂલ્યાંકનને આધારે આ સર્વોચ્ચ સન્માન એનાયત કરવામાં આવ્યું છે.મુખ્યમંત્રીના હસ્તે મળેલા આ પ્રતિષ્ઠિત પુરસ્કાર બદલ ગૌસ્વામી નિખિલપરી પર તેમના વતન મોટી ભલસાણ, જામનગર જિલ્લાના નાગરિકો, સહકર્મચારીઓ તેમજ ગૌસ્વામી સમાજના અગ્રણીઓ તરફથી અવિરત અભિનંદનની વર્ષા થઈ રહી છે.

# જૂનાગઢ : ફૂડ વિભાગ અને સેનિટેશન શાખાનું સરપ્રાઈઝ ચેકિંગ

## સ્વાસ્થ્ય સાથે બેદરકારી દાખવતા દુકાનદારો પાસેથી કુલ ૫૦,૦૦૦નો દંડ વસુલાયો

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**





જૂનાગઢ મહાનગરપાલિકાના કમિશનર આઈ.આર.વાળાના માર્ગદર્શન હેઠળ,નાયબ કમિશનર કે.સી.વાઘેલા, ફૂડ શાખા અને સેનિટેશન શાખા દ્વારા શહેરમાં સઘન તપાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત તળાવ દરવાજા ખાતે આવેલ 'કચ્છી ફાસ્ટ ફૂડ' નામની દુકાન તેમજ તેમના મેન્યુફેકચરિંગ યુનિટ ખાતે સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવ્યું હતું. આ આકસ્મિક તપાસ દરમિયાન કચ્છી ફાસ્ટ ફૂડના મેન્યુફેક્ચરિંગ યુનિટ ખાતેથી ફૂડ અંગેનું કોઈ લાયસન્સ મળી આવ્યું ન હતું. વધુ તપાસ કરતા ત્યાંથી અંદાજિત ૧૦ કિલો જેટલા સડેલા-બાફેલા બટેટા તેમજ ૨૦૦ ગ્રામ ફૂડ કલરનો અખાદ્ય જથ્થો મળી આવ્યો હતો.

આ ઉપરાંત લાયસન્સ વિના કામગીરી કરવા અને અખાદ્ય સામગ્રી રાખવા જેવા ગંભીર ઉલ્લંઘન બદલ કચ્છી ફાસ્ટ ફૂડ પાસેથી સ્થળ પર જ રૂપિયા ૪૦,૦૦૦ નો દંડ વસૂલવામાં આવ્યો હતો. આ ઉપરાંત, 'હાર્દિક ફાસ્ટ ફૂડ' ખાતે પણ તપાસ કરવામાં આવતા, તેમની પાસે ફૂડ અંગેનું લાયસન્સ ન હોવાનું જણાઈ આવ્યું હતું. જેથી નિયમો અનુસાર તેમની પાસેથી પણ રૂપિયા ૧૦,૦૦૦ નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

# કાલાવડ : વન મહોત્સવમાં ગીરધરભાઈ મુળાસિયાને વૃક્ષપ્રેમી તરીકે સન્માનિત કરાયા



**અબતક, રાજુ રામોલિયા, કાલાવડ**

કાલાવડ ૭૭ માં વન મહોત્સવ માં ગીરધરભાઈ મૂળાસિયા ને સામાજિક વનીકરણ રેન્જ ઑફિસર કાલાવડ દ્વારા કાલાવડ તાલુકાના ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા અને અન્ય આગેવાનો અને પદાધિકારીઓની હાજરીમાં વૃક્ષ પ્રેમી તરીકે સન્માનિત કરવામાં આવ્યા અને ગીરધરભાઈ મૂળાસિયા એ ખરેડી ની શ્રી ટાકરડી હનુમાનજી મંદિર આજુબાજુ ની જગ્યા જ્યાં પથ્થર વાળી જમીન આવેલ હોય ત્યાં વૃક્ષ વાવવા અને ઉછેરવા ખુબ જ કઠિન હોય ત્યારે ગીરધર ભાઈ ના અથાગ પ્રયત્નો દ્વારા જમીન પર હજારો વૃક્ષોનું વાવેતર કરી ઉછેર કરી બંજર જમીનને લીલીછમ બનાવી અને પર્યાવરણ ને સુરક્ષિત રાખવા માટે મહત્વ નું યોગદાન આપવા બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા.

# રાણપુરની મોડેલ સ્કૂલના છાત્રોનો કલા મહાકુંભમાં દબદબો, સાત વિદ્યાર્થીઓ અવ્વલ

**અબતક, વિપુલ લુહાર, રાણપુર**



બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના અળવ ગામે યોજાયેલા કલા મહાકુંભમાં મોડેલ સ્કૂલ, રાણપુરના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળા સહિત સમગ્ર તાલુકાનું ગૌરવ વધાર્યું છે. વિવિધ સ્પર્ધાઓમાં શાળાના કુલ ૮ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો, જેમાંથી ૭ વિદ્યાર્થીઓએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરી નોંધપાત્ર સફળતા હાંસલ કરી હતી. વિદ્યાર્થીઓની આ સિદ્ધિને પગલે શાળા પરિવાર અને શિક્ષણજગતમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

કલા મહાકુંભ એ વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત કલાત્મક પ્રતિભાને ઉજાગર કરવા, સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવા અને પોતાની આવડત રજૂ કરવા માટેનું મહત્વપૂર્ણ મંચ છે. આ મંચ પર રાણપુર મોડેલ સ્કૂલના વિદ્યાર્થીઓએ સંગીત, સાહિત્ય, ચિત્રકલા અને વક્તૃત્વ સહિતની વિવિધ સ્પર્ધાઓમાં પોતાની પ્રતિભાનો પરિચય કરાવ્યો હતો.

સ્પર્ધામાં લોકગીત વિભાગમાં કિરીટભાઈ રાઠોડે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. લગ્નગીત સ્પર્ધામાં નયના ઘાઘરેટિયા, સુગમ સંગીતમાં રિંકુ ગોવિંદિયા અને નિબંધ સ્પર્ધામાં સ્નેહા સાકળીયાએ પ્રથમ સ્થાન મેળવી શાળાને ગૌરવ અપાવ્યું હતું. આ ઉપરાંત ચિત્રકલા સ્પર્ધામાં સુહાના જમોડ અને દીપિકા ડાભીએ દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. જ્યારે વક્તૃત્વ સ્પર્ધામાં અસ્મિતા ગોહિલે તૃતીય સ્થાન મેળવી પોતાની વક્તૃત્વકળાનું ઉત્તમ પ્રદર્શન કર્યું હતું. તબલાવાદન સ્પર્ધામાં પ્રદીપ પાનસણિયાએ પણ તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરી સંગીત ક્ષેત્રે પોતાની પ્રતિભા દર્શાવી હતી.

# જી.જી. હોસ્પિટલમાં સિક્યુરિટી ગાર્ડનો કોર્પોરેટર સાથે ગેરવર્તણૂકનો આક્ષેપ

## ફૂડ પોઈઝનિંગના દર્દીની ખબર અંતર પુછવા ગયા ત્યારે ઈસ્માઈલભાઈ સાથે થઈ માથાકુટ

**અબતક, જામનગર**

જામનગર મહાનગર પાલિકાના વોર્ડ નંબર ૧ના કોર્પોરેટર અને એડવોકેટ ઇસ્માઇલભાઈ માણેક સાથે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ફરજ પરના સિક્યુરિટી ગાર્ડ દ્વારા ગેરવર્તણૂક અને ઉદ્ધતાઈભર્યું વર્તન કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. વોર્ડ નંબર ૧ ના અસંખ્ય લોકો ફૂડ પોઈઝનિંગના કારણે જી.જી. હોસ્પિટલમાં સારવાર હેઠળ દાખલ હોવાથી, તેમના ખબરઅંતર પૂછવા અને તેમની સારવાર અંગેની સ્થિતિ જાણવા માટે કોર્પોરેટર ઈસ્માઈલભાઈ માણેક હોસ્પિટલ ખાતે રૂબરૂ મુલાકાત લેવા ગયા હતા. આ દરમિયાન હોસ્પિટલના સિક્યુરિટી ગાર્ડ દ્વારા તેમને રોકવામાં આવ્યા હતા. ઈસ્માઈલભાઈ માણેકે પોતાનો પરિચય વોર્ડ નંબર ૧ના કોર્પોરેટર તરીકે આપ્યો હોવા છતાં, સિક્યુરિટી ગાર્ડ દ્વારા તેમની પાસે આઈડી કાર્ડ બતાવવાનું કહેવામાં આવ્યું હતું. તેમણે આઈડી કાર્ડ બતાવ્યું હોવા છતાં, સિક્યુરિટી ગાર્ડ દ્વારા આઈડી કાર્ડના ફોટાની ખરાઈ કરવાની વાત કરીને ઉદ્ધતાઈભર્યું વર્તન કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ છે.

જનપ્રતિનિધિ તરીકે પોતાના વોર્ડના દર્દીઓની ખબરઅંતર પૂછવા જવું એ તેમની સામાજિક અને જાહેર જવાબદારીનો ભાગ છે. આ ઘટનાને ધ્યાનમાં રાખીને જી.જી. હોસ્પિટલના સત્તાધીશો દ્વારા સમગ્ર મામલે યોગ્ય તપાસ કરવામાં આવે, સિક્યુરિટી સ્ટાફને દર્દીઓના સ્વજનો અને મુલાકાતીઓ સાથે સન્માનપૂર્વક વર્તવા માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવે તથા ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે યોગ્ય પગલાં લેવામાં આવે તેવી કોર્પોરેટર દ્વારા માંગ કરવામાં આવી છે.

# જામનગરમાં સમાધાનના બહાને બોલાવી યુવક પર છરીથી હુમલો

## ૪ શખ્સો સામે હત્યાના પ્રયાસનો નોંધાતો ગુનો

**અબતક, જામનગર**

જામનગરમાં જૂની બોલાચાલીનો ખાર રાખીને સમાધાનના બહાને બોલાવી એક યુવાન પર જીવલેણ હુમલો કર્યાનું સામે આવ્યું છે. આ મામલે ચાર શખ્સો સામે હત્યાનો પ્રયાસ સહીતની કલમ હેઠળ ગુનો નોંધાયો છે. જામનગરના મચ્છરનગર શેરી નંબર-૨માં રહેતા સમીરભાઈ ઈશાકભાઈ ઝૂંઝાએ નોંધાવેલી ફરિયાદ અનુસાર ૮ ઓક્ટોબરના રોજ સવારે પોતે મિત્રો સાથે ઊભો હતો ત્યારે મસ્તીમાં સમૂહમાં ગાળો બોલતા પાર્થરાજસિંહ જાડેજાને પોતાને ગાળો આપી હોવાનું લાગતાં આ બાબતનો ખાર રાખ્યો હતો. ત્યારબાદ સમીરના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ થકી નંબર મેળવી પુષ્પરાજ ઉર્ફે બાપુડીએ પાર્થરાજસિંહ જાડેજા સાથે સમાધાન કરાવી આપવાની વાત કરી હતી. વિકાસગૃહ સ્કૂલ પાસે ઊભા હોવાનું કહી સમીરભાઈને ત્યાં બોલાવ્યા હતા. જ્યાં હાજર પાર્થરાજસિંહ જાડેજા, પુષ્પરાજ ઉર્ફે બાપુડી, હાર્દિકસિંહ ઉર્ફે હદિયો અને ધુલો નામના શખ્સોએ સમાધાન અંગે વાતચીત દરમિયાન પાર્થરાજસિંહે સવારની બોલાચાલીનો મુદ્દો ઉઠાવી ગાળો બોલી હતી. ત્યારબાદ હાર્દિકસિંહએ છરી વડે હુમલો અને ઢીકાપાટુનો માર માર્યો હતો. આરોપી નાશી છતાં ઈજાગ્રસ્ત યુવાનને જી.જી. હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં તબીબોએ જમણા હાથની વચલી આંગળીમાં પાંચ જેટલા ટાંકા અને ડાબા ખભાના ભાગે આઠ જેટલા ટાંકા લઈ સારવાર આપી હતી.

# જામજોધપુરઃ ભાઈઓએ ગાડી લેવાની ના પાડતા યુવાનનો આપઘાત

**અબતક, જામનગર**

જામજોધપુરમાં ગાડી લેવાની ઈચ્છા પૂરી ન થતાં ૩૭ વર્ષીય યુવાને ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું. ભાઈઓએ ગાડી લેવાની ના પાડતાં મનમાં લાગી આવતાં આ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક વિગતોમાં જાણવા મળ્યું છે. બનાવને પગલે પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. ઘટનાની જાણ થતાં જામજોધપુર પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે. જામજોધપુરના તીરૂપતી સોસાયટી, રામવાટીકા-૨ માં રહેતા ભરતભાઈ લખમણભાઈ ભાસડીયા (ઉ.વ.૩૭) ને ગાડી લેવી હોય અને તેમના ભાઈઓએ ગાડી લેવાની ના પાડતા મનમાં લાગી આવ્યું હતું. આથી વ્યથિત યુવાને પોતાના ઘરે ઝેરી દવા પી જતા આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જે મામલે પરિવારજનોને જાણ થતાં તરત જ સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા. જયા તેની મોત થયાનું ફરજ પરના તબીબે જાહેર કર્યું હતું. આ બનાવ મામલે મૃતકના ભાઈ વિજયભાઈ લખમણભાઈ ભાસડીયાએ પોલીસમાં જાણ કરતા જામજોધપુર પોલીસે મોતની નોંધ કરી તપાસ હાથ ધરી છે.

# ખંભાળીયાઃ મુખ્ય ટપાલ કચેરીમાં જનરેટર શોભાના ગાંઠીયા સમાન

**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળિયા**




ખંભાળીયા શહેરની મુખ્ય અને શહેરની એકમાત્ર પોસ્ટ ઓફીસમાં વિજકાપ વખતે કલાકો વિજ પુરવઠો ખોરવાય ત્યારે વર્ષોથી રાખવામાં આવેલ મોટું જનરેટર ચાલુ નહિં કરાતા લોકોને મળતી ઓનલાઈન સેવાઓ વિજળીના અભાવે બંધ થતાં પોસ્ટ ઓફીસના ગ્રાહકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. વિજકાપ વખતે પણ પોસ્ટ વિભાગ દ્વારા આ જનરેટર ચાલુ નહિં કરાતા કલાકો સુધી કામગીરી બંધ રહે છે અને કોમ્પ્યુટર્સ બંધ થઈ જતાં સામાન્ય વહીવટી કામો પણ બંધ થઈ જતાં લોકોમાં ભારે રોષ સાથે જવાબદાર અધિકારી સામે ગંભીર બેદરકારીના પગલા લેવા માંગ ઉઠી છે.

# નવરાત્રીના તહેવારમાં પરંપરાગત વાજીંત્રોની ખરીદીમાં મંદીનો માહોલ

## શેરી ગરબીઓ અને પાર્ટી પ્લોટમાં ઈલેક્ટ્રોનિક ઉપકરણોનો વપરાશ વધતાં ડબગર પરિવારો અને કારીગરોની હાલત કફોડી

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



નવરાત્રિના પર્વને ગણતરીના દિવસો બાકી છે ત્યારે સુરેન્દ્રનગર ખાતે ગરબા મંડળ અને નવરાત્રિના આયોજકો દ્વારા પરંપરાગત રીતે ઉપયોગમાં લેવાતાં વાજિંત્રોની ખરીદી કરવામાં આવી રહી છે શેરી ગરબીઓ અને પાર્ટી પ્લોટમાં ઈલેક્ટ્રોનિક ઉપકરણોનો વપરાશ વધતાં વાજિંત્રોની ખરીદીમાં મંદીનો માહોલ જોવા મળતા સુરેન્દ્રનગર જીલ્લામાં ડબગર પરિવારોની હાલત કફોડી બની છે. સુરેન્દ્રનગર અને વઢવાણ ખાતે વસવાટ કરતા ડબગર પરિવારો દ્વારા વર્ષોથી પરંપરાગત જૂના વાજીંત્રો બનાવવામાં આવે છે. જેમાં ઢોલક, તબલા, નાના મોટા મંજીરા, ડ્રમ, ડાક સહીતના સાધનો બનાવવામાં આવે છે વર્તમાન સમયમાં ડી.જે સહીતના ઈલેક્ટ્રોનિક ઉપકરણોનો ઉપયોગ વધતા જૂના વાજીંત્રોનો ઉપયોગ ઘટયો છે. આથી વર્ષો થી વાજિંત્રોનું વેચાણ કરતા વેપારીઓ, આ ઉદ્યોગ સાથે જોડાયેલા કારીગરો તેમજ તેમના પરિવારજનોની હાલત કફોડી બની છે.

# કાલાવડની મુક્તાબેન કન્યા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓએ ખેલ મહાકુંભની વિવિધ સ્પર્ધામાં મેળવી ઝળહળતી સિદ્ધિ



**અબતક, રાજુ રામોલિયા, કાલાવડ**

તાજેતરમાં યોજાયેલ કલા મહાકુંભ અને ખેલ મહાકુંભની વિવિધ સ્પર્ધાઓમાં કાલાવડની સૌથી જૂની કન્યાઓ માટેની હાઈ સ્કૂલ મુકતાબેન કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરી શાળાને ગૌરવ અપાવ્યું છે. વિદ્યાર્થીનીઓની આ જળહળતી સફળતા માટે શિક્ષણ મંડળના મેનેજીંગ ટ્રસ્ટી જે.ટી. પટેલ, ટ્રસ્ટી હસમુખભાઈ વોરા, આચાર્યા પ્રવિણાબેન કપૂરીયા તથા શિક્ષકો દ્વારા અભિનંદન પાઠવ્યા તેમજ જીલ્લા અને રાજય કક્ષાની સ્પર્ધાઓમાં પણ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન માટે હાર્દિક શુભકામના પાઠવી હતી.

(પહેલા પાનાનું ચાલું)

### દિલ્હી...

નજરકેદમાં છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારના રાજીનામાની માંગ સાથે આજે કોકરોચ જનતાપાર્ટીના આંદોલનના પગલે રાજધાની જાણે થંભી ગઈ હોય તેવું લાગી રહ્યું છે. ૨૦ હજારથી વધુ પ્રદર્શનકારીઓ ભેગા થવાની શકયતા ને ધ્યાનમાં રાખી ૩૫ હજારથી વધુ પોલીસ અને અર્ધ લશ્કરી જવાનોને ખડકી દેવામાં આવ્યા છે. ૪૫ મેટ્રો સ્ટેશન બંધ કરી દેવામાં આવ્યા છે. ૩૦ સ્થળે નાકાબંધી કરી ડાયવર્ઝન કરી દેવામાં આવ્યા છે. જંતર વેથી ૪ કિ.મી.ની ત્રિજયામાં મોબાઈલ ઈન્ટરનેશન સેવા બંધ કરી દેવામાં આવી છે. આજ રાત સુધી ૭૦૦ દારૂની દૂકાનો બંધ કરી દેવામાં આવી છે.

દિલ્હીની સરહદો પર તપાસ અને શહેરમાં ઠેર-ઠેર રસ્તાઓ પર બેરિકેડ્સ, મોબાઈલ ઈન્ટરનેટ સેવા બંધ અને મેટ્રો સ્ટેશનો બંધ - શનિવારે સવારે જંતર-મંતર ખાતે પ્રદર્શનકારીઓને એકઠા થતા રોકવા માટે દિલ્હી પોલીસે કડક પગલાં લીધાં છે. મધ્ય દિલ્હી એક અભેદ્ય કિલ્લા જેવું બની ગયું હતું.

અંદાજે ૨૦,૦૦૦ લોકોની ભીડને જંતર-મંતર પહોંચતી રોકવા માટે, દિલ્હી પોલીસ અને અર્ધલશ્કરી દળો સહિત લગભગ ૩૫,૦૦૦ સુરક્ષાકર્મીઓને આ કિલ્લેબંધીવાળા શહેરમાં તૈનાત કરવામાં આવશે. આ વિરોધ પ્રદર્શન સવારે શરૂ થવાનું છે. વધારાના દળોની માંગણી કરવામાં આવી હતી

જનપથ-કર્તવ્ય પથ ક્રોસિંગની આસપાસ ૪ કિમીના વિસ્તારમાં મોબાઈલ ઈન્ટરનેટ સેવાઓ બંધ કરી દેવામાં આવી હતી. આ પ્રતિબંધો શનિવારે રાત્રે ૧૦ વાગ્યા સુધી ચાલુ રહેશે. દિલ્હી પોલીસની ટ્રાન્સપોર્ટ રેન્જે દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશનને પત્ર લખીને ''સંવેદનશીલ સ્થળો તરફ બેકાબૂ ભીડની હિલચાલ'' ની શક્યતા દર્શાવ્યા બાદ, ૫૭ મેટ્રો સ્ટેશનો (જેની સંખ્યા બાદમાં ઘટાડીને ૪૫ કરવામાં આવી હતી) પર પ્રવેશ અને બહાર નીકળવાની પ્રક્રિયા આગામી સૂચના સુધી બંધ કરી દેવામાં આવી હતી.

૩૦થી વધુ નાકાબંધીના સ્થળો - જેમાં સરહદ પરના કેટલાક સ્થળોનો પણ સમાવેશ થાય છે - તેની ઓળખ કરવામાં આવી છે. એક અધિકારીએ કહ્યું, ''જેઓ અરાજકતા ફેલાવવાનો પ્રયાસ કરશે અથવા વિરોધ સ્થળ તરફ આગળ વધશે તેમને તાત્કાલિક અટકાયતમાં લેવામાં આવશે. તેમને શહેરની સરહદો પર જ રોકી દેવાની યોજના છે.''

### મંત્રી ચિરાગ પાસવાન...

''કેટલાક લોકો આવી ગેરસમજ ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. કોઈ કેટલી ટ્રેનો રોકી શકે? કેટલા રસ્તાઓ બ્લોક કરી શકે? તેઓ ભારતના યુવાનો છે, જેઓ વિશ્વને રાહ બતાવવા સક્ષમ છે. પેઢીઓથી આવું થતું આવ્યું છે. તેમને કોઈ રોકી શકતું નથી,''એકતરફી નિર્ણયો લેવાના આરોપ બાદ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર તપાસના દાયરામાં આવ્યા ત્યારે ચિરાગે સ્પષ્ટતાની માંગ કરી હતી; પરંતુ ચૂંટણી પંચે નિર્ણયો સર્વસંમતિથી લેવાયા હોવાનું જણાવતું નિવેદન બહાર પાડ્યા બાદ તેઓ તરત જ પીછેહઠ કરી ગયા હતા.

### ભાજપ બેઠક...

સ્પષ્ટ સૂચના આપી હતી. આજે સવારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષે એક નિવેદન આપતા જણાવ્યું હતું કે, રાહુલ ગાંધી સહિતના વિરોધ

પક્ષના તમામ નેતાઓ દેશને ગેરમાર્ગે દોરી રહ્યા છે યુવાનોમાં ખોટો ભ્રમ ફેલાવી રહ્યા છે. દેશની જનતા વિકાસની સાથે છે. વિદેશી તાકાતનો આશરો લઈ દેશમાં અસ્થિરતા ઉભી કરવાના પ્રયાસ થઈ રહ્યા છે જેને ક્યારેય ચલાવી લેવાશે નહીં.

### મેડીકલ કોલેજ...

પાર્ટ-બી) વિભાજિત કરવામાં આવી છે. પ્રાથમિક અરજી માટેનો પાર્ટ-એ પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે, જ્યારે પાર્ટ-બી ૨૦૨૬ના નવેમ્બરથી ઉપલબ્ધ થશે. બંને ભાગની અરજીઓ તેમજ જરૂરી અરજી ફી જમા કરાવવાની અંતિમ તારીખ ૩૧ ડિસેમ્બર ફી રિકોન્સિલેશન માટે પાંચમી જાન્યુઆરી ૨૦૨૭ સુધીનો સમય ફાળવાયો છે. આયોગે સ્પષ્ટ ચેતવણી આપી છે કે અરજી કરતી વખતે જ કોલેજ અને સંલગ્ન હોસ્પિટલનું ઈન્ફ્રાસ્ટ્રકચર તથા કાનૂની જરૂરિયાતો સંપૂર્ણપણે પૂર્ણ અને કાર્યરત હોવી જોઈએ. અરજી સમયે 'વર્ક-ઈન-પ્રોગ્રેસ' (કામ પ્રગતિમાં છે) જેવી સ્થિતિ બિલકુલ સ્વીકાર્ય રહેશે નહીં અને આવી અધૂરી અરજીઓ ફગાવી દેવાશે. આ ઉપરાંત, માન્ય યુનિવર્સિટી પાસેથી મેળવેલું કાયદેસરનું 'કન્સેન્ટ ઓફ એફિલિએશન', ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા જારી કરાયેલ સોલ્વન્સી સર્ટિફિકેટ અને ઓડિટેડ બેલેન્સ શીટ રજૂ કરવી અનિવાર્ય છે. નવી માર્ગદર્શિકા મુજબ, કોલેજમાં ઉપલબ્ધ તમામ ફેકલ્ટીએ એબાસ પોર્ટલ પર નોંધાયેલા હોવાની સાથે શારીરિક રીતે ઉપસ્થિત રહેવું ફરજિયાત છે. ખાનગી કોલેજોએ ઈલેક્ટ્રોનિક બેંક ગેરંટી આપવાની રહેશે. જો કોઈ સંસ્થા ખોટી માહિતી, દસ્તાવેજોમાં છેડછાડ કે એઆઈ જનરેટ ફોટોગ્રાફ્સ રજૂ કરશે તો અરજી રદ થવાની સાથે કાનૂની દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

### રશિયા...

પહોંચાડવા લીલી ઝંડી આપી દેવામાં આવી છે. અત્યાર સુધી જે દેશો રશિયા પાસેથી કાચું તેલ કે ઊર્જા સ્ત્રોતો ખરીદતા હતા તેમની સામે કડક આર્થિક પ્રતિબંધો લાદનાર અમેરિકાના આ અચાનક બદલાયેલા વલણથી સમગ્ર વિશ્વ સ્તબ્ધ બન્યું છે. આ સમજૂતીના પગલે સ્થાનિક તેમજ વૈશ્વિક બજારમાં તેલના ભાવમાં ધરખમ ઘટાડો થવાનો દાવો કરાયો છે. આ આકસ્મિક ઘટનાક્રમથી યુદ્ધગ્રસ્ત ક્ષેત્રો સહિત પશ્ચિમી દેશોના રાજદ્વારી વર્તુળોમાં ભારે હલચલ અને વિરોધનો સૂર ઊભો થયો છે.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર આ અંગે વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે તેમની અત્યંત સફળ અને પરિણામલક્ષી ચર્ચા થઈ છે. આ વાટાઘાટો મુજબ રશિયા તાત્કાલિક ધોરણે ૩ લાખ ટનથી વધુ ડીઝલ અમેરિકા અને ગ્લોબલ માર્કેટમાં સપ્લાય કરવા સંમત થયું છે. આ ઉપરાંત રશિયાની રિફાઈનરીઓની ક્ષમતા અને સ્થિતિને ધ્યાને રાખીને ટૂંક સમયમાં વધુ ૩૦ લાખ ટન ડીઝલ અમેરિકા મોકલવામાં આવશે. ટ્રમ્પે દાવો કર્યો હતો કે, હોર્મુઝની સામુદ્રધુની પર અમેરિકાનું સંપૂર્ણ નિયંત્રણ અને રશિયન ઊર્જાનો આ નવો પુરવઠો ભેગા મળીને અમેરિકન નાગરિકો તેમજ વિશ્વભરના ગ્રાહકો માટે ડીઝલના ભાવોમાં ઐતિહાસિક અને ઝડપી ઘટાડો લાવશે.

વોશિંગ્ટનના આ પગલાથી આંતરરાષ્ટ્રીય કૂટનીતિમાં અમેરિકાના બેવડા માપદંડો ખુલ્લા પડી ગયા હોવાની ચર્ચા તેજ બની છે. યુક્રેન સંઘર્ષ શરૂ થયા બાદ અમેરિકા સતત દલીલ કરતું રહ્યું છે કે રશિયા પાસેથી ઊર્જા ખરીદવાથી મોસ્કોના અર્થતંત્રને વેગ મળે છે અને તેનાથી યુદ્ધને નાણાકીય ટેકો મળે છે. આ જ દલીલ આગળ ધરીને અમેરિકાએ ભારત જેવા તટસ્થ દેશો પર વધારાનો ૨૫ ટકા ટેરિફ લાદીને આર્થિક દંડ ફટકાર્યો હતો તેમજ અન્ય દેશોને પણ પ્રતિબંધોની ધમકી આપી હતી. હવે જ્યારે ખુદ અમેરિકાએ પોતાના સ્વાર્થ ખાતર રશિયા પાસેથી સીધો ડીઝલનો સોદો કરી લીધો છે, ત્યારે કૂટનીતિક વર્તુળોમાં સવાલો ઉઠી રહ્યા છે કે અન્ય દેશો માટે જે બાબત ગુનો બને છે તે અમેરિકા માટે ન્યાયસંગત કઈ રીતે હોઈ શકે.

### અમેરિકામાં ડીઝલના ભાવ...

બજાર પર પડી છે. અમેરિકન ઓટોમોબાઈલ એસોસિએશન મુજબ, દેશમાં સપ્ટેમ્બરના અંતે ડીઝલનો ભાવ ૬.૫૩ ડોલરની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યા બાદ હાલ ૬.૨૮ ડોલર પ્રતિ ગેલેન પર ટ્રેડ થઈ રહ્યો છે. સ્થાનિક સ્તરે ટ્રકચાલકો, ખેડૂતો અને સામાન્ય મતદારો મોંઘવારીથી ત્રાહિમામ પોકારી રહ્યા હોવાથી ભાવ ઘટાડવાના જબરદસ્ત રાજકીય દબાણ હેઠળ આ રશિયન ડીઝલ ખરીદવાનો રસ્તો અપનાવવો પડ્યો છે.

### ઝેલેન્સકી...

કરી શકાતી નથી. તેમણે જણાવ્યું કે કોઈ ચોક્કસ ડી-એસ્કેલેશન સમજૂતી વિના રશિયા સામેના નિયંત્રણો હળવા કરવાથી યુદ્ધ વધુ લંબાઈ જશે, કારણ કે મોસ્કોને પેટ્રોલિયમ ઉત્પાદનો વેચવાની મંજૂરી આપવી એ આતંક અને વિનાશમાં રોકાણ કરવા સમાન છે. ઝેલેન્સ્કીએ આક્ષેપ કર્યો કે રશિયા યુદ્ધના મોરચે નબળું પડી રહ્યું હોવાથી આવી બેકડોર ડીલનો સહારો શોધી રહ્યું છે, જેથી તેને શ્વાસ લેવાનો સમય મળી શકે.

### યુક્રેનની ઓફર...

એનર્જી સેક્ટર પર મોસ્કો દ્વારા વર્ષોથી કરાયેલા આતંકનો વળતો જવાબ છે. જો રશિયા યુક્રેનના પાવર અને ઊર્જા માળખાને નષ્ટ કરવાનું બંધ કરે, તો યુક્રેન પણ રશિયન રિફાઈનરીઓ પર આગ લગાડવાનું બંધ કરી દેશે. યુક્રેને સ્પષ્ટ કર્યું કે વોશિંગ્ટન પાસે આવું સમાધાન કરાવવાની પૂરતી તાકાત છે, પરંતુ તેના બદલે રશિયા સાથે બેકડોર સોદાબાજી કરવામાં આવી રહી છે.

### ભૂકંપ...

આશરે ૧૦ કિલોમીટર દક્ષિણ-પશ્ચિમમાં અને જમીનથી માત્ર ૧૦ કિલોમીટરની ઊંડાઈએ સ્થિત હતું. શરૂઆતમાં યુએસજીએસ દ્વારા આ ભૂકંપના આંચકાની તીવ્રતા ૮ સુધીની આંકવામાં આવી હતી, જેને બાદમાં સંશોધિત કરીને ૭.૭ નક્કી કરવામાં આવી હતી.

પ્રથમ મુખ્ય ભૂકંપ બાદ પનામામાં ધરતી શાંત થવાનું નામ નહોતી લઈ રહી. યુનિવર્સિટીના ભૂકંપ વૈજ્ઞાનિકો દ્વારા ૫.૮, ૫.૫ અને ૫.૨ ની તીવ્રતા સહિત કુલ ૪૫થી વધુ આફ્ટરશોક્સ (ભૂકંપ પછીના આંચકા) નોંધવામાં આવ્યા છે, જેના કારણે પ્રજામાં સતત ભયનો માહોલ છવાયેલો છે.

આ ભૂકંપની તીવ્રતા એટલી ભયાનક હતી કે તેની ધ્રુજારી છેક પાટનગર પનામા સિટી સુધી અનુભવાઈ હતી. અચાનક ધરતી ધ્રૂજવા લાગતા લોકો જીવ બચાવવા માટે પોતાના ઘરો અને ઊંચી ઈમારતોમાંથી બહાર દોડી આવ્યા હતા.

### દવાઓ...

૧૯૪૫ માં નિયમ ૬૫ હેઠળ એક નવો સબ-રૂલ ઉમેરવાનો પ્રસ્તાવ આપ્યો છે. આ નવા નિયમ મુજબ, શેડ્યૂલ એચ, એચ વન અથવા એક્સ હેઠળ નિર્દિષ્ટ દવાઓની કોઈ પણ જાહેરાત કેન્દ્ર સરકારની પૂર્વ મંજૂરી વિના કરી શકાશે નહીં. આ જોગવાઈ દવાઓના વેચાણ, સ્ટોક, પ્રદર્શન, વેચાણની ઓફર કે વિતરણ માટે લાયસન્સ ધરાવતા તમામ લોકો/સંસ્થાઓને લાગુ પડશે.

મહત્વની વાત એ છે કે, આ પ્રસ્તાવનો અર્થ એ નથી કે હાલમાં આ દવાઓની જાહેરાતો મુક્તપણે કરવાની છૂટ છે. ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ રૂલ્સ અનુસાર શેડ્યૂલ એચ, એચ વન અને એક્સની દવાઓની જાહેરાતો માટે હાલમાં પણ સરકારી મંજૂરી મેળવવી અનિવાર્ય છે.

### એસ્ટ્રોલોજી એપ...

જ્યારે નવી આવેલી ટેરોટ ૯૯ એપ ૧.૧ કરોડ અને એસ્ટ્રોલોકલ એપ ૧,૦૬૨ ટકાના તોતિંગ ઉછાળા સાથે આશરે ૭૫ લાખ ડાઉનલોડ્સ સુધી પહોંચી ગઈ છે.

બીજી તરફ, ભજન, મંત્ર, ધાર્મિક ગ્રંથો અને ઓનલાઈન પૂજા સંબંધિત એપ્સના ડાઉનલોડ્સમાં પણ ૪૭ ટકાનો વધારો થયો છે અને તે ૧૪.૬ કરોડ પર પહોંચ્યા છે.

માસિક સક્રિય યુઝર્સની દ્રષ્ટિએ સનાતન સ્ટેટસ ભજન મંત્ર એપ ટોચ પર રહી છે, જેમાં યુઝર્સની સંખ્યામાં વાર્ષિક ૧૦૯ ટકાનો ઉછાળો નોંધાયો છે.ખ્રિસ્તી ધર્મની યુવર્સન બાઈબલ એપ(૨૪ ટકા વધારો) બીજા ક્રમે અને ઈસ્લામ સંબંધિત વીમુસ્લીમ(૩૯ ટકા વધારો) ત્રીજા ક્રમે રહી છે.ઓનલાઈન પૂજા સેવા આપતી શ્રી મંદિર ચોથા અને મુસ્લિમ પ્રો પાંચમા સ્થાને રહી છે, જે દર્શાવે છે કે આ ડિજિટલ ભક્તિ દરેક સમુદાયમાં ઝડપથી લોકપ્રિય બની રહી છે.

લોકો માત્ર એપ ડાઉનલોડ જ નથી કરી રહ્યા, પરંતુ તેના પર વિતાવતા સમયમાં પણ મોટો વધારો થયો છે.વર્ષ ૨૦૨૨ના પ્રથમ ક્વાર્ટરમાં ધાર્મિક એપ્સ પર યુઝર્સ સરેરાશ ૫.૮ મિનિટ વિતાવતા હતા, જે વધીને હવે ૮.૨ મિનિટ (૪૦ ટકાથી વધુ વધારો) થઈ ગયો છે.જ્યોતિષ એપ્સ પર યુઝર્સનો સરેરાશ દૈનિક સમય ૩.૫ મિનિટથી વધીને ૫.૩ મિનિટ (૫૦ ટકાથી વધુ વધારો) નોંધાયો છે.

નિષ્ણાતોના મતે, ભારતની ધર્મ અને જ્યોતિષ પ્રત્યેની ઊંડી સાંસ્કૃતિક આસ્થા અને સ્માર્ટફોન-એઆઈ ટેક્નોલોજીના સરળ સુલભતાને કારણે ભારતની એપ ઈકોનોમીમાં આ કેટેગરી સૌથી ઝડપથી આગળ વધી રહી છે.

### કો-પાયલોટ...

હુમલા વખતે કોઈ ચૂક ન રહી જાય. બનાવના દિવસે જ્યારે તેણે કોકપિટમાં નિયંત્રણ મેળવવાની કોશિશ કરી ત્યારે મુખ્ય કેપ્ટને તેનો પ્રતિકાર કર્યો હતો. આ દરમિયાન કેટલાક બહાદુર મુસાફરો પણ મદદે દોડી આવ્યા હતા અને તેમણે સંયુકતપણે હમ્મામીને પકડી પાડી બાંધી દીધો હતો, જેનાથી વિમાનનું સુરક્ષિત ઉતરાણ શક્ય બન્યું હતું.

યુએઈ સત્તાવાળાઓની તપાસ દર્શાવે છે કે વર્ષ ૨૦૧૭માં જ્યારે તે ઓસ્ટ્રેલિયામાં અભ્યાસ કરતો હતો ત્યારે કટ્ટરપંથી પ્રચાર સાહિત્ય અને ઓનલાઈન આતંકી સામગ્રીના સંપર્કમાં આવતા તેનું બ્રેઈનવોશ થયું હતું. આ હુમલાને પરિપૂર્ણ કરવા માટે તેણે માનસિક રીતે દ્રઢ થવાની સાથે ખાનગી કોચ પાસેથી બોક્સિંગની તાલીમ મેળવી શારીરિક તાકાત પણ વધારી હતી. આરોપીએ એવો દાવો કર્યો છે કે તેણે આ આખું ષડયંત્ર એકલા હાથે જ ઘડ્યું હતું, છતાં પણ તપાસ એજન્સીઓ તેના અન્ય કોઈ આંતરરાષ્ટ્રીય આતંકી નેટવર્ક સાથેના જોડાણની ઊંડાણપૂર્વક ચકાસણી કરી રહી છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### નવલા નોરતા...

પ્રારંભ થશે. નવરાત્રી દરમ્યાન સાતમની વૃદ્ધિ તિથિ છે. એટલે કે બે સાતમ છે પરંતુ આ વર્ષ નિયમ પ્રમાણે પંચાંગ પ્રમાણે તા.૨૦ ઓક્ટોબર મંગળવારે નોમના દિવસે દશેરા છે.

દશેરાનું મહત્વ દશમ તિથિ બે દિવસે થોડી ૨ બીજી વચ્ચે અપરાહ્નકાળમાં હોય તે દિવસનું ગણાય છે. આથી આ વર્ષ તા.૨૦ને મંગળવારે નોમના દિવસે દશેરા છે.

જ્યારે નવરાત્રી મા ઘણા લોકો ના ઘરે આઠમના નિવેદ તથા હવન થતો હોય છે. ખાસ કરીને આઠમ તિથિનું મહત્વ ઉદયાત વધારે રહેલુ છે. આથી નિયમ પ્રમાણે દરેક પંચાંગ પ્રમાણે આ વર્ષ આઠમના નિવેદ અને હવન આસો શુદ આઠમને સોમવાર તા.૧૯ ના દિવસે રહેશે

ખાસ કરીને ઘણી જગ્યાએ આઠમના નિવેદ સાંજના થતા હોય છે. રાત્રીના થતા હોય છે પરંતુ ભલે રાત્રીના સમયે નોમ તિથિ બેસી જાય તો પણ પંચાંગ પ્રમાણે હવનઅષ્ટમીનું મહત્વ તા.૧૯ ઓક્ટોબરને સોમવારે જ કરવા ઉત્તમ રહેશે.

જ્યારે દરેક પંચાંગ પ્રમાણે મહા નવમી અને દશેરા ભેગા છે. જે તા.૨૦ ઓક્ટોબરને મંગળવારે છે. આથી નોમના નિવેદ બપોરના અને રાત્રીના તા.૨૦ને મંગળવારે કરવા ઉચિત રહેશે (ભલે રાત્રીના સમયે દશમ તિથિ હોય) પરંતુ ઉદયાત તિથિને ધ્યાનમાં લઈ નોમના નિવેદ મંગળવારે કરવા વધારે યોગ્ય ગણાશે.

આ વર્ષે માતાજી હાથી ઉપર બેસી અને પધારશે જે સુખ સમૃદ્ધિનું પ્રતીક માનવામાં આવે છે શુભ ગણાય છે.

# ભૂજમાં અનશન આરાધિકા વીરમણીબાઈ મહાસતિજી સમાધિભાવે કાળધર્મ પામ્યાં



ભૂજમાં આઠ કોટી મોટી પક્ષ સ્થાનકવાસી જૈન સંપ્રદાયનાં અનશન આરાધિકા સાધ્વીરત્ના વીરમણીબાઈ મહાસતિજી ભૂજ ખાતે સમાધિભાવે કાળધર્મ પામ્યાં છે. રાષ્ટ્રસંત આચાર્ય છોટાલાલજી મહારાજ સાહેબ તથા મણીબાઈ મહાસતિજી (ટોડાવાળા) નાં સુશિષ્યા અને અનશન વ્રતધારી વીરમણીબાઈ મહાસતિજી ચોથા ઉપવાસે તા.૧૦-૧૦-૨૦૨૬, શનિવારે રાત્રે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યાં હતાં. વીરમણીબાઈ મહાસતિજીની પાલખીયાત્રા તા.૧૦-૧૦-૨૦૨૬, શનિવારે બપોરે ૩ વાગ્યે નીકળશે. 'જય જય નંદા, જય જય ભદ્દા'ના જયઘોષ સાથે નીકળનારી આ પાલખીયાત્રા ત્રિભુવન જૈન સ્થાનકથી પ્રસ્થાન કરી તળાવ શેરી, વાણિયા વાળ અને અનમ રિંગ રોડ થઈ જૈન અમરધામ (મુક્તિધામ) ખાતે પહોંચશે. વિનોદભાઈ ત્રિભુવન મહેતા (પ્રમુખ) દ્વારા આપવામાં આવી છે.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ :** શ્રી દશા સોરઠીયા વૈષ્ણવ વણીક મનસુખલાલ વિઠ્ઠલજી મોતીપરા (ઉ.વ.૯૨) (મૂળ વતન ચાવંડી, તા. જામકંડોરણા) હાલ રાજકોટ, જે સ્વ. સરસ્વતીબેન, સ્વ. અમૃતલાલ તથા સ્વ. ભીખાભાઈના મોટાભાઈ, સરોજબેનના જેઠ તથા કિશોરભાઈ, સ્વ. દિનેશભાઈ (એલઆઈસી), રાજેશભાઈ, જીતેન્દ્રભાઈ, જ્યોત્સનાબેન તથા તરલાબેનના પિતા, છાયાબેન, સ્વ. રેખાબેન, સંગીતાબેન તથા અમિશાબેનના સસરા, નીતિનભાઈ, વિપુલભાઈ, શીતલબેનના મોટાબાપુ, રોહિત, સ્વ. રાજ, કલ્પેશ, હર્ષ, ક્રીષીવ, ભાવિકા, હેમાંગી, હીનાના દાદાજીનું તા. ૯-૧૦-૨૦૨૬, શુક્રવારે અવસાન થયું છે. સદ્ગતનું બેસણું તા. ૧૨, સોમવાર, સાંજે ૫ થી ૬, શ્રી નીલકંઠ મહાદેવ મંદિર, આફ્રિકા કોલોની શેરી નં. ૩, જલારામ મેઈન રોડ, રાજકોટ.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ઉપલેટાના ડુમિયાણીની બી.આર.એસ. કોલેજની બે વિદ્યાર્થિનીઓને રાજ્યપાલના હસ્તે ગોલ્ડ મેડલ એનાયત

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૬૧માં પદવીદાન સમારોહમાં પ્રતિભાશાળી વિદ્યાર્થિનીઓએ કોલેજનું ગૌરવ વધાર્યુ




**અબતક, કિરીટ રાણપરિયા, ઉપલેટા**

બી.આર.એસ. કોલેજ ડુમિયાણીની બે વિદ્યાર્થીનીઓએ રાજ્યપાલશ્રીના હસ્તે ગોલ્ડ મેડલ મેળવી કોલેજનું ગૌરવ વધાર્યું.

૬૧મા પદવીદાન સમારોહમાં કુલ ૧૩૨ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. આ ગૌરવપૂર્ણ સમારોહમાં બી.આર.એસ. કોલેજ, ડુમિયાણીની બે પ્રતિભાશાળી વિદ્યાર્થીનીઓએ રાજ્યપાલના હસ્તે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરીને કોલેજનું ગૌરવ વધાર્યું હતું.

બી.આર.એસ. કોલેજની વિદ્યાર્થીની બાવળિયા કિંજલ એ બી.આર.એસ. અભ્યાસક્રમમાં તથા માલકીયા ચંદન એ એમ.આર.એસ. અભ્યાસક્રમમાં ઉત્કૃષ્ટ શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત કરીને રાજ્યપાલના હસ્તે ગોલ્ડ મેડલ મેળવી કોલેજનું નામ રોશન કર્યું હતું.

ગ્રામીણ વિસ્તારમાં આવેલી બી.આર.એસ. કોલેજ, ડુમિયાણીની બંને વિદ્યાર્થીનીઓએ યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં પ્રાપ્ત કરેલી આ સિદ્ધિ કોલેજ માટે તેમજ વ્રજભૂમિ શૈક્ષણિક સંકુલ માટે ગૌરવની બાબત છે. તેમની મહેનત, લગન અને શૈક્ષણિક પ્રતિબદ્ધતાએ અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ કોલેજના આચાર્ય ડો. ઘનશ્યામસિંહ ગોહિલ, મેનેજિંગ ટ્રસ્ટી ડો. ઉર્વશીબેન ખાનપરા તેમજ ડો. સંજયભાઈ ખાનપરા તથા સમગ્ર અધ્યાપકગણે બંને વિદ્યાર્થીનીઓને હાર્દિક અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

# ગાંધીધામ ચેમ્બર અને શ્રમ વિભાગ આયોજિત જાગૃતિ સેમિનારમાં ઉદ્યોગ જગતને મળી વિસ્તૃત માર્ગદર્શિકા

## ચાર નવા લેબર કોડથી કાયદાકીય પ્રક્રિયા સરળ અને પારદર્શક બનશે



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

૨૯ શ્રમ કાયદાઓને ૪ લેબર કોડમાં તેમજ ૧૨૨૮ જેટલી જોગવાઈઓને સંક્ષિપ્ત કરી ૪૮૦ કલમોમાં સમાવી શ્રમ વ્યવસ્થાપનમાં ઐતિહાસિક સુધારો શ્રમિક અને ઉદ્યોગ હિતનો નવો અધ્યાય

ભારત સરકાર તથા ગુજરાત રાજ્યના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા અમલમાં મૂકવામાં આવેલા ચાર નવા લેબર કોડ અંગે ઉદ્યોગો, વ્યાપારિક સંસ્થાઓ, એચ.આર. વ્યવસાયીઓ. મેનેજમેન્ટ વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓમાં જાગૃતિ લાવવા હેતુસર ધ ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા મદદનીશ શ્રમ આયુક્ત કચેરી, ગાંધીધામના સંયુક્ત ઉપક્રમે ચેમ્બર ભવન ખાતે એક મહત્વપૂર્ણ જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ગાંધીધામ-કંડલા-મુન્દ્રા સહિત સમગ્ર કચ્છના અગ્રણી ઉદ્યોગ ગૃહોના પ્રતિનિધિઓ, પ્લાન્ટ મેનેજર્સ, એચ.આર. હેડ્સ, એડમિનિસ્ટ્રેટર્સ, ઉદ્યોગસાહસિકો તેમજ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમના પ્રારંભે ગાંધીધામ ચેમ્બરના ઉપપ્રમુખ દીપક પારેખે અધ્યક્ષ સ્થાનેથી જણાવ્યું હતું કે ભારતના આર્થિક વિકાસમાં કચ્છ પ્રદેશ આજે દેશના સૌથી અગત્યના પોર્ટ, લોજિસ્ટિક્સ અને ઔદ્યોગિક કેન્દ્ર તરીકે ઉભરી આવ્યો છે. કંડલા, મુન્દ્રા, તુણા સહિતના બંદરો, વિશાળ મેન્યુફેક્ચરિંગ યુનિટ્સ, સ્ટીલ, પાવર, પાઈપ્સ, પેટ્રોકેમિકલ, લોજિસ્ટિક્સ અને સેવા ક્ષેત્ર સાથે જોડાયેલા હજારો કર્મચારીઓ માટે નવા લેબર કોડની સમજણ અત્યંત જરૂરી છે. તેમણે જણાવ્યું હતું કે સરકાર દ્વારા શ્રમિક હિતોની સુરક્ષા અને ઉદ્યોગોને સરળ અનુપાલન વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવા માટે હાથ ધરાયેલ આ સુધારાત્મક પગલું દેશના ઔદ્યોગિક વિકાસને વધુ વેગ આપશે.

# આધ્યાત્મિક વકતા જયા કિશોરીનું એન રાઈઝ સયાજી પરિવાર દ્વારા સન્માન

## સોમનાથ દાદાના દર્શન કરી પરત ફરતા સયાજી હોટેલ ખાતે મોમેન્ટો આપી સન્માન



**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

સુપ્રસિધ્ધ કથાકાર અને આધ્યાત્મીક વકતા જયા કિશોરી તાજેતરમાં રાજકોટ પધારેલા ત્યાંથી સોમનાત દર્શનાર્થે પધાર્યા બાદ જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેન અને એનરાઈઝ સયાજી હોટલ પરિવાર દ્વારા ભાવભીનું સ્વાગત કરાયું હતુ. રાજકોટ જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેન ભારતીબેન મજબુતભાઈ હુંબલ તેમજ એનરાઈઝ સયાજી હોટલ પરિવાર તથા હોટલ અનંતા પરિવાર જગદીશભાઈ ડાંગર, બ્રિજેશભાઈ ખીમાણીયા, બાદલભાઈ હુંબલ, મજબુતભાઈ હુંબલ, રામશીભાઈ ધામેલીયા, મયુરભાઈ માલધારી, સુજીતભાઈ ઉદાણી, ભરતભાઈ જોષી દ્વારા સુપ્રસિધ્ધ કથાકાર જયા કિશોરી સોમનાથ મહાદેવના દર્શન કર્યા બાદ સયાજી હોટલ ખાતે પધારતા તેઓનું બુકે અને મોમેન્ટો આપી સન્માન કરાયું હતુ. આ તકે જયા કિશોરીએ એનરાઈઝ સયાજી હોટલની પ્રશંસા કરી હતી.

# માલધારી મહાસંમેલનમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ બોટાદના ભોળાભાઈ રબારીની કરી પ્રશંસા

## મધુસુદન ડેરીના ચેરમેન ભોળાભાઈ રબારીનો જાહેર મંચ પરથી ઉલ્લેખ થતાં ઉપસ્થિતોમાં ઉત્સાહનો માહોલ

**અબતક, વિપુલ લુહાર, બોટાદ**



ગાંધીનગર ખાતે યોજાયેલા માલધારી મહાસંમેલનમાં ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી હર્ષ સંઘવીએ બોટાદ જિલ્લા ભાજપના વરિષ્ઠ આગેવાન તથા મધુસુદન ડેરીના ચેરમેન ભોળાભાઈ રબારીની પ્રશંસા કરી હતી. જાહેર મંચ પરથી ભોળાભાઈ રબારીનો ઉલ્લેખ કરતાં હર્ષ સંઘવીએ જણાવ્યું હતુ કે, ભોળાભાઈ રબારી મારા અંગત મિત્ર છે. તેમના આ નિવેદનને મહાસંમેલનમાં ઉપસ્થિત લોકોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધું હતું. માલધારી મહાસંમેલનમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા ભોળાભાઈ રબારી સાથેના અંગત સંબંધોનો ઉલ્લેખ કરવામાં આવતાં આ પ્રસંગે વિશેષ ધ્યાન ખેંચ્યું હતું. રાજ્યના નાયબ મુખ્યમંત્રી જેવા મહત્ત્વપૂર્ણ હોદ્દા પર બિરાજમાન નેતા દ્વારા બોટાદ જિલ્લાના વરિષ્ઠ આગેવાનને પોતાના અંગત મિત્ર ગણાવવામાં આવતા ઉપસ્થિતોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.

ભોળાભાઈ રબારી બોટાદ જિલ્લા ભાજપના વરિષ્ઠ આગેવાન તરીકે રાજકીય ક્ષેત્રે સક્રિય છે. આ ઉપરાંત, તેઓ મધુસુદન ડેરીના ચેરમેન તરીકે સહકારી ક્ષેત્રે પણ જવાબદારી નિભાવી રહ્યા છે. રાજકીય અને સહકારી ક્ષેત્રે તેમની કામગીરીને કારણે તેઓ બોટાદ જિલ્લામાં જાણીતા આગેવાન તરીકે ઓળખાય છે. માલધારી મહાસંમેલનના મંચ પરથી હર્ષ સંઘવીએ ભોળાભાઈ રબારીને પોતાના અંગત મિત્ર ગણાવીને કરેલી પ્રશંસા દરમિયાન ઉપસ્થિત લોકોએ તાળીઓના ગડગડાટ સાથે પ્રતિસાદ આપ્યો હતો. આ પ્રસંગે બોટાદ જિલ્લાના આગેવાન ભોળાભાઈ રબારીનો રાજ્યના ટોચના નેતા દ્વારા જાહેરમાં ઉલ્લેખ થવો વિશેષ ચર્ચાનો વિષય બન્યો હતો.

# અમરેલી: નવરાત્રિ અને દિવાળીના તહેવારોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા એએચપીની માંગ

## ગેરકાયદે દુકાનો, સ્પા, હોટેલ અને ગેસ્ટહાઉસમાં ચેકિંગ કરવા કલેકટરને રજૂઆત



**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલીમાં નવરાત્રિ અને દિવાળીના તહેવારો શાંતિપૂર્ણ વાતાવરણમાં ઊજવી શકાય તેમજ કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના ગુજરાત પ્રદેશના ઉપાધ્યક્ષ ડો. જી.જે. ગજેરાએ અમરેલી કલેકટરને લેખિત રજૂઆત કરી છે.

રજૂઆતમાં અમરેલીના મુખ્ય માર્ગો, શાકમાર્કેટ અને બહારપરા સહિતના વિસ્તારોમાં ચાલતી પરવાનગી વિનાની ઈંડા, માંસ-મટનની દુકાનોની તપાસ કરી નિયમભંગ જણાય તો કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરાઈ છે. આ ઉપરાંત રાત્રિના સમયે સ્પા, હોટલ અને ગેસ્ટહાઉસમાં ચેકિંગ, નોંધણી રજિસ્ટરની તપાસ તથા પથિક સોફ્ટવેરમાં ગ્રાહકોની વિગતોની ઓનલાઈન નોંધણી થાય છે કે નહીં તેની ચકાસણી કરવા પણ રજૂઆત કરવામાં આવી છે. તહેવારો દરમિયાન અવાવરું સ્થળોએ શંકાસ્પદ પ્રવૃત્તિઓ પર નજર રાખવા, મહિલાઓની સલામતી માટે તકેદારી રાખવા અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ પેટ્રોલિંગ વધારવાની માંગ પણ કરાઈ છે. સંસ્થાના કાર્યકરો દ્વારા રાત્રિ દરમિયાન સક્રિય રહી શંકાસ્પદ પ્રવૃત્તિ અંગે તંત્રને જાણ કરવામાં આવશે. ડો. ગજેરાએ મુખ્યમંત્રી, ગૃહમંત્રી, અમરેલીના ધારાસભ્ય તથા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયા, આઈ.જી., અમરેલી એસ.પી. અને સિટી પોલીસને પણ રજૂઆતની નકલ મોકલી તહેવારો દરમિયાન શાંતિ અને નાગરિકોની સલામતી માટે યોગ્ય પગલાં ભરવા માંગ કરી છે.

# ભાણવડના રૂપામોરામાં કરાયું મગરનું રેસ્ક્યું



## ‘એનિમલ લવર્સ ચેરિટેબલ ટ્રસ્ટ’ની ટીમે મગર બરડા અભયારણ્યમાં સુરક્ષિત મુક્ત કરી

**અબતક, આનંદ પોપટ, ભાણવડ**

ભાણવડ તાલુકાના રૂપામોરા ગામના વાડી વિસ્તારમાં એક મહાકાય મગર આવી ચડતાં સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. બનાવની જાણ થતાં જ ‘એનિમલ લવર્સ ચેરિટેબલ ટ્રસ્ટ’ના પ્રમુખ અને જાણીતા રેસ્કયુઅર અશોકભાઈ ભટ્ટ પોતાની ટીમ સાથે મોડી રાત્રે તુરંત જ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. વન વિભાગના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યોએ ભારે જહેમત અને સાવચેતીપૂર્વક મહાકાય મગરનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કરી બરડાના પ્રાકૃતિક આવાસમાં મુક્ત કર્યો હતો.

નોંધનીય છે કે ભાણવડ પંથકમાં આ વર્ષે પૂરતો વરસાદ ન થવાને કારણે જળાશયો અને નદી-નાળાઓમાં પાણી સુકાઈ રહ્યા છે. પાણી ઓછું થતાં મગરો ખોરાક અને પાણીની શોધમાં માનવ વસાહતો અને વાડી વિસ્તારો તરફ આવી રહ્યા છે, જેના લીધે હાલના સમયમાં મગરના રેસ્કયુના બનાવોમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે.

આ સમગ્ર સાહસિક રેસ્ક્યુ કામગીરીમાં પ્રમુખ અશોકભાઈ ભટ્ટની સાથે ટીમ સભ્યો મેરામણભાઈ, હારૂનભાઈ, અનિલ પરમાર અને પરાગ પીઠિયાએ સક્રિય યોગદાન આપી સમયસૂચકતા દર્શાવી હતી, જેના પગલે સ્થાનિક રહીશોએ ભારે રાહતનો શ્વાસ લીધો હતો.

# જૂનાગઢના ઝાંઝરડા ટીપી નં.૭ સામે ખેડૂતોનો ભારે આક્રોશ

## ટ્રેક્ટરોમાં નારાબાજી સાથે નગર નિયોજક કચેરીએ પહોંચ્યાં

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢમાં ઝાંઝરડા ટીપી નં.૭ સામે ખેડૂતોનો ભારે આક્રોશ સામે આવ્યો છે, ગઈકાલે તેના વિરોધમાં ખેડૂતો ટ્રેકટરોમાં નારાબાજી સાથે નગર નિયોજક કચેરીએ પહોંચ્યા હતા અને તંત્રને સ્પષ્ટ શબ્દોમાં પરખાવી દીધું હતુ કે, જો ટીપી નં.૭ રદ નહીં થાય તો અમો ચૂંટણીનો બહિષ્કાર કરીશું.

ઝાંઝરડાના ખેડૂતો બહુમાળી ભવન ખાતેની નગર નિયોજક કચેરીએ ટ્રેકટર સાથે પહોંચયા હતા અને નારેબાજી સાથે ઉગ્ર વિરોધ કરતા નગર નિયોજક અધિકારીને રજૂઆતો કરતા જણાવ્યું હતુ કે, એક બાજુ અમારી ૪૦ ટકા જમીન તમે લઈ લો છો અને ઉપરથી આ જમીનના વિકાસ પેટે કરોડો રૂપિયા પણ અમારી પાસેથી જ ઉઘરાવા માંગો છો. ત્યારે આવી યોજનાની અમારે કોઈ જરૂર નથી. માટે ઝાંઝરડા ટીપી સ્કીમ નં. ૭ રદ કરી, અને જો ટીપી સ્કીમ નં. ૭ રદ નહીં થાય તો અમે સરકાર પાસે ઉગ્ર આંદોલન કરીશુ તથા આગામી ચુંટણીનો બહિષ્કાર પણ કરશુ.

# ધ્રાંગધ્રાના રામપરા ગામે ફળ રોપા ઉછેર કેન્દ્રની કલેકટ જી.એચ. સોલંકીએ લીધી સમીક્ષા મુલાકાત

## ગ્રામ પંચાયતની વિગતવાર તપાસ કરી જરૂરી સુચનાઓ અપાઈ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગર જીલ્લા કલેકટરે ધ્રાંગધ્રા તાલુકાના પ્રવાસ દરમિયાન રામપરા ગ્રામ પંચાયત કચેરીની મુલાકાત લીધી હતી, જ્યાં તલાટી કમ મંત્રીની હાજરીમાં ગ્રામ પંચાયતના સામાન્ય દફતરની વિગતવાર તપાસણી કરવામાં આવી હતી અને પંચાયતી કામગીરી સંબંધિત જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

આ ઉપરાંત ધ્રાંગધ્રા ખાતે આવેલ ફળ રોપા ઉછેર કેન્દ્રની પણ શુભેચ્છા મુલાકાત લીધી હતી અને નર્સરી ખાતે ચાલતી વિવિધ ક્ષેત્રીય પ્રવૃત્તિઓ, ઉચ્ચ ગુણવત્તાયુકત ફળ રોપાઓના વાવેતર અને ઉત્પાદન, ખેડૂતોને કરવામાં આવતા વિતરણ તેમજ સરકારી બાગાયતી યોજનાઓ અંગે વિસ્તૃત માહિતી પૂરી પાડી સમગ્ર ફળ રોપા ઉછેર કેન્દ્રનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરાવ્યું હતું. આ મુલાકાત દરમિયાન નર્સરી ખાતે ઊભી થતી પાણીની સમસ્યા અંગે પણ વિગતવાર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

### વિશ્વ ઓકટોપસ દિવસ નિમિતે

# જુનાગઢમાં સક્કરબાગ ખાતે કેન્સલેશન સ્ટેમ્પનું વિમોચન



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

વિશ્વ ઓકટોપસ દિવસ નિમિત્તે ગઈકાલે તા.૦૮/૧૦/૨૦૨૬ ના રોજ જૂનાગઢના સક્કરબાગ ઝૂઓલોજિકલ પાર્ક ખાતે સમુદ્રી જીવસૃષ્ટિ, ખાસ કરીને ઓકટોપસ અંગે જનજાગૃતિ ફેલાવવાનો, વન્યજીવન, દરિયાઈ જૈવવિવિધતાના સંરક્ષણ પ્રત્યે લોકોમાં રસ અને જાગૃતિ વધારવાના ઉદેશ્ય સાથે ઓકટોપસ વિષયક વિશેષ કેન્સલેશન સ્ટેમ્પનું વિમોચન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન વન્યજીવન અને દરિયાઈ જીવસૃષ્ટિ અંગેના સંક્ષિપ્ત પરિચયથી કરવામાં આવી હતી. ત્યારબાદ ઓક્ટોપસના મહત્વ, તેની વિશિષ્ટતાઓ તથા દરિયાઈ પર્યાવરણમાં તેની ભૂમિકા અંગે માહિતી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ તેમજ સ્વયંસેવકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીઓને દરિયાઈ જીવસૃષ્ટિ અને ઓક્ટોપસ અંગે માહિતીસભર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિશેષ કેન્સલેશન સ્ટેમ્પ દ્વારા કુદરત, વન્યજીવન, દરિયાઈ પર્યાવરણના સંરક્ષણનો સંદેશ વ્યાપક જનસમુદાય સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# સાવરકુંડલાના બાઢડા ગામે નવા સબ ડિવિઝન માટે ધારાસભ્ય કસવાલાની ઉર્જા મંત્રીને લેખિત રજૂઆત

## વીજપડી સબ ડિવિઝનમાં ૫૩ ગામોના વીજભારણથી અનિયમિત વીજળી મળતા ખેડૂતો પરેશાન

**અબતક, રેહાન ધાનાણી, સાવરકુંડલા**

સાવરકુંડલા તાલુકાના વીજપડી પીજીવીસીએલ સબ ડિવિઝન હેઠળ આવતા ગામોના ખેડૂતોને વીજ પુરવઠા અંગે પડતી મુશ્કેલીઓનો કાયમી ઉકેલ લાવવા સબ ડિવિઝનનું તાત્કાલિક વિભાજન કરવાની માગ ઊઠી છે. વીજપડી સબ ડિવિઝન હેઠળ સાવરકુંડલા તાલુકાનાં ૩૨ અને રાજુલા તાલુકાનાં ૨૧ મળી કુલ ૫૩ ગામોનો સમાવેશ થતો હોવાથી વહીવટી કામગીરીનું ભારણ વધ્યું છે. આથી ખેડૂતોને વીજ પુરવઠા સંબંધિત પ્રશ્નોનો સમયસર ઉકેલ મળતો ન હોવાની ધારાસભ્ય મહેશ કસવાલા દ્વારા ઉર્જામંત્રી કૌશિક વેકરીયાને લેખિત રજૂઆત કરવામાં આવી છે. ખેડૂતોને ખાસ કરીને લો વોલ્ટેજ, વારંવાર વીજળી ટ્રીપ થવી, રિપેરિંગ માટે એલ.સી. લેવાની પ્રક્રિયા અને વારંવાર ટ્રાન્સફોર્મર (ટી.સી.) બળી જવા જેવી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. વીજપડી સબ ડિવિઝનનું ભારણ ઘટાડવા માટે બાઢડા ગામે નવું સબ ડિવિઝન મંજૂર કરવાની માગ પણ કરવામાં આવી છે. ખેડૂતોના હિતમાં આ પ્રશ્નનો કાયમી ઉકેલ લાવવા અને વીજ પુરવઠા સંબંધિત સમસ્યાઓ દૂર કરવા સંબંધિત તંત્ર દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે તેવી રજૂઆત સાથે બાઢડા ખાતે નવું સબ ડિવિઝન મંજૂર કરવા ભલામણ કરવામાં આવી છે.

# વિન્ડીઝે ભારતની દિશાવિહીન બોલિંગના "છોતરા" કાઢી ૨૫૦ રનનો ટાર્ગેટ પૂરો કર્યો!!!

## શાઈ હોપની તોફાની સદી અને રધરફોર્ડના આક્રમક ૩૭ બોલમાં ૮૪ રનઃ સંજુ સેમસનના ૮૨ રન એળે ગયા



**અબતક, રાજકોટ**

કેપ્ટન શાઈ હોપ અને શેરફેન રૂધરફોર્ડ ઝંઝાવાતી બેટિંગ કરતાં રમાયેલી બીજી ટી૨૦ ક્રિકેટ મેચમાં વેસ્ટ ઈન્ડિઝની ટીમે ૨૫૦ રનનો ટારગેટ વટાવીને ભારતને છ વિકેટે પરાજય આપ્યો હતો. આ સાથે પાંચ મેચની ટી૨૦ સિરીઝમાં પ્રવાસી કેરેબિયન ટીમે સ્કોર ૧-૧થી સરભર કરી દીધો હતો. ત્રીજી ટી૨૦ કાલે રમાશે. મેચમાં વેસ્ટ ઈન્ડિઝે ટોસ જીતીને પ્રથમ બેટિંગમાં ઉતાર્યા બાદ ભારતે ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૨૪૯ રનનો સ્કોર નોંધાવ્યો હતો જેના જવાબમાં વેસ્ટ ઈન્ડિઝે ૧૮.૩ ઓવરમાં ચાર વિકેટે ૨૫૨ રન કર્યા હતા. ૨૫૦ રનના ટારગેટ સામે રમતાં વેસ્ટ ઈન્ડિઝ માટે કેપ્ટન અને ઓપનર શાઈ હોપે આક્રમક બેટિંગ કરી હતી. કામીલ પૂરન અને હેતમાયરની વિકેટ મયંક યાદવે ઉપરા ઉપરી બોલમાં ખેરવી દીધા બાદ હોપ સાથે શેરફેન રૂધરફોર્ડ જોડાયો હતો અને બંનેએ અત્યંત ઝંઝવાતી બેટિંગનું પ્રદર્શન કર્યું હતું. બંનેએ માત્ર ૫૪ બોલમાં ૧૨૦ રનની ભાગીદારી નોંધાવી હતી. ટી૨૦ ક્રિકેટમાં કેરેબિયન્સ તરફથી આ માત્ર ત્રીજી વાર સદીની ભાગીદારી નોંધાઈ હતી. શેરફેન રૂધરફોર્ડ ૩૭ બોલમા સાત સિક્સર અને સાત ચોગ્ગા સાથે ૮૪ રન ફટકારીને આઉટ થયો હતો પરંતુ શાઈ હોપે ટીમની સફળતા નિશ્ચિત કરી દીધી હતી. તેણે શાનદાર અણનમ સદી ફટકારીને ટીમને વિજય અપાવ્યો હતો. શાઈ હોપે ૪૫ બોલમાં નવ સિક્સર સાથે અણનમ ૧૦૨ રન ફટકાર્યા હતા. રોમારિયો શેફર્ડ ૧૩ બોલમાં ત્રણ સિક્સર સાથે ૩૪ રન ફટકારીને અણનમ રહ્યો હતો. અગાઉ ભારતે પ્રથમ બેટિંગ કરી હતી અને સંજુ સેમસને આક્રમક શરૂઆત કરી હતી. ચોથી ઓવરમાં ૪૨ રનના કુલ સ્કોરે અભિષેક શર્મા ૧૨ બોલમાં ૨૦ રન ફટકારીને આઉટ થઈ ગયો હતો પરંતુ કેરેબિયન બોલર્સ માટે આ રાહતના સમાચાર ન હતા કેમ કે ઈશાન કિશને આવીને સેમસન સાથે સાથે વધુ આક્રમક વલણ અપનાવ્યું હતું. બંનેએ બીજી વિકેટ માટે માત્ર ૪૩ બોલમાં ૯૭ રન ઉમેરી દીધા હતા જેમાં ઈશાન કિશનનું યોગદાન ૨૨ બોલમાં ૪૩ રનનું રહ્યું હતું. બીજે છેડે સંજુ સેમસન જામી ગયો હતો અને તેણે વધુ ઝંઝાવાતી બેટિંગ કરી હતી. સેમસને ૨૦૦.૦૦ના સ્ટ્રાઈક રેટથી ૪૧ બોલમાં ૮૨ રન ફટકાર્યા હતા જેમાં ચાર સિક્સર અને નવ ચોગ્ગા સામેલ હતા. આમ છતાં ૧૫મી ઓવરમાં સેમસન આઉટ થયો ત્યારે ભારતનો સ્કોર ૧૬૨ હતો. આમ તેની વિકેટ પડ્યા પછીના ૩૩ બોલમાં ભારતે ૮૭ રન ઉમેર્યા હતા. ભારતની છેલ્લી ઓવર્સમાં લગભગ ૧૬ રનની સરેરાશથી રન આવ્યા હતા જેમાં મહત્વનું યોગદાન તિલક વર્મા અને શ્રેયસ ઐયરનું રહ્યું હતું.

૨૦મી ઓવરના પાંચમા બોલે આઉટ થતાં અગાઉ કેપ્ટન ઐયરે ૧૮ બોલમાં ત્રણ સિક્સર સાથે ૪૦ રન ફટકાર્યા હતા તો ઐયર જેટલા જ બોલ રમીને તિલક વર્માએ અણનમ ૪૪ રન ફટકાર્યા હતા અને તેની ઈનિંગ્સમાં પણ ત્રણ સિક્સર સામેલ હતી જે તેણે ૨૦મી ઓવરના પ્રથમ ત્રણ બોલમાં સિક્સર ફટકારી હતી.

### ઓસના કારણે બોલરોને મુશ્કેલી થઈ: અય્યર



રાંચીમાં લાંબા સમય બાદ ભારતીય ટીમ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમવા મેદાનમાં ઉતરી હતી. ટોસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરવા આવેલી ભારતીય ટીમે ૨૪૯ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. આ સ્કોરના આધારે ભારતીય ટીમની જીતની શક્યતા મજબૂત માનવામાં આવતી હતી. પરંતુ વેસ્ટ ઈન્ડિઝના બેટરોએ આક્રમક બેટિંગ કરીને ભારતીય બોલરોની મુશ્કેલી વધારી દીધી હતી.મેચ બાદ શ્રેયસ અય્યરે પિચ અને ઓસની અસર વિશે વાત કરતાં જણાવ્યું કે આવી પિચ પર કેટલો સ્કોર સુરક્ષિત ગણાય તે નક્કી કરવું મુશ્કેલ છે. ખાસ કરીને ઓસની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની બની જાય છે.તેમના મતે, આ પિચ પર બોલરો માટે ભૂલ કરવાની તક ખૂબ ઓછી હતી. જો બોલર યોગ્ય લાઈન અને લેન્થ પર બોલિંગ ન કરે તો બેટરને મોટા શોટ રમવાની તક મળી જાય છે. વેસ્ટ ઈન્ડિઝના બેટરોએ આ તકનો ભરપૂર લાભ લીધો હતો.અય્યરે વેસ્ટ ઈન્ડિઝની ટીમની પ્રશંસા કરતાં સ્વીકાર્યું કે પ્રતિસ્પર્ધી ટીમે શાનદાર બેટિંગ કરી હતી અને જીત માટે તેઓ અભિનંદનને પાત્ર છે.

### બાકીની ત્રણ ટી-૨૦માં ભારતે બોલિંગમાં સુધારો કરવો આવશ્યક

રાંચીની આ મેચે ફરી એકવાર સાબિત કર્યું કે ટી૨૦ ક્રિકેટમાં મોટો સ્કોર પણ હંમેશાં જીતની ખાતરી આપતો નથી. ભારતે ૨૪૯ રન બનાવ્યા હોવા છતાં વેસ્ટ ઈન્ડિઝના બેટરોને રોકવામાં સફળતા મેળવી શક્યું નહોતું.આગામી મેચોમાં ભારતીય ટીમ માટે બોલિંગમાં ચોકસાઈ, યોગ્ય લાઈન અને લેન્થ તથા મહત્ત્વની ક્ષણોમાં વિકેટ મેળવવી નિર્ણાયક બની રહેશે. બીજી તરફ, વેસ્ટ ઈન્ડિઝની ટીમ આ ઐતિહાસિક જીતથી ઉત્સાહિત હશે અને શ્રેણીમાં પોતાનું પ્રદર્શન જાળવી રાખવાનો પ્રયાસ કરશે.રાંચીમાં મળેલી આ જીતથી વેસ્ટ ઈન્ડિઝે માત્ર મેચ જ જીતી નથી, પરંતુ ભારત સામે ટી૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી મોટા સફળ રનચેઝનો રેકોર્ડ પણ પોતાના નામે કર્યો છે.

# ૧૦૦ વર્ષમાં સૌથી વૃદ્ધ ટીમઃ ઑસ્ટ્રેલિયાની પ્લેઈંગ-૧૧ના તમામ ખેલાડી 30+ વયના!

## ૧૪૯ વર્ષના ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં પહેલીવાર ઑસ્ટ્રેલિયાની પ્લેઈંગ ઈલેવનમાં એક પણ ખેલાડી ૨૦થી ૨૯ વર્ષની ઉંમરના નથી

**અબતક, રાજકોટ**

ડર્બનના કિંગ્સમીડ ગ્રાઉન્ડ પર દક્ષિણ આફ્રિકા સામે શરૂ થયેલી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ સિરીઝની પ્રથમ ટેસ્ટમાં ઑસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમે એક નવો ઈતિહાસ રચ્યો છે. ૧૪૯ વર્ષના ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં પહેલીવાર ઑસ્ટ્રેલિયાની પ્લેઈંગ ઈલેવનમાં એક પણ ખેલાડી ૨૦થી ૨૯ વર્ષની વયજૂથનો નથી. ટીમમાં સામેલ તમામ ૧૧ ખેલાડીઓની ઉંમર ૩૦ વર્ષ કે તેથી વધુ છે.ટીમની સરેરાશ ઉંમર ૩૪ વર્ષ છે, જે ઑસ્ટ્રેલિયાના પુરુષ ટેસ્ટ ઈતિહાસની સૌથી વૃદ્ધ પ્લેઈંગ ઈલેવન બની ગઈ છે. ક્રિકેટ આંકડાશાસ્ત્રી રિક ફિનલેના જણાવ્યા અનુસાર, સમગ્ર ટેસ્ટ ક્રિકેટ ઈતિહાસમાં આ સાતમી સૌથી વૃદ્ધ ટીમ છે અને છેલ્લાં ૧૦૦ વર્ષમાં સૌથી વધુ વય ધરાવતી ટીમ છે.ટીમની વિગતો પર નજર કરીએ તો, ૩૮ વર્ષીય અનુભવી સ્પિનર નાથન લાયોન ટીમનો સૌથી વૃદ્ધ ખેલાડી છે, જ્યારે ૩૦ વર્ષીય મેટ રેનશો સૌથી યુવાન ખેલાડી છે. આ વેટરન ટીમમાં ૩૫ વર્ષ કે તેથી વધુ ઉંમરના પાંચ ખેલાડીઓ છે. જેમાં નાથન લાયોન (૩૮), સ્ટીવ સ્મિથ (૩૭), મિચેલ સ્ટાર્ક (૩૬), એલેક્સ કેરી (૩૫) અને જોશ હેઝલવુડ (૩૫)નો સમાવેશ થાય છે.અગાઉ ઓપનર્સની ફેરબદલીને કારણે ટીમમાં હંમેશાં ૩૦ વર્ષથી ઓછી ઉંમરનો કોઈક ખેલાડી રહેતો હતો. પરંતુ ૨૦૧૬ પછી પહેલીવાર ટેસ્ટ ટીમમાં વાપસી કરી રહેલા ૩૪ વર્ષીય નિક મેડિસનના સમાવેશથી આ અનોખો રેકોર્ડ બન્યો હતો. જોકે, મેડિસન ૩૩ બોલમાં શૂન્ય રન બનાવીને આઉટ થયો હતો.

### ઑસ્ટ્રેલિયાને ૨૫૦ રનમાં રોકી આફ્રિકા માનસિક દબાણમાં લાવી દેશે?



મેચની પરિસ્થિતિ વિશે વાત કરીએ તો, કેપ્ટન પેટ કમિન્સે ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પ્રથમ દિવસે વરસાદ અને ખરાબ પ્રકાશના કારણે રમત વહેલી બંધ રહી હતી. દક્ષિણ આફ્રિકાના ઝડપી બોલરો માર્કો જેન્સન, વિઆન મુલ્ડર અને અનરિચ નોર્ટજેની શાનદાર બોલિંગ સામે ઑસ્ટ્રેલિયાએ ૬૫.૨ ઓવરમાં ૬ વિકેટે ૧૮૭ રન બનાવ્યા હતા. દિવસના અંતે મેટ રેનશો ૪૬ અને પેટ કમિન્સ ૩૩ રન બનાવી અજેય રહ્યા હતા.વર્ષ ૨૦૧૮ પછી ઑસ્ટ્રેલિયાની દક્ષિણ આફ્રિકામાં આ પહેલી ટેસ્ટ સિરીઝ છે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયન દક્ષિણ આફ્રિકા સામે ઑસ્ટ્રેલિયાની આ અનુભવી ટીમ હવે પોતાના કૌશલ્યના દમ પર મેચમાં વાપસી કરવા માટે પ્રયત્નશીલ રહેશે.

દ્રાક્ષ "ખાટી" લાગી...!!!

# મુકેશ અંબાણીને વડાપ્રધાન સંબોધી એલોન મસ્કે "વસવસો" ઠાલવ્યો!

## ભારતમાં સ્ટારલિંકના પ્રવેશમાં અડચણો આવતા મસ્કે મુકેશ અંબાણી પર નિશાન સાધ્યું : કેન્દ્ર સરકારે આક્ષેપો ફગાવ્યા

**અબતક, નવી દિલ્હી**

દેશમાં સેટેલાઈટ કમ્યુનિકેશન સેવાઓ શરૂ કરવાના મુદ્દે વૈશ્વિક કંપની અને સ્થાનિક ટેલિકોમ જાયન્ટ વચ્ચે ચાલી રહેલું વાકયુદ્ધ ચરમસીમાએ પહોંચ્યું છે. વિદેશી સેટેલાઈટ કંપનીના વડા એલન મસ્કે સોશિયલ મીડિયા પર આકરા શાબ્દિક પ્રહારો કરીને ઉદ્યોગપતિ મુકેશ અંબાણી દેશના સાચા શાસક હોવાનો વ્યંગ કર્યો છે અને પોતાની સેવાઓને ભારતમાં અટકાવવા પાછળ બજારમાં ઈજારાશાહી જાળવી રાખવાનો પ્રયાસ હોવાનો આક્ષેપ લગાવ્યો છે. આ શાબ્દિક હુમલા બાદ ભારતીય ટેલિકોમ ક્ષેત્રે ભારે ચર્ચા જાગી છે.

વિગતવાર વિગતો મુજબ, ટેસ્લા અને સ્પેસએક્સના વડા એલોન મસ્કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર મોડી રાત્રે કરેલી એક પોસ્ટમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી પર સીધો પ્રહાર કર્યો હતો. તેમણે કટાક્ષભર્યા અંદાજમાં લખ્યું કે, ''ડિયર પ્રાઈમ મિનિસ્ટર અંબાણી, તમે ભારતના અસલી બોસ છો તે ન સમજવા બદલ મારી નમ્ર માફી સ્વીકારો. સ્વાભાવિક રીતે તમે ભારતના મહાન લોકોનું તમારું એકાધિકારવાદી શોષણ ચાલુ રાખવા ઈચ્છતા હશો, પરંતુ તેમ છતાં શું તમે સ્ટારલિંકને સ્પર્ધા કરવાની મંજૂરી આપવા અંગે વિચારશો?'' ભારતમાં સેટેલાઈટ ઈન્ટરનેટ સેવાઓની મંજૂરીમાં કથિત વિલંબ થતાં મસ્ક છેલ્લા ત્રણ દિવસથી આક્રમક વલણ દાખવી રહ્યા છે. પ્રથમ દિવસે તેમણે કોઈનું નામ લીધા વિના કેટલાક અબજોપતિઓ સ્ટારલિંકના પ્રવેશને રોકી રહ્યા હોવાનો આક્ષેપ કર્યો હતો અને બીજા દિવસે 'શું અંબાણી ભારતના અસલી બોસ છે?' તેવો સવાલ કર્યો હતો.

પોતાની સેવાની જરૂરિયાત પર ભાર મૂકતાં એલોન મસ્કે જણાવ્યું હતું કે, અન્ય દેશોની જેમ ભારતમાં પણ એવા અનેક વિસ્તારો છે જ્યાં ઈન્ટરનેટ કનેક્ટિવિટી પહોંચી નથી. આના કારણે ગ્રામીણ બાળકો શિક્ષણથી અને નાના વેપારીઓ વૈશ્વિક બજારમાં સામાન વેચવાની તકોથી વંચિત રહે છે. સ્ટારલિંકની સેવા તેમના જીવનમાં મોટો સુધારો લાવી શકે છે. વધુમાં, કુદરતી આપત્તિઓ વખતે જ્યારે અન્ય તમામ સંચાર નેટવર્ક ઠપ થઈ જાય છે ત્યારે પણ સ્ટારલિંકે વૈશ્વિક સ્તરે જીવન બચાવવાનું મહત્વનું કામ કર્યું છે. ભારતમાં સેટેલાઈટ સેવાની મંજૂરી મેળવવાની સ્પર્ધામાં સ્ટારલિંક ઉપરાંત સુનિલ ભારતી સમર્થિત યુટેલસેટ વનવેબ અને મુકેશ અંબાણીની રિલાયન્સ જિયો સામેલ છે, જ્યારે જેફ બેઝોસની એમેઝોન પ્રોજેક્ટ કુઈપર પણ લાઈસન્સ મેળવવાની તૈયારીમાં છે.

એલોન મસ્કના આક્ષેપો સામે કેન્દ્રીય ટેલિકોમ મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ 'ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ' ખાતે સરકારનો પક્ષ મૂકતાં જણાવ્યું હતું કે, ભારત કોઈપણ ક્ષેત્રમાં ઈજારાશાહીને મંજૂરી આપતું નથી. તેમણે સ્પષ્ટ કર્યું કે સરકાર ટેકનોલોજી પ્રત્યે તટસ્થ છે અને સેટેલાઈટ સેવા માટે ત્રણ કંપનીઓ (મિત્તલ, જિયો અને મસ્ક) પાસે લાઈસન્સ ઉપલબ્ધ છે. સરકાર જ્યારે રેવન્યુ આધારિત સ્પેક્ટ્રમ ચાર્જ નક્કી કરશે ત્યારે નિયમાનુસાર સ્પેક્ટ્રમ ફાળવવામાં આવશે અને કંપનીઓ વ્યક્તિગત રીતે સુરક્ષા સંબંધિત શરતો પૂર્ણ કરશે એટલે તેઓ સેવા શરૂ કરી શકશે. ફ્રી માર્કેટમાં ગ્રાહકોને પોતાની પસંદગીની સેવા પસંદ કરવાનો અધિકાર છે અને સરકાર સેટેલાઈટ સ્પેક્ટ્રમ પ્રાઈસિંગ અંગે ટ્રાઈની ભલામણો પર ઝડપથી અંતિમ નિર્ણય લેવાની દિશામાં કામ કરી રહી છે.

# એસએમઈ આઈપીઓ ગુજરાતમાં અવ્વલ નંબરે : છેલ્લા ૬ મહિનામાં ૩૫ કંપનીઓ ભરણામાં ગઈ

## રેસમાં મહારાષ્ટ્ર ૩૨ એસએમઈ આઈપીઓ સાથે બીજા સ્થાને અને દિલ્હી ૧૯ આઈપીઓ સાથે ત્રીજા સ્થાને રહ્યું

**અબતક, અમદાવાદ**

ગુજરાત હંમેશાં તેના ઉદ્યોગસાહસિકતા, વ્યાપારી માહોલ અને બિઝનેસ કલ્ચર માટે દેશભરમાં મોખરે રહ્યું છે, અને હવે તેણે નાણાકીય બજારમાં પણ એક નવો ઈતિહાસ રચ્યો છે. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ છ મહિનામાં (એપ્રિલથી સપ્ટેમ્બર) નાના અને મધ્યમ ઉદ્યોગો દ્વારા ઈનિશિયલ પબ્લિક ઓફરિંગના માધ્યમથી ફંડ એકત્ર કરવામાં ગુજરાતે સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ સિદ્ધિ રાજ્યની મજબૂત આર્થિક સ્થિતિ અને ઉદ્યોગોની વિસ્તરણ ક્ષમતાની સાક્ષી પૂરે છે.

બીએસઈ અને એનએસઈ ઈમર્જ પ્લેટફોર્મ મળીને ગુજરાતની કુલ ૩૫ એસએમઈ કંપનીઓએ ચાલુ નાણાકીય વર્ષમાં આઈપીઓ લોન્ચ કર્યા છે. બીએસઈ એસએમઈ ડેટા મુજબ, ૧૯ ગુજરાતી કંપનીઓએ મળીને રૂ. ૬૦૬ કરોડ એકત્ર કર્યા છે, જ્યારે ૧૬ કંપનીઓ એનએસઈ ઈમર્જ પ્લેટફોર્મ પર લિસ્ટ થઈ છે. આ રેસમાં મહારાષ્ટ્ર ૩૨ એસએમઈ આઈપીઓ સાથે બીજા સ્થાને અને દિલ્હી ૧૯ આઈપીઓ સાથે ત્રીજા સ્થાને રહ્યું છે. અગાઉના વર્ષોની સરખામણીએ પણ ગુજરાતના નાના ઉદ્યોગોમાં પબ્લિક માર્કેટ દ્વારા મૂડી મેળવવાનો પ્રવાહ સતત મજબૂત રહ્યો છે. ગુજરાતમાં મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ સેક્ટરના નાના અને મધ્યમ ઉદ્યોગોનું એક મજબૂત નેટવર્ક આવેલું છે. રાજ્યમાં પેઢી દર પેઢી વેપાર કરવાની અને શેરબજાર તેમજ રોકાણ પ્રત્યે સકારાત્મક અભિગમ ધરાવતી સંસ્કૃતિ છે.આજના સ્પર્ધાત્મક યુગમાં નાના વ્યવસાયો પોતાના બિઝનેસને મોટા પાયે વિસ્તારવા માટે ગ્રોથ કેપિટલ અને વૈશ્વિક સ્તરે ઓળખ મેળવવા માંગે છે.

# જૂનાગઢ નરસિંહ મહેતા યુનિ.નાં આઠમાં યુવક મહોત્સવ કલાઉત્સવનો પ્રારંભ

**અબતક, દર્શન જોશી**
**જૂનાગઢ**

ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી, જૂનાગઢ દ્વારા આયોજિત અષ્ટમ યુવક મહોત્સવ-કલાઉત્સવ ૨૦૨૬ નો ગઈકાલે પ્રારંભ થયો હતો. આ કલા મહોત્સવમાં યુનિ.નાં કાર્યક્ષેત્રીય દેવભુમિ દ્વારકા, ગીર સોમનાથ, પોરબંદર અને જૂનાગઢ જિલ્લાની ૪૯ કોલેજોનાં ૧૦૧૦ જેટલા કલામર્મી વિદ્યાર્થીઓ સંગીત, નાટક, લલીતકલા, નૃત્ય, અને સાહિત્ય વિભાગની કૂલ ૩૧ જેટલી વિવિધ સ્પર્ધાઓમાં સહભાગી બન્યા છે ઉદઘાટન કાર્યક્રમ પૂર્વે વિવિધ કોલેજ અને વિભાગનાં વિદ્યાર્થીઓ દ્વારા ભારતિય સંસ્કાર અને સંસ્કૃતિને અનુરૂપ કલાયાત્રા યોજી વિવિધ ટેબ્લો દ્વારા જ્ઞાન-સંસ્કાર અને સંસ્કૃતિનાં પરિચય કરાવ્યો હતો.

### યુનિવર્સિટી પ્રાંગણમાં રૂ.૭૬૦૦ લાખનાં વિકાસકામોનું મહાનુભાવોના હસ્તે કરાયું ભુમિ પૂજન



બાદમાં મહાનુભાવોનાં હસ્તે યુનિ.ભવન કેમ્પસમાં ૭૬૦૦ લાખનાં સંભવિત ખર્ચે નિર્માણાધિન માળખાકીય સવલતોમાં વધારો થાય તેવા રેકોર્ડીંગ સ્ટુડીયોઝ, ગેસ્ટ હાઉસ , કમ્પ્યુટર સેન્ટર, વાઈલ્ડ લાઈફ એન્ડ કન્ઝર્વેશન સ્ટડીઝ બિલ્ડીંગ, આર્કયોલોજી એન્ડ હીસ્ટ્રી લેગ્વેજીસ બિલ્ડીંગ, વાઈસ ચાન્સેલર બંગ્લોનું ભુમી પુજન કર્યુ હતુ. આ પ્રસંગે જૂનાગઢનાં સાંસદ સદસ્ય રાજશે ચુડાસમા, રાજ્યસભાનાં સદસ્ય માનસિંહ પરમાર, ધારાસભ્ય સંજય કોરડીયા, પ્રો. દક્ષાબા ગોહિલ, ડો. કિર્તીબા વાઘેલા, પરીક્ષા નિયામક ડો. ડી.એચ.સુખડીયા, પ્રિન્સીપાલ ડો. દિનેશ દઢાણિયા, જાણીતા સાહિત્યકાર માલદેભાઈ આહિર, સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# બગસરા : મીત બોરીસાગરે આઈઆઈટી જમ્મુમાં બી.ટેક કોમ્પ્યુટરમાં ડિગ્રી મેળવી



**અબતક, સમીર વિરાણી**
**બગસરા**

બગસરા સમસ્ત બ્રહ્મ સમાજ તેમજ રાજગોર સમાજનું ગૌરવ વધાર્યું એવા બગસરાના હોનહાર વિદ્યાર્થી બોરીસાગર મીત અશ્વિનકુમારએ આઈ આઈ ટી જમ્મુમાં બીટેક કોમ્પ્યુટર સાયન્સમાં ૯ સીજીપીએ સાથે પૂર્ણ કરી પોતાની ડિગ્રી પ્રાત કરી છે ત્યાર બાદ પબ્લિસિસ સેપીએન્ટ ગુડગાવ કંપની દ્વારા આ વિદ્યાર્થીને પોતાની ડિગ્રી આધારે સારા પેકેજથી નોકરી પ્રાપ્ત કરી છે. જયારે આવા હોનહાર વિદ્યાર્થી કે જેમણે સમગ્ર બગસરા શહેર તેમજ સમસ્ત બ્રહ્મ સમાજ બગસરા તેમજ રાજગોર સમાજ અને બોરીસાગર પરિવારનું ગૌરવ વધાર્યું છે.

# બગસરા: કલા મહાકુંભમાં મેઘાણી સ્કુલની ૧૬ ટીમોના ૩૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

## નગરપાલીકા પ્રમુખ નીરવ ગોંડલીયા, શિક્ષણ સમિતિના ચેરમેન દિનેશ હડીયાલ સહિતના ઉપસ્થિત રહ્યા



**અબતક, સમીર વિરાણી**
**બગસરા**

બગસરા મેઘાણી હાઈસ્કૂલ ખાતે તાલુકા કક્ષાના કલા મહાકુંભ ૨૦૨૬ નુ આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમના ઉદઘાટન પ્રસંગે બગસરા નગરપાલિકાના પ્રમુખ નીરવભાઈ ગોંડલીયા, શિક્ષણ સમિતિના ચેરમેન દિનેશભાઈ હડિયલ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોની ઉપસ્થિતિએ કાર્યક્રમની શોભામાં વધારો કર્યો હતો.કલા મહાકુંભનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અને યુવા કલાકારોને પોતાની કલા, સર્જનાત્મકતા અને સાંસ્કૃતિક કૌશલ્ય રજૂ કરવા માટે યોગ્ય મંચ પૂરો પાડવાનો છે. આવી સ્પર્ધાઓ દ્વારા યુવાનોમાં રહેલી સુષુપ્ત પ્રતિભાઓને ઉજાગર કરવાની સાથે ગુજરાતની સમૃદ્ધ કલા અને સંસ્કૃતિનું જતન કરી તેને નવી પેઢી સુધી પહોંચાડવાનો સુંદર પ્રયાસ કરવામાં આવે છે.

કંશને પણ શરમાવે તેવી કળિયુગી ક્રૂરતા..

# સિક્કામાં માસૂમ ભાણેજ પર ૩૦ દિવસ સુધી અતિ ભયાનક અત્યાચાર ગુજારનાર "મામા"ને ફાંસી

**બાળકી પર અમાનુષી અત્યાચાર, દુષ્કૃત્ય ગુજારી અને લોખંડના દસ્તાથી માર મારી મોતને ઘાટ ઉતારી'તિઃ પોલીસે ૩૫ દિવસમાં ચાર્જશીટ કરી, ૨૩ સાક્ષી, ૯૫ દસ્તાવેજી પુરાવા અને આરોપીએ બાળકીને ભયમાં રાખી તેના બદ ઈરાદાના આધારે કોર્ટે કેસને 'રેરેસ્ટ ઓફ રેર' ગણ્યો**

### પીએમ રિપોર્ટમા ઈજાના ૨૩ નિશાન હોવાનું કોર્ટએ માન્યું

ભોગબનનારના બાળકી પપ્પાના ઘરે જવાની જીદ કરતી હતી . જેથી આરોપી નીતિન ડોસાજી માણેકએ ગરમ લોઢી, માચીસની દીવાસળી, ઢીકા-પાટુ અને લોખંડના પાઇપ વડે બાળકીને માર મારી તેની સાથે દુષ્કૃત્ય કર્યુ હતુ.મોતને ઘાટ ઉતારી હતી પીએમ રિપોર્ટમાં શરીર પર અલગ અલગ ભાગમાં ૨૩ ઈજા આવી હતી.





### નાયબ મુખ્યમંત્રીએ પોલીસ અને સરકારી વકીલોને અભિનંદન પાઠવ્યા

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ સરકાર દ્વારા મહિલાઓ અને બાળકીઓ સામેના ગુનાઓ પ્રત્યે કડક વલણ અપનાવવામાં આવી રહ્યું છે. આ કેસમાં ઝડપી તપાસ અને ન્યાયિક કાર્યવાહી બદલ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જામનગર પોલીસની ટીમ તથા સરકારી વકીલોની કામગીરીને બિરદાવી હતી. બાળકી અને તેના પરિવારને ન્યાય અપાવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

જામનગર જિલ્લાના સિક્કામાં ૨૧ મહિના પૂર્વે આઠ વર્ષની માસૂમ બાળકી પર જાતીય અત્યાચાર ગુજારી તેની નિર્મમ હત્યા કરવાના ચકચારી કેસમાં પોક્સો કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે.આ ગુનાની ગંભીરતા અને કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલા પુરાવાઓ તેમજ આરોપીનો ઈરાદો ગંભીર પ્રકારનો અને એક માસ સુધી બાળકીને ભયમાં રાખી અત્યાચાર ગુજારી ધ્યાને લઈને આરોપી નીતિન ડોસાજી માણેકને હત્યાના ગુનામાં ફાંસીની સજા ફટકારવામાં આવી છે.

આ ઉપરાંત પોક્સો એક્ટ હેઠળ આજીવન કેદ અને રૂ. ૫૦ હજારનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે.વર્ષ ૨૦૨૫માં સિક્કામાં બનેલી આ ઘટનામાં આઠ વર્ષની બાળકી પર આશરે એક મહિના સુધી શારીરિક અત્યાચાર ગુજારવામાં આવ્યો હતો. બાળકીના શરીરના ગુપ્ત ભાગો અને છાતી પર દિવાસળીથી ડામ આપવામાં આવ્યા હતા. એટલું જ નહીં, લોખંડના દસ્તા અને ધોકા વડે માર મારી તેમજ દીવાલ સાથે ભટકાવીને તેની કરપીણ હત્યા કર્યાની વિગતો તપાસમાં સામે આવી હતી. આ ઘટનાએ સમગ્ર પંથકમાં ભારે અરેરાટી ફેલાવી હતી.

પોલીસ સ્ટાફ દ્વારા પ્રારંભમાં વણઉકેલાયેલા ગુનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને સ્ટાફ દ્વારા સઘન તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન બાળકીના મામા સિક્કાના રહેવાસી નીતિન ડોસાજી માણેકની સંડોવણી સામે આવતાં તેની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે વૈજ્ઞાનિક, ટેકનિકલ અને દસ્તાવેજી પુરાવાઓ એકત્રિત કરીને તપાસને મજબૂત બનાવી હતી. પોલીસની ટીમે ગુનો બન્યાના માત્ર ૩૫ દિવસમાં જ કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજૂ કરી હતી.

કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ સરકારી વકીલ ભારતીબેન વાદીએ કેસને લગતા કુલ ૨૩ સાહેદોની જુબાની અને આશરે ૯૫ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા હતા. સમગ્ર કેસની હકીકતો, પુરાવાઓ અને ગુનાની ગંભીરતાને ધ્યાને લઈને પોક્સો કોર્ટે કેસને રેર ઓફ ધ રેરેસ્ટ' એટલે કે અત્યંત દુર્લભ શ્રેણીનો કેસ ગણાવ્યો હતો અને અદાલતે આરોપી નિતિન ડોસાજી માણેકને ફાંસીની સજા ફટકારી હતી. હત્યાના ગુનામાં મૃત્યુદંડ, પોક્સો એક્ટ હેઠળ આજીવન કેદ અને રૂ. ૫૦ હજારના દંડની સજા સંભળાવવામાં આવી હતી.આ ચુકાદો બાળકી સામેના જઘન્ય ગુનાઓમાં તપાસની ગુણવત્તા, પુરાવાઓની મજબૂત રજૂઆત અને ન્યાયિક પ્રક્રિયાના મહત્ત્વને ઉજાગર કરે છે.

# નવરાત્રીને વધાવવા પ્રાચીન-અર્વાચીન ગરબીઓ સજ્જઃ આદ્યાશક્તિની કરશે આરાધના

**દાંડીયારાસ, તલવાર રાસ વિવિધ રાસ થકી ગરબી મંડળો દ્વારા તૈયારઃ ડેકોરેશન અને સ્ટેજની તૈયારીઓને આખરી ઓપ**



કાલથી મા આદ્યશક્તિની આરાધનાના પર્વ નવરાત્રીનો પ્રારંભ થવા જઈ રહ્યો છે, ત્યારે ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. નવ દિવસ સુધી માતાજીની આરાધના, ગરબા અને રાસની રમઝટથી શહેરમાં ભકિતમય માહોલ છવાશે. નવરાત્રીને આવકારવા જામનગર શહેરમાં પ્રાચીન અને અર્વાચીન ગરબી મંડળોના આયોજકો દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.શહેરમાં વિવિધ ગરબી સ્થળોએ ડેકોરેશન, સ્ટેજ અને અન્ય વ્યવસ્થાઓની તૈયારીઓ પૂર્ણતાના આરે પહોંચી છે. ખેલૈયાઓ અને દર્શકોને આકર્ષવા માટે ગરબીના સ્થળોને સુંદર રીતે શણગારવામાં આવી રહ્યાં છે. નવરાત્રી દરમિયાન કોઈ અગવડ ન પડે તે માટે આયોજકો દ્વારા જરૂરી વ્યવસ્થાઓ પણ ગોઠવવામાં આવી રહી છે.

આમ, એક તરફ ગરબી મંડળોમાં તૈયારીઓનો ધમધમાટ છે, તો બીજી તરફ બજારોમાં નવરાત્રીની ખરીદીની રોનક જોવા મળી રહી છે. આવતીકાલથી શરૂ થનારા નવરાત્રી પર્વને લઈને જામનગરમાં ભક્તિ, ઉત્સાહ અને ઉત્સવનો માહોલ છવાવા જઈ રહ્યો છે.

### ચુંદડી અને માતાજીના આભૂષણોની ખરીદીમાં તેજી

બીજી તરફ નવરાત્રીના આગમન સાથે બજારોમાં પણ ખરીદીનો માહોલ જામ્યો છે. માતાજીની આરાધના માટેના આકર્ષક ગરબા, રંગબેરંગી ચુંદડીઓ અને અવનવા આભૂષણો બજારમાં ઉપલબ્ધ બન્યાં છે. પરંપરાગત ગરબા સાથે પૂજામાં ઉપયોગી સામગ્રી અને શણગારની વસ્તુઓની પણ માગ જોવા મળી રહી છે. નવરાત્રીને ધ્યાનમાં રાખીને વેપારીઓએ વિવિધ પ્રકારની ચુંદડીઓ, આભૂષણો અને ગરબા સજાવટની વસ્તુઓનો સંગ્રહ કર્યો છે.

### પટેલ યુવક ગરબી મંડળ દ્વારા મશાલ રાસની તૈયારીઓનો ધમધમાટ



નવરાત્રી પર્વ નજીક આવતાં જામનગરમાં ગરબી અને રાસની તૈયારીઓનો ધમધમાટ શરૂ થયો છે. ત્યારે પટેલ યુવક ગરબી મંડળ દ્વારા પણ પરંપરાગત મશાલ રાસની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. વર્ષ ૧૯૫૭થી કાર્યરત આ મંડળ ગરબી અને રાસની સમૃદ્ધ પરંપરાને જાળવી રાખવા માટે સતત પ્રયત્નશીલ છે.

પટેલ યુવક ગરબી મંડળની આગવી ઓળખ સમાન મશાલ રાસ છેલ્લા ૨૫ વર્ષથી રજૂ કરવામાં આવે છે. સંગીતના તાલ, ઢોલના નાદ અને મશાલોની રોશની વચ્ચે રજૂ થતો આ સાહસિક રાસ દર્શકો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બને છે. મશાલો સાથે તાલબદ્ધ રીતે રજૂ થતો રાસ ખેલૈયાઓના કૌશલ્ય, તાલમેલ અને સાહસનો પરિચય કરાવે છે.ગુજરાતની લોકસંસ્કૃતિમાં ગરબી અને રાસનું વિશેષ મહત્ત્વ છે. આવી પરંપરાગત રજૂઆતો નવી પેઢીને સંસ્કૃતિ સાથે જોડવાની સાથે લોકકલા અને વારસાને જીવંત રાખવામાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. પટેલ યુવક ગરબી મંડળ વર્ષોથી આ પરંપરાને આગળ ધપાવી રહ્યું છે.

નવરાત્રી પહેલાં મશાલ રાસની તૈયારીઓ શરૂ થતાં મંડળના સભ્યોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. પરંપરા, સંસ્કૃતિ અને સાહસના સંગમ સમાન મશાલ રાસ આ વર્ષે પણ નવરાત્રીના માહોલમાં આગવું આકર્ષણ બની રહેવાની અપેક્ષા છે.

# ફૂડ શાખાની દિગ્વિજય પ્લોટમાં દૂધ વિક્રેતાઓ પર આકસ્મિક તપાસઃ શંકાસ્પદ ૮૦ લીટર દૂધનો નાશ

**૫૧ નમૂનાઓની ચકાસણી, ૨ ઈન્ફોર્સમેન્ટ અને ૮ સેમ્પલ લેવાયા**

જામનગર મહાનગર પાલિકાની ફૂડ શાખા દ્વારા શહેરમાં દૂધની ગુણવત્તા અને ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવાના હેતુથી વહેલી સવારે દૂધ વિક્રેતાઓની આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. સવારે ૫:૩૦ વાગ્યે શરૂ કરવામાં આવેલી આ કામગીરી દરમિયાન દિગ્વિજય પ્લોટ નંબર ૪૫ તથા આસપાસના વિસ્તારોમાં દૂધના વેચાણ અને વિતરણ સાથે સંકળાયેલા વિક્રેતાઓની તપાસ કરવામાં આવી હતી.

શહેરમાં ટેમ્પો અને રિક્ષા મારફતે વિવિધ ડેરીઓમાં દૂધનો પુરવઠો કરતા વિક્રેતાઓને તપાસના દાયરામાં લેવામાં આવ્યા હતા. વહેલી સવારે ફૂડ શાખાની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલી આ કામગીરીનો હેતુ દૂધની ગુણવત્તાની ચકાસણી કરી નાગરિકોને સુરક્ષિત અને ગુણવત્તાયુક્ત દૂધ મળી રહે તે સુનિશ્ચિત કરવાનો હતો.

આ કાર્યવાહી દરમિયાન મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા દૂધના બે ઈન્ફોર્સમેન્ટ સેમ્પલ અને આઠ સર્વેલન્સ સેમ્પલ લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત, 'ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ'ની મદદથી સ્થળ પર જ દૂધના કુલ ૫૧ નમૂનાઓની ચકાસણી કરવામાં આવી હતી.



તપાસ દરમિયાન શંકાસ્પદ જણાયેલું અંદાજે ૮૦ લીટર દૂધ સ્થળ પર જ નાશ કરવામાં આવ્યું હતું.મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા વહેલી સવારે કરવામાં આવેલી આકસ્મિક તપાસને પગલે દૂધના વેપાર સાથે સંકળાયેલા વિક્રેતાઓમાં દોડધામ મચી હતી. દૂધ જેવી દૈનિક વપરાશની ખાદ્ય ચીજવસ્તુની ગુણવત્તા અને શુદ્ધતા જાળવવી જાહેર આરોગ્યની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે. આથી દૂધના વેચાણ અને વિતરણની પ્રક્રિયામાં ગુણવત્તાના ધોરણો જળવાય તે માટે આવી તપાસ જરૂરી બની રહે છે.

# ધ્રોલઃ એમ.ડી. મહેતા શૈક્ષણિક સંકુલમાં કાલથી જામશે નવરાત્રીનો રંગ

**ભક્તિ, સંગીત અને સંસ્કૃતિના ત્રિવેણી સંગમ સમાન નવ દિવસીય મહોત્સવનું આયોજનઃ પરંપરાગત રાસ-ગરબાની રમઝટ સાથે મા જગદંબાની આરાધના થશે**

**અબતક, સંજય ડાંગર**
**ધ્રોલ**

ધ્રોલ શહેરમાં આવતીકાલે, તા.૧૧ ઑક્ટોબર ૨૦૨૬, રવિવારથી નવરાત્રી પર્વની ભકિતમય ઉજવણીનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. ભારતીય સંસ્કૃતિ, ધાર્મિક આસ્થા અને પરંપરાગત લોકકલાના સંવર્ધનના ઉમદા હેતુ સાથે ધ્રોલ સ્થિત એમ. ડી. મહેતા એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા દર વર્ષની પરંપરા જાળવી રાખીને આ વર્ષે પણ ભવ્ય 'નવરાત્રી રાસોત્સવ-૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના દરબારગઢ સ્થિત પ્રાંગણમાં યોજાનારા આ નવ દિવસીય મહોત્સવમાં ભકિત, સંગીત, નૃત્ય અને સંસ્કૃતિનો અનોખો સમન્વય જોવા મળશે.

આ મહોત્સવ આવતીકાલથી તા.૧૯ ઑક્ટોબર ૨૦૨૬, સોમવાર સુધી સતત નવ દિવસ ચાલશે. દરરોજ રાત્રે ૯:૦૦થી ૧૧:૩૦ કલાક સુધી મા જગદંબાના નવ સ્વરૂપોની સ્તુતિ, પ્રાર્થના અને મંત્રજાપ સાથે પરંપરાગત રાસ-ગરબાની રમઝટ જામશે. નવરાત્રી માત્ર ધાર્મિક ઉત્સવ જ નહીં, પરંતુ ભારતીય સંસ્કૃતિ, પરંપરા, સામૂહિક એકતા અને આધ્યાત્મિક ચેતનાનું પ્રતીક છે. આ જ ભાવનાને સાકાર કરવા માટે સંસ્થા દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

# જામનગર જિલ્લા પંચાયતના પ્રમુખની કારે મોટરસાઈકલને ઠોકરે લેતા મહિલાનું મોત

**ધ્રોલ નજીક અકસ્માતમાં પીજીવીસીએલના નિવૃત્ત કર્મચારી ઈજાગ્રસ્ત**

જામનગર રાજકોટ હાઈવે પર ધ્રોલ નજીક જામનગર જિલ્લા પંચાયતના પ્રમુખની સરકારી કાર અને મોટરસાઈક વચ્ચે ધડાકાભેર અકસ્માત થયો હતો. જેમાં બાઈક સવાર મહિલાનું ઘટનાસ્થળે જ મોત નીપજતા પંથકમાં અરેરાટી વ્યાપી હતી. ધ્રોલ રાજકોટ હાઈવે પર આવેલી તાજ હોટલ નજીક જામનગર જિલ્લા પંચાયતના પ્રમુખ રંજનબેન જીવાણીની કાર અને બાઈક વચ્ચે ભયંકર ટક્કર સર્જાઈ હતી. પડધરીના વતની અને પીજીવીસીએલના નિવૃત્ત કર્મચારી ભનુભાઈ મોનાભાઈ કણજારીયા તથા તેમના પત્ની દયાબેન બાઈક પર ધ્રોલ તરફ આવી રહ્યા હતા, ત્યારે પ્રમુખની



સરકારી ગાડી સાથે બાઈક અથડાતા ગમખ્વાર અકસ્માત થયો હતો. જેમાં બાઈકની પાછળ બેઠેલા દયાબેન કણજારીયાને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે બાઈકચાલક ભનુભાઈ કણજારીયાને ગંભીર ઈજાઓ પહોંચતા સ્થાનિકોની મદદથી તાકીદે ધ્રોલ સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે રાજકોટ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. અકસ્માત બાદ જિલ્લા પંચાયત પ્રમુખ રંજનબેન જીવાણી સહિત ભાજપના સ્થાનિક આગેવાનો અને હોદ્દેદારો તાત્કાલિક ધ્રોલ સરકારી હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા.ઊલ્લેખનિય છે કે પ્રમુખ રંજનબેન જીવાણી અને આગેવાનો ધ્રોલના જાયવા ગામે યોજાયેલો કાર્યક્રમ પૂર્ણ કરીને પોતાની સરકારી કારમાં ધ્રોલ તરફ પરત ફરી રહ્યા હતા આ વેળાએ અકસ્માત થયો હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ મનાઈ રહ્યું છે.

# અન્નપૂર્ણા ચોકડી પાસે હિટ એન્ડ રનઃ થારની ટક્કરથી કાર બસ સાથે અથડાતા યુવાનનું મોત

**બેકાબૂ થારે કારને પાછળથી ઠોકરે લેતા સર્જાયો ગોઝારો અકસ્માત, અફઝલ ચાવડાનું મોત, ૩ ઘાયલ**

જામનગર શહેરમા હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે.જેમા અન્નપૂર્ણા ચોકડી વિસ્તારની ઈંદ્રસપીરની દરગાહ પાસે ગત મોડી રાત્રે થારની ટક્કરથી કાર બસ સાથે અથડાતા ગોઝારા અકસ્માત સર્જાયો છે જેમા યુવાનનું કમકમાટીભર્યુ મોત નીપજ્યું હતું, જ્યારે ત્રણ યુવાનો ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માતની જાણ થતા સ્થાનિક પોલીસ બનાવ સ્થળે દોડી ગઈ હતી. મૃત દેને પીએમ અર્થે ખસેડી પોલીસે ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરી છે.





દર્દનાક ઘટના મામલે જાણવા મળતી પ્રાથમિક માહિતી મુજબ, શહેરના ઈંદ્રસપીરની દરગાહ પાસે ગત મોડી રાત્રે બેકાબૂ થાર ગાડીએ આઈ-૨૦ કારને પાછળથી ટક્કર મારતાં કાર એક ખાનગી કંપનીની બસ સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં આઈ-૨૦માં સવાર અફઝલ રહીમભાઈ ચાવડા નામના યુવાનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અન્ય ત્રણ ઈજાગ્રસ્ત યુવાનોને તાત્કાલિક સારવાર માટે સરકારી જી.જી.હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવની જાણ થતાં સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશન ના પીઆઈ વી.એમ.ડોડીયા ઘટના સ્થળે દોડી ગયા હતા. આ બનાવ અકસ્માત છે કે કોઈ કાવતરૂ, તે અંગે પીઆઈ વી.એમ.ડોડીયા દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

### માડી તારા આવવાના એંધાણ થયા

# નવલા નોરતાનો આવતીકાલથી મંગલારંભ: શક્તિની ભક્તિનો અવસર

## નવરાત્રીમાં સાતમની તીથીની વૃધ્ધી છતા પંચાગ પ્રમાણે નોમના દિવસે જ કરાશે દશેરાની ઉજવણી: અંબાજી, બહુચરાજી, કચ્છ માતાના મઢ, ચોટીલા પાવાગઢ અને ખોડલધામ સહિતના તીર્થધામોમાં નવરાત્રી પર્વની ઉજવણી કરાશે

**અબતક, રાજકોટ**

વિશ્વના સૌથી મોટા નૃત્ય મહોત્સવ અને શક્તિની ભક્તિના અલૌકિક અવસર નવલા નોરતાનો આવતીકાલથી મંગલારંભ થઈ રહ્યો છે. શારદીય નવરાત્રીના આરંભ સાથે જ ભક્તિમય માહોલ રચાશે. આ વર્ષ સાતમની તિથીની વૃધ્ધી છે પરંતુ નોમના દિવસ જ દશેરાની ઉજવણી કરવામાં આવશે. અંબાજી, બહુચરાજી, કચ્છ માતાના મઢ, ચોટીલા, પાવાગઢ અને ખોડલધામ સહિતના માતાજીના સ્થાનકોએ પૂર્ણ ભક્તિભાવ સાથે નવરાત્રી પર્વની ઉજવણી થશે. પ્રાચીન અને અર્વાચીન રાસ-ગરબા સાથે માતાજીની આરાધના કરવામાં આવશે. આવતીકાલે પ્રથમ નોરતાના દિવસે માં શૈલપુત્રની પુજાનું મહત્વ છે. ગાયનું શુધ્ધ ઘી અથવા ઘીમાંથી બનેલી મીઠાઇનો નૈવેદ્ય ધરાવવાનું મહત્વ છે.

૧૨ ઓક્ટોબરે બીજા નોરતાના દિવસે બ્રહ્મચારિણીની પુજા કરાશે. નૈવેદ્યમાં સાકર, સફેદ મીઠાઇ, મિશ્રી અથવા પંચામૃત ધરવું. ૧૩ ઓક્ટોબરે ત્રીજા નોરતે માં ચંદ્રઘંટાની પુજા કરવી. નૈવેદ્યમાં દુધ અથવા દૂધમાંથી બનેલી મીઠાઇ ધરવી. ૧૪ ઓક્ટોબરે ચોથા નોરતે માં કુષ્માંડાની પુજા કરવી. નૈવેદ્યમાં માલપુઆ ધરવા. ૧૫ ઓક્ટોબરે માં સ્કંદમાતાની પુજા કરી કેળાનો પ્રસાદ ધરવો. ૧૬ ઓક્ટોબરે માં કાત્યાયની પુજા કરવી. મધ અથવા મધયુકત પ્રસાદ કરવો. ૧૭ ઓક્ટોબરે સાતમા નોરતે માં કાલરાત્રિની પુજા કરવી. ગોળ અથવા ગોળમાંથી બનેલી વાનગીઓ ધરવી. ૧૮ ઓક્ટોબરે આઠમા નોરતે માં મહાગૌરીની પૂજા કરવી. નૈવેદ્યમાં નાળીયેર અથવા નાળીયેરની મીઠાઇ ધરાવી જ્યારે ૧૯ ઓક્ટોબરે સોમવારે નવમા નોરતે માં સિધ્ધીદાત્રીની પુજા કરવી. તલ, હલવો, પુરી કે ચણાનો પ્રસાદ ધરવો. નવરાત્રીમાં રાત પડતાની સાથે જ જાણે સુર્યોદય થયો હોય તેવો માહોલ સર્જાશે. બાળાઓ ગરબા રમી માં નવદુર્ગાની આરાધના કરશે. રાજ્ય સરકાર દ્વારા પણ માતાજીના તીર્થધામો ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

આસો શુદ એકમને રવિવાર તા.૧૧ ઓક્ટોબરથી નવરાત્રીનો

(અનુ. આઠમા પાને)



### ૨૫મી ઓક્ટોબરે શરદ પુનમ ઉજવાશે

શરદ પૂર્ણિમા આ વર્ષે આસો સુદ ચૌદશને રવિવારે છે. રવિવારે ચૌદશ તિથિ બપોરે ૧૨:૦૦ કલાક સુધી છે, ત્યાર બાદ પૂનમ બેસે છે. પૂનમનું મહત્ત્વ સાંજનું અને રાત્રિનું હોવાથી, દરેક પંચાંગ પ્રમાણે શરદ પૂનમ તા.૨૫ ઓક્ટોબરને રવિવારે ઉજવવાની રહેશે.

આગામી પર્વો અને તહેવારો પર નજર કરવામાં આવે તો તા.૨૯ ઓક્ટોબરે ગુરૂવાર - કરવાચોથ, તા.૧ નવેમ્બરે, રવિવારે - રવિપુષ્ય અમૃતસિદ્ધિ યોગ, તા.૫ નવેમ્બરે, ગુરુવારે - રમા એકાદશી અને વાઘબારસ, તા.૬ નવેમ્બરે, શુક્રવારે - ધનતેરસ, તા.૭ નવેમ્બરે, શનિવારે - કાળીચૌદશ, તા.૮ નવેમ્બરે, રવિવારે - દિવાળી, તા.૯ નવેમ્બરે, સોમવારે - સોમવતી અમાસ, તા.૧૦ નવેમ્બરને મંગળવારે - બેસતું વર્ષ અને તા.૧૧ નવેમ્બરે બુધવારે ભાઈબીજની ઉજવણી થશે. તેમ વેદાંત રત્ન શાસ્ત્રી રાજદીપ જોશીએ જણાવ્યું છે.

આસો શુદ એકમને તા.૧૧ ઓક્ટોબર રવિવારે આસો મહા નવરાત્રીનો પ્રારંભ થશે. આ દિવસે આખો દિવસ ગરબો ખરીદવો તથા ગરબાની સ્થાપના ઘટ સ્થાપના કરવી શુભ રહેશે.

### ગરબા – ઘટ સ્થાપનાના શુભ મુહુર્ત

**દિવસના શુભ ચોઘડિયા**

- ચલ: ૮.૧૦ થી ૯.૩૮
- લાભ: ૯.૩૮ થી ૧૧.૦૬
- અમૃત: ૧૧.૦૬ થી ૧૨.૩૩
- શુભ: ૨.૦૧ થી ૩.૩૦

બપોરે અભિજીત મુહુર્ત બપોરે ૧૨.૧૦ થી ૧૨.૫૭

**રાત્રીના શુભ ચોઘડિયા**

- શુભ: ૬.૨૪ થી ૭.૫૭
- અમૃત: ૭.૫૭ થી ૯.૨૯

પ્રદોષ કાળનો શુભ સમય.સાંજે ૬.૨૪ થી ૯.૧૮

### ખેલૈયાની સુરક્ષા માટે 'શી ટીમ'થી લઈ સાયબર સેલ એલર્ટ

# નવરાત્રીમાં થ્રી લેયર સુરક્ષા વ્યવસ્થા: રાજયભરમાં ચૂસ્ત પોલીસ બંદોબસ્ત

## રાજ્યના ૩૬૪ પાર્ટી પ્લોટ, ૨,૭૨૭ જાહેર ગરબા અને ૧૬,૫૨૭ શેરી ગરબા સહિત તમામ સ્થળોએ પોલીસ, હોમગાર્ડ અને ટીઆરબી જવાનો તૈનાત રહેશે: ટ્રેડિશનલ ડ્રેસમાં તૈનાત 'શી-ટીમ' દ્વારા છેડતીખોરો સામે સ્થળ પર જ કડક કાનૂની કાર્યવાહી કરાશે

**અબતક, રાજકોટ**

આસ્થા, ઉલ્લાસ અને પરંપરાગત ગરબાના મહાપર્વ નવરાત્રી દરમિયાન રાજ્યભરમાં શાંતિપૂર્ણ અને સુરક્ષિત વાતાવરણ જળવાઈ રહે તે માટે ગુજરાત પોલીસે ચુસ્ત બંદોબસ્ત પ્લાન તૈયાર કર્યો છે. રાજ્યના નાગરિકો નિર્ભય બનીને ગરબે ઘૂમી શકે તે હેતુથી નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યમાં થ્રી લેયર સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

રાજ્યના સંવેદનશીલ મહાનગરોથી માંડીને ગ્રામીણ વિસ્તારો સુધી નોંધાયેલા કુલ ૨૨ હજારથી વધુ ગરબા મહોત્સવોમાં લાખો ખેલૈયાઓ ગરબે ઘૂમશે. તેને ધ્યાને રાખીને રાજ્ય પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકે તમામ જિલ્લા પોલીસ વડાઓ તેમજ પોલીસ કમિશનરને એલર્ટ રહીને પેટ્રોલિંગ વધારવા સ્પષ્ટ આદેશો આપ્યા છે.

ગરબા પંડાલોમાં મહિલાઓ અને યુવતીઓની સુરક્ષા પોલીસની પ્રાથમિકતા છે. ભીડભાડવાળા માર્ગો, શોપિંગ ઝોન અને પાર્ટી પ્લોટ્સમાં સાદા કપડાં તેમજ યુનિફોર્મમાં તૈનાત મહિલા પોલીસ ઉપરાંત ટ્રેડિશનલ ડ્રેસમાં ગરબા ગ્રાઉન્ડમાં સજ્જ મહિલા પોલીસકર્મીઓની 'શી-ટીમ' સતત વોચ રાખશે. ખેલૈયાઓના વેશમાં આવીને છેડતી, અસભ્ય વર્તન કે હેરાનગતિ કરવાનો પ્રયાસ કરનારા તત્વો સામે સ્થળ પર જ કડક કાનૂની સકંજો કસવામાં આવશે. તહેવારો દરમિયાન ડિજિટલ માધ્યમો દ્વારા સામાજિક સૌહાર્દ ડહોળવાના કોઈપણ પ્રયાસને ડામી દેવા માટે સાયબર ક્રાઈમ પોલીસ સંપૂર્ણ સજ્જ છે. દેવી-દેવતાઓ વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી, બિભત્સ સામગ્રી કે ધાર્મિક લાગણી દુભાવતા વિડીયો-ઓડિયો વાયરલ કરનારા અસામાજિક તત્વો પર આધુનિક ટૂલ્સ દ્વારા ૨૪ કલાક મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. કોઈપણ પ્રકારની અફવા ફેલાવનાર સામે આઈ.ટી. એક્ટની કડક કલમો હેઠળ તાત્કાલિક એફઆઈઆર નોંધી ધરપકડ કરવામાં આવશે.

તમામ ગરબા આયોજકો માટે સ્પષ્ટ સુરક્ષા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. જે મુજબ પ્રવેશ અને નિકાસ માટે અલગ ગેટ, સમગ્ર પરિસરમાં હાઈ-ડેફિનેશન સીસીટીવી કેમેરા, ડોરફ્રેમ મેટલ ડિટેક્ટર, હેન્ડ હેલ્ડ મેટલ ડિટેક્ટર અને બ્રેથ એનાલાઈઝરની વ્યવસ્થા ફરજિયાત રહેશે.

ગુજરાત પોલીસે નાગરિકોને કોઈપણ શંકાસ્પદ હિલચાલ કે કટોકટીના સમયે તાત્કાલિક સ્થાનિક પોલીસ કંટ્રોલ રૂમ અથવા ઈમરજન્સી હેલ્પલાઈન નંબર ૧૧૨ પર સંપર્ક કરવા અપીલ કરી છે.

# ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીનું કાલે મતદાન

## ઓખા નગરપાલિકાની પણ ચૂંટણી: સવારે ૭ થી સાંજના ૬ વાગ્યા સુધી મતદાન કરી શકાશે

**અબતક, રાજકોટ**

ગાંધીનગર મહાનગરપાલિકાના ૧૧ વોર્ડની ૪૪ બેઠકો માટે આવતી કાલે મતદાન યોજાશે. સવારે ૭ વાગ્યાથી લઈ સાંજના ૬ વાગ્યા સુધી મતદાન ચાલશે.

ગાંધીનગર મહાનગરપાલિકા સહિત વિવિધ નગરપાલિકાઓ, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની બેઠકોનો સમાવેશ થાય છે.ગાંધીનગર મહાનગરપાલિકાની ૧૧ વોર્ડની કુલ ૪૪ બેઠકો માટે ચૂંટણી યોજાશે. આ ઉપરાંત ઓખા, ધરમપુર, મેસાણા, છોટાઉદેપુર અને બાયડ નગરપાલિકાઓની વિવિધ બેઠકો તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતની ૩-ભાણવડ બેઠક અને રાજકોટ જિલ્લાના પડધરી તાલુકા પંચાયતની પેટાચૂંટણી માટે પણ મતદાન યોજાશે.

મતદાનનો સમય સવારે ૭:૦૦ કલાકથી સાંજે ૬:૦૦ કલાક સુધીનો રહેશે. મતદારોને પોતાનું મતદાન મથક અગાઉથી જાણી લેવા અને મતદાન માટે જરૂરી ઓળખપત્ર સાથે સમયસર મતદાન મથકે પહોંચવા આયોગ દ્વારા અપીલ કરવામાં આવી છે.

મતદાન માટે મતદારે મતદાર ફોટો ઓળખપત્ર રજૂ કરવાનું રહેશે. જો મતદાર પાસે ફોટો ઓળખકાર્ડ ઉપલબ્ધ ન હોય, તો રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા માન્ય વૈકલ્પિક ઓળખપત્ર રજૂ કરીને મતદાન કરી શકાશે.

ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ, મુક્ત અને ન્યાયી વાતાવરણમાં સંપન્ન થાય તે માટે ચૂંટણી તંત્ર દ્વારા જરૂરી વ્યવસ્થાઓ કરવામાં આવી છે. સંવેદનશીલ અને અતિસંવેદનશીલ મતદાન મથકો પર કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે પોલીસ બંદોબસ્ત સહિતની વ્યવસ્થાઓ કરવામાં આવશે.


**ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ**



**સ્વ. શ્રી વિરજીભાઈ કેશવભાઈ ઠુંમર**

પૂર્વ સાંસદશ્રી • પૂર્વ ધારાસભ્યશ્રી • ડિરેક્ટરશ્રી, ખેતી બેંક

ખેડૂત હિતો અને સહકારી ક્ષેત્રને જીવન સમર્પિત કરનાર
સ્વ. શ્રી વિરજીભાઈ કેશવભાઈ ઠુંમર ૩૧ વર્ષથી ખેતી બેંક સાથે અંતિમ ક્ષણ સુધી અતૂટ રીતે જોડાયેલા રહ્યા. તેમની વિદાયથી સર્જાયેલી ખોટ ક્યારેય નહીં પુરાય.
પરંતુ તેમની સેવા અને સંસ્મરણો સદાય આપણી સાથે રહેશે. પરમાત્મા તેમના દિવંગત આત્માને ચીર શાંતિ અર્પે. તેમની પવિત્ર સ્મૃતિને શત્ શત્ નમન

**ખેતી બેંક બોર્ડ ઓફ ડીરેક્ટર્સ**

| | |
|---|---|
| શ્રી ડોલર કોટેચા (ચેરમેન) | શ્રી જીવણભાઈ આહીર(વાઈસ ચેરમેન),વલસાડ |
| શ્રી જેઠાભાઈ ભરવાડ (MLA),પંચમહાલ | શ્રી અનિરુદ્ધભાઈ દવે (MLA), કચ્છ |
| શ્રી જસાભાઈ બારડ(પૂર્વ મંત્રીશ્રી),સુત્રાપાડા | શ્રી ગોવાભાઈ દેસાઈ (Ex.MLA), બનાસકાંઠા |
| શ્રી બ્રિજરાજસિંહ જાડેજા (Ex.MLA), જામનગર | શ્રી મંગળસિંહ પરમાર, સુરેન્દ્રનગર |
| શ્રી કાનભા ગોહિલ, અમદાવાદ | શ્રી કિશોરસિંહ ગોહિલ, ભાવનગર |
| શ્રી ફલજીભાઈ પટેલ, સાબરકાંઠા | શ્રી હરદેવસિંહ જાડેજા, રાજકોટ |
| શ્રી ગણપતસિંહ સોલંકી, વડોદરા | શ્રી સુરેશભાઈ પટેલ, ભરૂચ |
| શ્રી નટવરસિંહ મહિડા, ખેડા | શ્રી રામજીભાઈ ચૌધરી, મહેસાણા |
| શ્રી જીજ્ઞેશકુમાર ઠાકોર, સુરત | |

બી. એમ. રાયચડા, જનરલ મેનેજર — ખેતી બેંક કર્મચારી પરિવાર — કે. બી. પટેલ, ચીફ જનરલ મેનેજર



